અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


તારીખ : ૧૯ ડિસેમ્બર ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર વદ ૪ | અંક : ૧૬૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ‘બાઇડેન સરકારના નિર્ણયને બદલવાની દિશામાં વિચારી શકું’: ચૂંટાયેલા અમેરિકી પ્રમુખ

# રશિયા સામે યુક્રેનને શસ્ત્રો આપવાનો નિર્ણય બાઇડેનની મૂર્ખામી : ટ્રમ્પ

## અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે બાઇડેન દ્વારા રશિયા પર હુમલો કરવા યુક્રેનને અમેરિકાની લાંબી રેન્જની મિસાઇલ્સ આપવાના નિર્ણયને બદલવાનો સંકેત આપ્યો છે



### રશિયાના ન્યૂક્લિયર ફોર્સિસના વડાનું બોમ્બ બ્લાસ્ટમાં મોત

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લાં અઢી વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા યુદ્ધ વચ્ચે મંગળવારે રશિયાના ન્યૂક્લિયર ફોર્સિસના ચીફ ઈગોર કિરિલોવનું એક બોમ્બ બ્લાસ્ટમાં મોત નિપજ્યું હતું. મીડિયા રિપોર્ટ અનુસાર કિરિલોવની હત્યા યુક્રેન કરાવી હતી. રશિયા-યુક્રેન યુદ્ધમાં અત્યાર સુધીમાં હજારો લોકોએ જીવ ગુમાવ્યાં છે. કિરિલોવ પોતાના એપાર્ટમેન્ટમાંથી બહાર નીકળી રહ્યાં હતાં ત્યારે નજીકમાં પાર્ક કરેલા એક સ્કૂટરમાં થયેલાં પ્રચંડ વિસ્ફોટમાં તેમનું અને તેમના મદદનીશનું મોત નિપજ્યું હતું. યુક્રેનિયન મીડિયા અનુસાર રશિયન ન્યૂક્લિયર ફોર્સિસના ચીફની હત્યા યુક્રેનની સિક્યોરિટી સર્વિસ (એસબીયુ)એ કરાવી છે.આ વિસ્ફોટ મોસ્કોના રાષ્ટ્રપતિ ભવન ક્રેમલિનથી માત્ર સાત કિલોમીટરના અંતરે થયો હતો.

। (એજન્સી) પામ બીચ, તા.૧૮ ।

અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે બાઈડેન દ્વારા રશિયા પર હુમલો કરવા યુક્રેનને અમેરિકાની લાંબી રેન્જની મિસાઈલ્સ આપવાના નિર્ણયને બદલવાનો સંકેત આપ્યો છે. તેમણે સોમવારે બાઈડેનના પગલાને મૂર્ખામીભર્યું ગણાવ્યું હતું. તેમણે એ બાબતે રોષ વ્યક્ત કર્યો હતો કે, બાઈડેને નિર્ણય લેતા પહેલાં નવી સરકારના સભ્યો સાથે તેની ચર્ચા કરી ન હતી.ટ્રમ્પે જણાવ્યું હતું કે, “બાઈડેને યુક્રેનને રશિયાના હજારો માઈલ દૂરના સ્થળો પર હુમલો કરવા અમેરિકાની ‘આર્મી ટેક્ટિકલ મિસાઈલ સિસ્ટમ’ આપી હતી. તેની મંજૂરી આપવી જોઈતી ન હતી. ખાસ કરીને ત્યારે જ્યારે થોડા દિવસોમાં મારી સરકાર રચાવાની છે. મને પૂછવામાં આવ્યું હોત તો મેં આવું કરવાની મંજૂરી ન આપી હોત. મારા મતે આ મોટી ભૂલ હતી.” ટ્રમ્પે તેના માર-આ-લાગો રિસોર્ટ ખાતેની ન્યૂઝ કોન્ફરન્સમાં વિસ્તારપૂર્વક વાતચીત કરી હતી. તેમને પ્રશ્ન પુછાયો હતો કે, “તમે બાઈડેન સરકારના આ નિર્ણયને પલટવાનું વિચારશો?” તેના જવાબમાં ટ્રમ્પે કહ્યું હતું કે, “હા, હું વિચારી શકું.” ઉલ્લેખનીય છે ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રેસિડેન્ટ તરીકે ૨૦ જાન્યુઆરીએ શપથ લેવાના છે ત્યારે બાઈડેન સરકાર એ પહેલાં યુક્રેનને રશિયા સામે યુદ્ધ માટે શક્ય તમામ સહાય આપવાના જોરશોરથી પ્રયાસ કરી રહી છે. જોકે, ટ્રમ્પના નિવેદનને પગલે યુક્રેનને થોડા સમય પહેલાં અપાયેલી લાંબી રેન્જની મિસાઈલ્સના નિર્ણય પર પ્રશ્નાર્થ ઊભો થયો છે. ટ્રમ્પ પ્રેસિડેન્ટ બન્યા ત્યારથી યુક્રેન-રશિયા યુદ્ધનો ઝડપથી અંત લાવવાની ઈચ્છા વ્યક્ત કરી ચૂક્યા છે. વ્હાઈટ હાઉસના રાષ્ટ્રીય સુરક્ષા પ્રવક્તા જ્હોન કિર્બીએ બાઈડેન સરકાર અને નવી રચાનારી ટ્રમ્પ સરકાર વચ્ચેના સંકલન અંગે જણાવ્યું હતું કે, “અમે તેમની સાથે ચૂંટણી પછી વિવિધ સ્તરે ચર્ચા કરી છે. અમે તેમને યુક્રેનને શસ્ત્રો આપવાના તર્કની પણ સમજણ આપી છે.”

### શંભુ બોર્ડર કેસમાં આજે સુપ્રીમ કોર્ટે મોટું નિવેદન

## ખેડૂતો માટે અમારા દરવાજા હંમેશા ખુલ્લા છે : સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

શંભુ બોર્ડર કેસમાં આજે સુપ્રીમ કોર્ટે મોટું નિવેદન આપ્યું છે. કિસાન આંદોલન મામલે સુપ્રીમ કોર્ટે આજે સુનાવણી દરમિયાન કહ્યું કે, ખેડૂતો માટે અમારા દરવાજા હંમેશા ખુલ્લા છે. પંજાબ અને હરિયાણા વચ્ચે શંભુ બોર્ડર પર ખેડૂતોના વિરોધ પ્રદર્શન સાથે જોડાયેલા મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન ખેડૂતોએ કોર્ટ દ્વારા રચાયેલી સમિતિ સાથે વાત કરવાનો ઈનકાર કરી દીધો છે. બુધવારે જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ ઉજ્જલ ભુઈયાની બેંચમાં આ મામલે સુનાવણી થઈ હતી. ગત તારીખે કોર્ટે ઉચ્ચ-સત્તાવાળી સમિતિને ખેડૂતોને વિરોધને અસ્થાયી રૂપે સ્થાનાંતરિત કરવા અથવા સ્થગિત કરવા માટે સમજાવવા માટે કહ્યું હતું. સુનાવણી દરમિયાન જસ્ટિસ સૂર્યકાંતે પૂછ્યું કે, અમારા આદેશ બાદ શું થયું? તો જવાબમાં પંજાબના એજી ગુરમિન્દર સિંહે કહ્યું કે, ‘તમારા આદેશ બાદ ડલ્લેવાલ (આમરણ ઉપવાસ પર બેઠેલા ખેડૂત નેતા) સાથે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી, પરંતુ તેઓ તબીબી તપાસનો ઈનકાર કરી રહ્યા છે. તેમના શરીરના તમામ અંગો બરાબર છે.’ જસ્ટિસ કાંતે કહ્યું કે. ‘સરકાર સાથે મતભેદ હોઈ શકે છે, પરંતુ આંદોલન કરવા તેમણે માટે સ્વસ્થ રહેવું પડશે. એક ચૂંટાયેલી સરકાર અને બંધારણીય અંગ તરીકે તમે એ દોષ આપવા ન માગશો કે તેમની સાથે કંઈક થયું છે.’

## ન્યૂઝ બ્રિફ

### અરબ સાગરમાં પેસેન્જરથી ભરેલી હોડી ડૂબી, ૧૩ મોત

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

દેશની આર્થિક રાજધાની મુંબઈના ગેટવે ઓફ ઈંડિયા નજીક દરિયામાં યાત્રીઓથી ભરેલી એક હોડી પલટી ગઈ. આ ઘટનામાં હોડીમાં સવાર તમામ યાત્રીઓ ડૂબી ગયા. જાણકારી મળતા જ રાહત ટીમ બીજી હોડી લઈને પહોંચી ગઈ અને રાહત કાર્ય શરુ કરી દીધું. પોલીસના જણાવ્યા અનુસાર, હાલમાં લોકોને બચાવાની કોશિશ ચાલી રહી છે. દુર્ઘટના બાદ તાત્કાલિક અમુક લોકોને બચાવી લેવામાં આવ્યા છે. તો વળી ૧૩ વ્યક્તિના મોતની હાલમાં સૂચના મળી રહી છે. મુંબઈ પોલીસના જણાવ્યા અનુસાર, આ હોડી ગેટવે ઓફ ઈંડિયાથી એલીફેંટા તરફ જઈ રહી હતી. શરુઆતી રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે, હોડીમાં ૧૦૦ થી વધુ યાત્રીઓ બેઠા હતા. ઘટનાસ્થળ પર રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે અને ૧૦૮ એમ્બ્યુલન્સ અને મરીન પોલીસ ઘટનાસ્થળ પર છે.

### બિકાનેર ફાયરિંગ રેન્જમાં બોમ્બ વસ્ફોટ, બે ના મૃત્યુ

।(એજન્સી) બિકાનેર, તા.૧૮।

રાજસ્થાનના બિકાનેરમાં મહાજન ફાયરિંગ રેન્જમાં આજે બુધવારે એક મોટી દુર્ઘટના થઈ છે. જિલ્લાના મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જમાં તોપના અભ્યાસ દરમિયાન બોમ્બ વિસ્ફોટ થયો હતો, જેમાં બે સૈનિકોના મૃત્યુ થયા હતા અને એક સૈનિક ઘાયલ થયો હતો. મળતી માહિતી મુજબ, આ દુર્ઘટના મહાજન ફિલ્ડ રેન્જના નોર્થ કેમ્પમાં આવેલા ચાર્લી સેન્ટરમાં થઈ હતી. અકસ્માતમાં ઘાયલ થયેલા જવાનને સુરતગઢની સૈનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ ઘાયલ જવાનની સારવાર ચાલી રહી છે, અને તેની હાલત સ્થિર હોવાનું કહેવાય છે. ઉલ્લેખનીય છે કે, ઘટના બાદ અધિકારીઓએ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને પ્રાથમિક તપાસ શરૂ કરી હતી.

### ત્રણ ટેસ્ટ મેચ બાદ હવે સિરીઝ ૧-૧ની બરાબરી પર

## પાંચમા દિવસ ભારે વરસાદ ચાલુ થતાં ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચેની ટેસ્ટ ડ્રો

। (એજન્સી) બ્રિસ્બેન, તા.૧૮ ।



ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર ગાવસ્કર ટ્રોફી રમાઈ રહી છે. જેની પહેલી મેચ ભારતે જીતી અને બીજી મેચમાં ઓસ્ટ્રેલિયાએ વાપસી કરતા જીતી લેતા સિરીઝ ૧-૧ની બરાબર પર કરી. ત્રીજી ટેસ્ટ મેચ રોમાંચક બની અને આજે પાંચમા દિવસે ભારતે જીતવા માટે ૨૭૫ રન કરવાના હતા. પરંતુ વરસાદ વિલન બન્યો અને ભારતના વિના વિકેટે ૮ રનનો સ્કોર હતો ત્યારે જ રમત અટકાવી દેવાઈ અને ત્યારબાદ ડ્રોમાં પરિણમી. આમ ત્રણ ટેસ્ટ મેચ બાદ હવે સિરીઝ ૧-૧ની બરાબરી પર છે. ભારતનો બીજો દાવ ચાલુ હતો ત્યારે મેચ પહેલા વરસાદના કારણે રોકવામાં આવી. ત્યારબાદ આ મેચને બંને કેપ્ટનોની મંજૂરી મળ્યા બાદ ડ્રો કરવાનો નિર્ણય લેવાયો. જ્યારે મેચ રોકવામાં આવી ત્યારે જયસ્વાલ ૪ રન અને રાહુલ ૪ રન સાથે રમતમાં હતા. ભારતીય ટીમે વિકેટ ગુમાવ્યા વગર ૮ રન કર્યા હતા. આ અગાઉ ઓસ્ટ્રેલિયાએ પોતાની બીજી ઈનિંગ ૭ વિકેટ ગુમાવીને ૮૯ રન કરી દાવ ડિક્લેર કર્યો. આમ અગાઉની લીડ સાથે ભારતને ૨૭૫ રનનો ટાર્ગેટ જીતવા માટે મળ્યો હતો. જે તેણે ૫૪ ઓવર્સ (મિનિમમ)માં પૂરો કરવાનો હતો. ભારતીય ટીમ પહેલી ઈનિંગમાં ૨૬૦ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયાએ પોતાની પહેલી ઈનિંગમાં ૪૪૫ રન કર્યા હતા. આ અગાઉ ભારતીય ટીમ પહેલી ઈનિંગમાં માત્ર ૨૬૦ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. આમ ઓસ્ટ્રેલિયાને પહેલી ઈનિંગના આધારે ૧૮૫ રનની લીડ મળી હતી. આ મેચમાં ભારતીય ટોપ ઓર્ડર સાવ નિષ્ફળ રહ્યો. એક પછી એક બેટ્સમેન પેવેલિયન ભેગા થતા જોવા મળ્યા. ભારત તરફથી કે એલ રાહુલ ૮૪ રન અને રવિન્દ્ર જાડેજા ૭૭ રનથી શાન જાળવી શક્યા. ઓસ્ટ્રેલિયા તરફથી કેપ્ટન પેટ કમિન્સે ભારતની પહેલી ઈનિંગમાં સૌથી વધુ ૪ વિકેટ લીધી. સ્ટાર્કને ૩, જોશ હેઝલવુડ, નાથન લાયન અને ટ્રેવિસ હેડને ૧-૧ વિકેટ મળી હતી. છેલ્લે છેલ્લે ભારતીય ટીમના આકાશ દીપ અને જસપ્રીત બુમરાહે ફોલોઓન ટાળવામાં મદદ કરી હતી. બંનેએ મળીને દસમી વિકેટ માટે ૪૭ રન કર્યા અને ૨૪૬ રનનો ફોલોઓનનો આંકડો પાર કરાવી દીધો. મ્ સિરીઝની પહેલી મેચ પર્થમાં રમાઈ હતી જેમાં ભારતે ૨૯૫ રનથી જીત મેળવી હતી. જ્યારે ત્યારબાદ એડિલેડમાં રમાયેલી બીજી મેચમાં ઓસ્ટ્રેલિયાએ ૧૦ વિકેટથી જીત મેળવી હતી.

### ગાબા ટેસ્ટ બાદ લીધો નિર્ણય

## રવિચંદ્રન અશ્વિનની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસની જાહેરાત

### ૩૮ વર્ષીય અશ્વિન ભારત તરફથી સૌથી વધુ વિકેટ લેનારો બોલર છે : તેના નામે કુલ ૫૩૭ ટેસ્ટ વિકેટ છે




। (એજન્સી) બ્રિસ્બેન, તા.૧૮ ।

ભારતીય ટીમના સ્ટાર ક્રિકેટર રવિચંદ્રન અશ્વિને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી છે. ગાબા ટેસ્ટ ડ્રૉ થયા બાદ રવિચંદ્રન અશ્વિને આની જાહેરાત કરી હતી. પાંચમા દિવસે મેચ બંધ થઈ ત્યારે ટીમ ઈન્ડિયાના સભ્યો ડ્રેસિંગ રૂમમાં હાજર હતા, આ દરમિયાન રવિચંદ્રન અશ્વિને વિરાટ કોહલીને ગળે લગાવ્યો હતો. આ પછી સોશિયલ મીડિયા પર એવી ચર્ચાઓ શરૂ થઈ કે અશ્વિન ટૂંક સમયમાં ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરશે. મેચમાં બ્રેક દરમિયાન અશ્વિને ટીમ ઈન્ડિયાના મુખ્ય કૉચ ગૌતમ ગંભીર સાથે પણ વાત કરી હતી. આના થોડા સમય બાદ તેઓ પ્રેસ કૉન્ફરન્સમાં આવ્યો અને નિવૃત્તિની જાહેરાત કરી દીધી હતી. ૩૮ વર્ષીય અશ્વિન ભારત તરફથી સૌથી વધુ વિકેટ લેનારો બૉલર છે. તેના નામે કુલ ૫૩૭ ટેસ્ટ વિકેટ છે. ટેસ્ટ ક્રિકેટમાં તેને ભારત માટે ૩૭ વખત એક ઈનિંગમાં સૌથી વધુ ૫ વિકેટ લીધી હતી. વળી, તેણે સૌથી વધુ સંખ્યામાં પ્લેયર ઓફ ધ સીરીઝ એવોર્ડ્સ (૧૧ વખત) જીત્યા છે, જે મુરલીધરનની બરાબર છે. સ્પિનર તરીકે તેનો બૉલિંગ સ્ટ્રાઈક રેટ ૫૦.૭ (૨૦૦ વિકેટ) છે, જે સૌથી વધુ છે. ટેસ્ટમાં રવિચંદ્રન અશ્વિનનો બૉલિંગ રેકોર્ડ ઘણો શાનદાર રહ્યો હતો. તમિલનાડુના આ સ્પિનરે નવેમ્બર ૨૦૧૧માં વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ દિલ્હીમાં ટેસ્ટ ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો અને ત્યારથી તે સતત ટેસ્ટ ટીમમાં રહ્યો છે.

### વિપક્ષના આરોપ પર અમિત શાહે આપ્યો જવાબ

## હું સપનામાં પણ આંબેડકરજીનું અપમાન ન કરી શકું : ગૃહમંત્રી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

બાબાસાહેબ ભીમરાવ આંબેડકર પર આપેલા નિવેદનને લઈને ચારેય બાજુથી ઘેરાયેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બુધવારે પ્રેસ કોન્ફરન્સ કરીને પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. તેમણે કહ્યું કે, કોંગ્રેસે તથ્યોને તોડી મરોડીને રજૂ કર્યા છે. ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, કોંગ્રેસે હંમેશા આંબેડકરને હાંસિયામાં રાખ્યા છે. કોંગ્રેસે તેના નેતાઓને ભારત રત્ન આપ્યું પરંતુ બાબાસાહેબ આંબેડકરને ભારત રત્ન આપ્યું નહીં. હવે કોંગ્રેસ મારા નિવેદનને AI દ્વારા એડિટ કરીને જનતા સામે રજૂ રહી છે. અમિત શાહે કહ્યું કે, ગયા અઠવાડિયે લોકસભા અને રાજ્યસભામાં બંધારણના સ્વીકાર કરવાના ૭૫ વર્ષ પૂરા થવાના અવસરે સંસદમાં બંધારણના નિર્માણ, બંધારણના ઘડવૈયાઓના યોગદાન પર અને બંધારણમાં પ્રસ્તાવિત આદર્શો પર એક ગૌરવપૂર્ણ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચર્ચામાં ૭૫ વર્ષની દેશની ગૌરવ યાત્રા, વિકાસ યાત્રા અને ઉપલબ્ધિઓની પણ ચર્ચા થવાની હતી.

### ટ્વીટ કરી કોંગ્રેસને આડેહાથ લીધી

## ડો. આંબેડકરના મુદ્દે અમિત શાહના બચાવમાં ઉતર્યા વડાપ્રધાન મોદી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

એક તરફ જ્યાં વિપક્ષી પાર્ટીઓ બાબા સાહેબ આંબેડકરના મુદ્દે સંસદમાં સરકારને ઘેરવાનો પ્રયાસ કરી રહી છે, ત્યારે પીએમ મોદીએ કોંગ્રેસ પર જોરદાર પ્રહાર કરતા કહ્યું કે કોંગ્રેસ પોતાના પાપને વધુ સમય સુધી છુપાવી શકતી નથી. તેમણે કહ્યું કે કોંગ્રેસે ડૉ.આંબેડકરના વારસાને ભૂંસવા માટે ગંદી યુક્તિઓ રમી હતી. વડાપ્રધાને સોશિયલ મીડિયા X પર એક પછી એક અનેક પોસ્ટ કરી અને કોંગ્રેસ પર જોરદાર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે કોંગ્રેસ ગમે તેટલી કોશિશ કરે, તેઓ એ વાતનો ઈંકાર કરી શકતા નથી કે તેમના શાસનમાં SC/ST સમુદાયો વિરુદ્ધ સૌથી ખરાબ હત્યાકાંડો થયા છે. તેઓ વર્ષો સુધી સત્તામાં રહ્યા, પરંતુ SC અને ST સમુદાયોને સશક્ત કરવા માટે કશું નક્કર કર્યુ નહીં. પીએમ મોદીએ પોસ્ટમાં લખ્યું, ‘ડો. આંબેડકર વિરુદ્ધ કોંગ્રેસના પાપોની સંપૂર્ણ યાદી છે. કોંગ્રેસે તેમને એક નહીં પરંતુ બે વખત ચૂંટણીમાં હરાવ્યા હતા. પંડિત નેહરુએ તેમની સામે પ્રચાર કર્યો અને તેમની હારને પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવી દીધો હતો.


### SBPP કો-ઓપરેટિવ બેન્કને રૂ. ૧૫ લાખની પેનલ્ટી

## આરબીઆઈએ ગુજરાતની ત્રણ સહકારી બેન્કોને પેનલ્ટી ફટકારી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ ગુજરાતની ત્રણ સહકારી બેન્કોને માર્ગદર્શિકાઓનું પાલન ન કરવા બદલ પેનલ્ટી ફટકારી છે. જેમાં આણંદની બે કો-ઓપરેટિવ બેન્કોને રૂ. ૧-૧ લાખ અને વલસાડની એક કો-ઓપરેટિવ બેન્કને રૂ. ૧૫ લાખની પેનલ્ટી ફટકારી છે. આ પેનલ્ટી આરબીઆઈની માર્ગદર્શિકાઓનું પાલન ન કરવા બદલ થઈ હોવાથી ખાતેદારો પર તેની કોઈ ખાસ અસર થશે નહીં. SBPP કો-ઓપરેટિવ બેંક લિમિટેડને રૂ. ૧૫ લાખની પેનલ્ટી થઈ છે. એસબીપીપીને આ પેનલ્ટી આરબીઆઈની માર્ગદર્શિકાઓના અનુપાલનમાં ખામી બદલ ફટકારાઈ છે. તે ઈનકમ રિકોગ્નિશન, એસેટ ક્લાસિફિકેશન, અને અન્ય સંબંધિત મામલામાં નિયમોનું પાલન કરી શકી ન હતી. વધુમાં અમુક દેવાદારોના લોન ખાતાને એનપીએ તરીકે વર્ગીકૃત કરવામાં નિષ્ફળ રહી હતી. ભાદરણ પીપલ્સ કો-ઓપરેટિવ બેન્કને રૂ. ૧ લાખની પેનલ્ટી કરવામાં આવી છે. જેની પાછળનું કારણ ડિપોઝિટ પર વ્યાજના દર અને કેવાયસી મુદ્દે આરબીઆઈ દ્વારા જારી માર્ગદર્શિકાઓનું પાલન ન કરવા બદલ છે. બેન્કે ચાલુ ખાતા સિવાય અન્ય ખાતામાં પણ વ્યાજ મુક્ત ડિપોઝિટ સ્વીકારી હતી. તેમજ ખાતેદારોના કેવાયસીના રેકોર્ડ અપલોડ કરવામાં નિષ્ફળ રહી હતી.

## સંસદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા શરદ પવાર



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

NCP-SCPના વડા શરદ પવાર આજે બુધવારે સંસદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. આ દરમિયાન શરદ પવારે પીએમ મોદી સાથે ખેડૂતોના મુદ્દા પર ચર્ચા કરી. આ બેઠક બાદ પવારે કહ્યું કે, દાડમના ખેડૂતોને લઈને તેમણે પીએમ મોદી સાથે વાત કરી છે. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ, શરદ પવારની સાથે સતારાના બે ખેડૂતોએ વડાપ્રધાન મોદીને દાડમની ભેટ આપી છે.

### વિદ્યાર્થિનીને છેલ્લા ૮ મહિનામાં લગભગ ૧૫ વખત ઉંદરો કરડ્યા છે

## તેલંગણામાં ઉંદરો કરડતા ૧૦માં ધોરણનો વિદ્યાર્થી લકવાગ્રસ્ત

। (એજન્સી) તેલંગાણા, તા.૧૮ ।

તેલંગાણાના ખમ્મમ જિલ્લામાં ધોરણ ૧૦ની વિદ્યાર્થીની હોસ્ટેલની બેદરકારીનો ભોગ બની રહી છે. રઘુનાધપાલેમ મંડળની સરકારી બીસી ગર્લ્સ હોસ્ટેલમાં રહેતી ૧૦મા ધોરણની વિદ્યાર્થિનીને છેલ્લા ૮ મહિનામાં લગભગ ૧૫ વખત ઉંદરો કરડ્યા છે. વારંવાર ઉંદર કરડવાના કારણે વિદ્યાર્થિનીના જમણા હાથ અને પગમાં લકવો થઈ ગયો છે.ખમ્મમ જિલ્લાની ૧૦ ધોરણની વિદ્યાર્થિની સમુદ્ર લક્ષ્મી ભવાની કીર્તિ ખમ્મમના રઘુનાધપાલેમ મંડલની સરકારી મ્ઝ કન્યા છાત્રાલયમાં રહે છે. આ વર્ષે માર્ચથી નવેમ્બર સુધીમાં વિદ્યાર્થીને લગભગ ૧૦ થી ૧૫ વખત ઉંદરોએ ડંખ માર્યો હતો. રવિવારે રાત્રે પણ વિદ્યાર્થીનીને ઉંદર કરડ્યો હતો જેના કારણે તેની તબિયત લથડી હતી. વાસ્તવમાં, વિદ્યાર્થી કીર્તિને થોડા દિવસો પહેલા હોસ્ટેલમાં જ ઉંદર કરડ્યા બાદ હોસ્ટેલમાં જ હડકવાની રસી આપવામાં આવી હતી. ગયા રવિવારે કીર્તિને ફરીથી ઉંદર કરડ્યો હતો અને હોસ્ટેલના લોકોએ ફરીથી તેને હડકવા સામે રસી આપી હતી. કહેવામાં આવી રહ્યું છે કે દરેક ઉંદરના ડંખ પછી વિદ્યાર્થીને હડકવાની રસી આપવામાં આવી હતી, જેના કારણે તે લકવાગ્રસ્ત થઈ ગઈ હતી. હોસ્ટેલ સ્ટાફે વિદ્યાર્થીની માતાને જાણ કરી હતી.

**ન્યૂઝ બ્રિફ**

## ગુજરાતની ૧૩ નદીઓનું પાણી પીવાલાયક નહીં

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

શુદ્ધ પાણી હવે એક માત્ર કલ્પના બની ગઈ છે. માનવ વસ્તી વધતી ગઈ તેમ તેમ કુદરતી સંસાધનોનો ઉપયોગ વધતો ગયો. પીવાના પાણી માટે લોકો નદીના પાણીનો ભરપૂર વપરાશ કરે છે. પરંતુ ઔદ્યોગિક વિકાસની દોડમાં નદીનો સમયાંતરે બેફામ ઉપયોગ થવા લાગ્યો. આજે પરિસ્થિતિ એવી બની ગઈ છે કે ઔદ્યોગિક એકમો સ્થાપવાની દોડમાં કુદરતી સંસાધનોને ભારે નુકસાન થવા લાગ્યું છે. છેલ્લા અનેક દાયકાઓથી રાજ્ય અને કેન્દ્ર સરકારે અબજો રૂપિયા ખર્ચ્યા છે. વર્ષોથી પ્રદૂષિત નદીઓની સફાઈ કરવાના દાવા કરવામાં આવ્યા છે, કેટલાય પ્રોજેક્ટ્સ, યોજનાઓ શરૂ કરવામાં આવી છે. પરંતુ આજ દિન સુધી નદી ચોખ્ખી થઈ નથી. ગુજરાતમાં ૧૩ નદીઓમાં ભારે પ્રદૂષણ જોવા મળ્યું છે. આંકડા મુજબ, સૌથી વધુ પ્રદૂષણ ફેલાવતા ૨૩ ઔદ્યોગિક એકમો એકલા ગુજરાતમાં છે. વધુમાં, ૩ એકમો તો પર્યાવરણના એક પણ નિયમોનું પાલન કરતા નથી. તંત્ર માત્ર એકમોને નોટિસ પાઠવતી જોવા મળી છે, પરંતુ સખ્ત કાર્યવાહી કરવામાં હજુ ઘણી પાછળ છે તેમ જણાઈ રહ્યું છે. કેન્દ્રીય પ્રદૂષણ બોર્ડ દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસમાં ૨૭૯ નદીઓના ૩૧૧ જેટલા ભાગોમાં પ્રદૂષણ એટલું બધુ જોવા મળ્યું છે કે અહીં કોઈ નદી વહે છે કે કેમ તે એક મોટો પ્રશ્ન ઊભો થયો છે.

## અમદાવાદ એરપોર્ટ પર ડ્રગ્સની દાણચોરીનો મોટો પર્દાફાશ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ અને ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ દ્વારા સંયુક્ત ઓપરેશનમાં ડ્રગ્સની દાણચોરીનો મોટો પર્દાફાશ થયો છે. અધિકારીઓએ બેંગકોકથી આવેલા એક ભારતીય નાગરિક પાસેથી ૧૫ કિલો હાઈડ્રોપોનિક કેનાબીસ જપ્ત કર્યું છે. આ ડ્રગ્સની ગેરકાયદેસર બજારમાં કિંમત અંદાજે ૧૫ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. ડ્રી અને કસ્ટમ અધિકારીઓને મળેલી ચોક્કસ બાતમીના આધારે આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. અધિકારીઓએ આ શખ્સના સમાનની તપાસ કરતાં ચાર કાપડની થેલીઓમાં લપેટાયેલ ૧૦ એરટાઈટ પોલિથીન પેકેટ મળ્યા હતા. આ પેકેટોમાં લીલો ગઠ્ઠા જેવો પદાર્થ હતો જેની ટેસ્ટિંગમાં હાઈડ્રોપોનિક કેનાબીસ હોવાનું જણાયું હતું. હાઈડ્રોપોનિક કેનાબીસ એક પ્રકારનું મારિજુઆના છે જેને ખાસ તકનીકથી ઉગાડવામાં આવે છે. આ ડ્રગ્સનું સેવન કરવું ગુનો છે અને તેનાથી સ્વાસ્થ્યને ગંભીર નુકસાન થઈ શકે છે. આ ઉપરાંત, અધિકારીઓએ થાઈલેન્ડથી આવેલા એક નાગરિક પાસેથી ૬ કિલો હાઈડ્રોપોનિક વીડ પણ જપ્ત કર્યું છે.

### ટ્રાફિકના નિયમો તોડવામાં ગુજરાતીઓ નંબર વન

# એક વર્ષમાં ૧૧ મહિનામાં ૧૫ લાખથી વધુ વાહનચાલકોને દંડ ફટકારવામાં આવ્યો

### ગુજરાતીઓ પાસે સારી બિઝનેસ સ્કીલ છે પરંતુ ટ્રાફિક સેન્સના નામે તેમની પાસે કંઈ નથી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

એક તરફ આપણે ગુજરાતમાં વર્લ્ડ ક્લાસ શહેરો બનાવવાની વાત કરીએ છીએ અને તેની સરખામણી સિંગાપોર અને શાંઘાઈ સાથે કરીએ છીએ, પરંતુ ગુજરાતના ચારેય મહાનગરોના લોકોને ટ્રાફિક સેન્સ નથી. ગુજરાતના ચાર મહાનગરોમાંથી ટ્રાફિક ઉલ્લંઘનના શરમજનક આંકડા બહાર આવ્યા છે. જેમાં અમદાવાદના લોકો ટોચ પર છે, ત્યારબાદ અનુક્રમે રાજકોટ અને ત્યારબાદ સુરત અને વડોદરાનો નંબર આવે છે.

જો અમદાવાદવાસીઓની ટ્રાફિક સેન્સની વાત કરીએ તો અમદાવાદવાસીઓએ એક વર્ષમાં એટલા બધા ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કર્યું છે કે આ આંકડો ૧૦૦ કરોડને વટાવી ગયો છે. એટલું જ નહીં, આ રકમ એટલી મોટી છે કે અમદાવાદમાં આ સમયે જે મોટા પ્રોજેક્ટ ચાલી રહ્યા છે તેમાં પલ્લવ બ્રિજ બની શકે છે અને તેનું બજેટ પણ નાગરિકોના ટ્રાફિક દંડ જેટલું જ છે.

અમદાવાદ શહેરમાં લગભગ ૩૯,૭૩,૦૦૦ વાહનો રસ્તાઓ પર દોડે છે. જેમાં અમદાવાદ પૂર્વ અને પશ્ચિમના વિવિધ જંક્શન પર કેમેરા લગાવવામાં આવ્યા છે, ૨૦૨૩માં ૩.૮૬ લાખથી વધુ વાહનચાલકોને રૂ. ૨૫.૯૬ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો હતો, જ્યારે જાન્યુઆરી ૨૦૨૪થી નવેમ્બર ૨૦૨૪ સુધી એટલે કે ૧૧ મહિનામાં ૧૫ લાખથી વધુ (૩૦૦%) વાહનચાલકોને દંડ ફટકારવામાં આવ્યો હતો. દંડ જે લગભગ ૧૦૦ કરોડથી વધુ છે.

અમદાવાદ શહેરમાં દરરોજ નવાં વાહનો આવી રહ્યાં છે અને શહેરીજનોનો ધસારો વધી રહ્યો છે ત્યારે આ આંકડો ચોંકાવનારો છે. અમદાવાદ શહેરમાં ટ્રાફિકની સમજ અને પાલન માટે શહેર પોલીસ નાગરિકોને વિવિધ રીતે જાગૃત કરવાનો પ્રયાસ કરી રહી છે. આ ઉપરાંત આરટીઓ અને ટ્રાફિકની સાથે શહેર પોલીસ પણ વાહન ચલાવી રહી છે, પરંતુ આ બધાને અંતે અમદાવાદીઓની ટ્રાફિક સેન્સ પર મોટો પ્રશ્ન ઊભો થયો છે.

ટ્રાફિક નિયમોના ભંગમાં રાજકોટવાસીઓ બીજા ક્રમે છે. રાજકોટની વાત કરીએ તો છેલ્લા એક દાયકાથી રાજકોટમાં ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરાવવા માટે પોલીસ સીસીટીવી કેમેરા દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરતા વાહન ચાલકોને ઈ-મેમો આપી રહી છે, પરંતુ રાજકોટવાસીઓ નમ્રતાથી વર્તે છે. સુધરશે નહીં. રાજકોટ આરટીઓમાં નોંધણી મુજબ શહેરમાં કુલ ૧૮ લાખ વાહનચાલકો હોવાનું જાણવા મળ્યું છે. રાજકોટ શહેર પોલીસના જણાવ્યા મુજબ જાન્યુઆરી ૨૦૨૪ થી નવેમ્બર ૨૦૨૪ સુધી એટલે કે આ વર્ષે ૧૧ મહિનામાં કુલ ૪,૮૩,૭૯૫ લાખ ઈ-ચલણમાં રાજકોટવાસીઓને ૭૦,૭૯,૧૧,૨૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. જેની સામે ૭,૬૭,૦૦,૨૮૯ રૂપિયાની દંડની રકમ સાથે માત્ર ૧,૫૬,૩૦૦ ઈ-ચલણ ચૂકવવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે. એટલે કે, રાજકોટ પોલીસે હજુ ૩,૨૭,૪૯૫ ઈ-ચલણમાંથી રૂ. ૬૩ કરોડથી વધુની વસૂલાત કરવાની બાકી છે.

રાજકોટ પોલીસ શહેરમાં ટ્રાફિકના નિયમોના અમલ માટે મુખ્યત્વે ૧૦ જુદા જુદા નિયમો પર ધ્યાન કેન્દ્રિત કરીને કાર્યવાહી કરી રહી છે. ડ્રાઈવિંગ લાયસન્સ ન હોય, બ્લેક ફિલ્મ, રેડ લાઈટ સિગ્નલ ક્રોસ કરવા, વાહન ચલાવતી વખતે ફોન પર વાત કરવી, હેલ્મેટ વિના વાહન ચલાવવું, ખોટી દિશામાં વાહન ચલાવવું, બેથી વધુ વ્યક્તિઓ પર સવારી કરવા બદલ ૧૦૦ થી ૫૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવશે. – વ્હીલર, અને વધુ ઝડપે ડ્રાઈવિંગ. ફેન્સી નંબર પ્લેટ પર ૧૦૦૦, ૨૦૦૦ અને ૩૦૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવી રહ્યો છે. રાજકોટ પોલીસ દ્વારા ૧૧ મહિનામાં ૪.૮૩ લાખથી વધુ વાહનચાલકો પાસેથી કુલ રૂ. ૭૦.૭૯ કરોડથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો છે, જેમાં કમાન્ડ એન્ડ કંટ્રોલ ખાતે સીસીટીવી દ્વારા જારી કરાયેલા રૂ. ૨૩,૮૦,૦૮,૮૦૦ના ૨,૫૮,૩૧૧ ચલણોનો સમાવેશ થાય છે. ટ્રાફિક પોલીસ દ્વારા કરાયેલી અરજી દ્વારા રૂ. ૧૨,૫૫,૯૩,૮૫૦ ના ૨,૩૮,૨૯૩ ચલણ ઈશ્યુ કરવામાં આવ્યા છે.

### ઠંડી વધવાની આગાહી, નલિયા ૬.૫ ડિગ્રી તાપમાન

# સિઝનમાં પહેલાવીર લઘુતમ તાપમાન ૧૧.૮ ડિગ્રીએ પહોંચી જતા અમદાવાદીઓ ઠુંઠવાઇ ગયા

### દક્ષિણ ગુજરાતના ભાગોમાં લઘુતમ અને મહત્તમ તાપમાનમાં સામાન્ય વધારો થતા ઠંડીનું જોર ઘટશે



। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

શિયાળાની ઋતુ મોડે મોડે પરંતુ હવે બરાબર જામી છે ત્યારે સમગ્ર ઉત્તર ભારતમાં પડી રહેલી અને અત્યંત કાતિલ-સૂકા ઠંડા પવનની અસરને કારણે સમગ્ર ગુજરાતમાં હાડ થીજવતી ઠંડીનો અહેસાસ લોકો કરી રહ્યા છે. આજે સમગ્ર રાજ્યમાં કોલ્ડ વેવ ફરી વળી હોય તેમ રાજ્યના મોટા ભાગના શહેરના લઘુતમ તાપમાન ૧૨ ડિગ્રીની આસપાસ પહોંચી ગયા હતા. આજે અમદાવાદમાં સિઝનમાં પહેલાવીર લઘુતમ તાપમાન ૧૧.૮ ડિગ્રીએ પહોંચી જતા અમદાવાદીઓ ઠુંઠવાઈ ગયા હતા. આ ઉપરાંત સિઝનમાં પહેલીવાર ગાંધીનગર ૯ ડિગ્રી, નલિયા ૬.૫ ડિગ્રીએ પહોંચી જતા લોકોએ ગાત્રો થીજવતી ઠંડીનો અહેસાસ વહેલી સવારે કર્યો હતો. બીજી તરફ કોલ્ડ વેવ અને ઉત્તર પૂર્વિય પવનને કારણે ઠંડા પવન ફૂંકાતા વર્તમાન ઠંડીનું મોજુ યથાવત રહેવાની આગાહી હવામાન વિભાગે કરી છે. નોંધનીય છે કે, ૨૭ ડિસે. ૧૯૮૩ના રોજ અમદાવાદનું લઘુતમ તાપમાન ઐતિહાસિક ૩.૬ ડિગ્રી નોંધાયું હતું. દેશના ઉત્તરીય ભાગમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત હિમવર્ષા થઈ રહી છે ત્યારે ઉત્તર દિશા તરફથી ઠંડા-સુકા પવન ગુજરાત તરફ આવી રહ્યાં છે. જેના કારણે ગુજરાતમાં પણ ઠંડીનો રાઉન્ડ શરૂ થયો છે અને કડકડતી ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. છેલ્લા બે દિવસથી રાજ્યના વિવિધ શહેરના લઘુતમ તાપમાનમાં ત્રણ લઈ સાત ડિગ્રી સુધીનો ઘટાડો થયો છે. જેના કારણે ઠંડી વધી રહી છે ત્યારે આજે સિઝનમાં પહેલીવાર અમદાવાદ અને ગાંધીનગરનું લઘુતમ તાપમાન અનુક્રમે ૧૧.૮ ડિગ્રી અને ૯ ડિગ્રીએ પહોંચી જતા વહેલી પરોઢે કડકડતી ઠંડીનો અહેસાસ થયો હતો. આ ઉપરાંત રાજ્યના વિવિધ શહેરના તાપમાન પણ ૧૨ ડિગ્રી આસપાસ રહેતા જોરદાર ઠંડી વર્તાઈ હતી. ઠંડી વધવાની સાથે વહેલી પરોઢે ગાઢ ધુમ્મસ પણ છવાયું હતું, જેના કારણે રાજ્યના વિવિધ ધોરી માર્ગો પર સવારે ૨૦૦ મીટર દૂરનું દૃશ્ય સ્પષ્ટ ન દેખાતા વાહનચાલકોએ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ વર્ષે શિયાળો મોડો શરૂ થયો છે, પરંતુ હવે ડિસેમ્બરમાં શિયાળો પોતાના પરચો બતાવે અને જોરદાર ઠંડી પડે તેવી શક્યતા છે. ઉપરાંત રાજ્યમાં કેટલીક જગ્યાએ લઘુતમ તાપમાનનો પારો ૫ ડિગ્રીથી નીચે જવાની પણ શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના ભાગો ઉપર ઠંડીનું જોર વધવાની શક્યતાઓ છે. જ્યારે દક્ષિણ ગુજરાતના ભાગોમાં લઘુતમ અને મહત્તમ તાપમાનમાં સામાન્ય વધારો થતા ઠંડીનું જોર ઘટશે. રાજકોટ જિલ્લો સૌરાષ્ટ્રમાં મહત્ત્વનો જિલ્લો છે. ત્યાં સામાન્ય રીતે ઠંડીનું પ્રમાણ વધુ રહેતું હોય છે, પરંતુ કોલ્ડવેવની અસર રહેતી નથી, પરંતુ આ વર્ષે રાજકોટ જેવા શહેરમાં પણ સતત બે દિવસ સુધી કોલ્ડવેવની અસર રહી હતી. જે છેલ્લાં દસ વર્ષના આંકડાઓ મુજબ પ્રથમ વખત આ સ્થિતિનું નિર્માણ થયું છે.

## પાટણ શહેરના દેવ દર્શન કોમ્પ્લેક્ષમાં ગેસ્ટ હાઉસની આડમાં ચાલતું કૂટણખાનું ઝડપાયું

। (એજન્સી) પાટણ, તા.૧૮ ।

પાટણમાંથી પોલીસે ગેસ્ટ હાઉસની આડમાં ચાલતું કૂટણખાનું ઝડપી પાડ્યું હતું. પાટણ શહેરના દેવ દર્શન કોમ્પ્લેક્ષમાં ગેસ્ટહાઉસમા લાંબા સમયથી દેહ વ્યાપારનો કારોબાર ચાલતો હતો. રંગોલી ગેસ્ટહાઉસમાં પરપ્રાંતિય મહિલાઓ દ્વારા દેહ વ્યાપારનો કાળો કારોબાર ચાલતો હોવાની મળેલી માહિતી બાદ પોલીસ દ્વારા કરવામાં આવી હતી. પોલીસે કુલ ૭ આરોપીઓને ઝડપ્યા હતા અને ભાગતા ફરતા રફીક નામના મુખ્ય આરોપીને દબોચવા ચક્રો ગતિમાન કર્યા હતા. પાટણ એસઓજી પોલીસને બાતમી મળી હતી કે શહેરના દેવ દર્શન કોમ્પલેક્સમાં આવેલા રંગીલા ગેસ્ટ હાઉસમાં દેહ વ્યાપારનો અનૈતિક ધંધો ચાલે છે. જેથી પાટણ એસઓજી

### GPSCએ લીધો મોટો નિર્ણય

## પાટણ શહેરના દેવ દર્શન કોમ્પ્લેક્ષમાં ગેસ્ટ હાઉસની આડમાં ચાલતું કૂટણખાનું ઝડપાયું

। (એજન્સી) પાટણ, તા.૧૮ ।

પાટણમાંથી પોલીસે ગેસ્ટ હાઉસની આડમાં ચાલતું કૂટણખાનું ઝડપી પાડ્યું હતું. પાટણ શહેરના દેવ દર્શન કોમ્પ્લેક્ષમાં ગેસ્ટહાઉસમા લાંબા સમયથી દેહ વ્યાપારનો કારોબાર ચાલતો હતો. રંગોલી ગેસ્ટહાઉસમાં પરપ્રાંતિય મહિલાઓ દ્વારા દેહ વ્યાપારનો કાળો કારોબાર ચાલતો હોવાની મળેલી માહિતી બાદ પોલીસ દ્વારા કરવામાં આવી હતી. પોલીસે કુલ ૭ આરોપીઓને ઝડપ્યા હતા અને ભાગતા ફરતા રફીક નામના મુખ્ય આરોપીને દબોચવા ચક્રો ગતિમાન કર્યા હતા. પાટણ એસઓજી પોલીસને બાતમી મળી હતી કે શહેરના દેવ દર્શન કોમ્પલેક્સમાં આવેલા રંગીલા ગેસ્ટ હાઉસમાં દેહ વ્યાપારનો અનૈતિક ધંધો ચાલે છે. જેથી પાટણ એસઓજી પોલીસે રેડ કરતા ૭ મહિલા અને ત્રણ પુરુષો અનૈતિક ધંધો સામેલ લોકોને ઝડપી પાડ્યા હતા. સમગ્ર રેકેટ મુસ્તાક મુલ્લા અને વનિતા ચલાવતા હતા. મુખ્ય આરોપો રફીક નામનો ઈસમ પણ સામેલ છે.

## ગાંધીનગરમાં ૬૦૦ બેડની અદ્યતન સિવિલ હોસ્પિટલમાં 2D ઈકો મશીન બંધ હાલતમાં

। ગાંધીનગર, તા.૧૮ ।

ગાંધીનગર શહેરમાં અદ્યતન સાધનો સાથેની ૬૦૦ બેડની સિવિલ હોસ્પિટલ બનાવવામાં આવી છે, પરંતુ ખાટલે મોટી ખોડ એવી છે કે છેલ્લા કેટલાક સમયથી ૨ડ્ઢ ઈકો મશીન બંધ હાલતમાં પડ્યુ છે. અઠવાડિયામાં માત્ર બે દિવસ બે કલાક માટે ઈકો કરવામાં આવતુ હોવાથી દર્દીઓની પરેશાન થઈ રહ્યાં છે. ઈમર્જન્સી દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં વધુ પૈસા ખર્ચીને ઈકો કઢાવવાની ફરજ પડે છે.ગાંધીનગર સિવિલમાં હાલ કાર્ડિયાક સેન્ટર ઉભુ કરવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ૬૦૦ બેડની હોસ્પિટલમાં ત્રણ માળ સુધીના તમામ વોર્ડ, ઓટી સહિત સ્પેશ્યલ વોર્ડ અને મેડીકલ સ્ટોર પણ ખસેડી દેવાયો છે. ગાધીનગર સિવિલમાં આરોગ્ય લક્ષી સુવિધા વધતા દર્દીઓનો ધસારો પણ મોટી સંખ્યામાં થઈ રહ્યો છે. ત્યારે શિયાળાની હાડ થીજાવતી ઠંડીમાં હદય સંબંધિ દર્દીઓની સંખ્યા વધુ જોવા મળે છે. ડોકટરની તપાસ બાદ દર્દીને ૨ડ્ઢ ઈકો કરવા માટે કહેવામાં આવે છે. ૨ડ્ઢ ઈકો મશીનમાં યાંત્રિક ખામી સર્જાવાના કારણે દર્દીઓ વારંવાર ધકકા ખાઈ રહ્યાં છે. સિવિલમાં માત્ર બુધવાર અને શુક્રવારના રોજ બપોરે બે કલાક માટે ઈકો કરવામાં આવે છે. તેના કારણે ઈકો માટે દર્દીઓની લાંબી લાઈનો લાગે છે. ત્યારે હાલના તબક્કે ઈકોનું મશીન ખોટકાયુ છે હવે ચાલુ થશે ત્યારે વધુ લાંબી લાઈનો જોવા મળશે. જો કે આ ૨ડ્ઢ ઈકો મશીન કયારે રિપેર થઈ જશે અને ક્યારથી ઈકો કરવામાં આવશે તે અંગે કોઈ ચોકક્સ ફોડ પાડીને કહી શકતું નથી.

## દેવભૂમિ દ્વારકામાં ફેક વેબસાઈટ બનાવી નાણાં પડાવતી ગેંગ ઝડપાઈ

। (એજન્સી) દેવભૂમિ દ્વારકા,તા.૧૮ ।

દેવભૂમિ દ્વારકામાં કાળો કારોબાર. ફેક વેબસાઈટ બનાવી નાંણા પડાવતી ગેંગનો પર્દાફાશ થયો. સાયબર ક્રાઈમ પોલીસે ફેક વેબસાઈટ બનાવી નાણાં પડાવતી ગેંગને ઝડપવામાં મોટી સફળતા મળી.ગઠિયાઓ દ્વારા ગ્રાહકોની પૂછપરછ ઓનલાઈન ફેક રૂમ બુક કરતા. ગ્રાહકોને ઓછા ભાડાની લાલચ આપી રૂમ બુક કરાવી નાણાં પડાવવાનું કૌભાંડ આચરવામાં આવતું હતું.સાયબર ક્રાઈમ PI વિપુલ કોઠીયા અને ટીમ દ્વારા ગ્રાહકોને ફસાવનાર ગેંગને ઝડપવામાં મોટી સફળતા મળી. રાજ્યમાં દેવભૂમિ દ્વારકા પ્રવાસન માટે વધુ જાણીતું સ્થળ છે. આથી જ અંહી હોટલનો કારોબાર વિકસ્યો છે. મુલાકાતીઓ દ્વારા ઓનલાઈન બુકિંગ કરી હોટલોના રૂમ બુક કરાવવામાં આવે છે.

### રત્નકલાકારો છોડી રહ્યાં છે શહેર

## સુરત હીરા ઉદ્યોગમાં ભયંકર મંદી, નાના ઉદ્યોગકારોએ ઘંટીઓ વેચવા કાઢી

। (એજન્સી) સુરત, તા.૧૮ ।

સુરતની શાન કહેવાતો હીરા ઉદ્યોગ મંદીને માર હવે ઝેલી શકે તેમ નથી. અનેક કારીગરો બેકાર બન્યા છે. ઘણા રત્નકલાકારોએ સુરત છોડીને ગામડે જતાં રહ્યા છે.હવે તો નાના ઉદ્યોગકારો પણ પડી ભાંગ્યા છે અને હીરાની જે ઘંટીઓ છે તેને વેચવા કાઢી છે.અનેક હીરાની ઘંટીઓ હવે ભંગારમાં વેચાવા લાગી છે.ત્યારે કેવી છે હીરાની આ મંદી? જે સુરતની શાન કહેવાય છે તે હીરા ઉદ્યોગ છેલ્લા કેટલાક સમયથી મંદીના વાવળમાં એવો ફસાયો છે કે તે બહાર નીકળી શક્તો જ નથી.કલ્પના ન કરી હોય તેવી આ મંદીથી બહાર કેમ નીકળવું તે નતો રત્નકલાકારને સમજાય છે.નતો ઉદ્યોગકારોને કંઈ સમજાય છે.મંદીને કારણે આર્થિક સ્થિતિ ખરાબ થતાં અનેક રત્નકલાકારો સુરત છોડીને ગામડે જતાં રહ્યા છે.થોડા ઘણાં જે બચ્યા છે તે પણ ગામડે જવાની તૈયારીઓ કરી રહ્યા છે.હવે તો નાના ઉદ્યોગકારો પણ તુટવા લાગ્યા છે.અને એવા તુટવા લાગ્યા છે કે તેમણે હીરાની ઘંટીઓ વેચવા કાઢી દીધી છે.

**વિશેષ** | ‘ટ્રાફિક અવેરનેસ’ બાબતે અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા કરાઇ અનોખી પહેલ

# ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ‘શોર્ટ ફિલ્મ મેકિંગ સ્પર્ધા’ના વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા

### રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયની પ્રોત્સાહ ઉપસ્થિતિ । અમદાવાદ ટ્રાફિક પોલીસ અને અમદાવાદ ટ્રાફિક ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે 'શોર્ટ ફિલ્મ મેકિંગ સ્પર્ધા' યોજાઇ

। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદ ખાતે ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં અમદાવાદ ટ્રાફિક પોલીસ અને અમદાવાદ ટ્રાફિક ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ટ્રાફિક અંગેની 'શોર્ટ ફિલ્મ સ્પર્ધા'ના વિજેતાઓનો સત્કાર સમારોહ યોજાયો હતો.

આ સ્પર્ધામાં અનેક લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને આશરે ૪૫૮ જેટલી શોર્ટ ફિલ્મો બનાવવામાં આવી હતી. જેમાંથી ૧૦ જેટલી શ્રેષ્ઠ ફિલ્મોને ગૃહરાજયમંત્રીશ્રી સહિતના મહાનુભાવોના હસ્તે ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા. અન્ય ૫૦ જેટલી ફિલ્મોને પ્રશંસા પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. ગૃહરાજયમંત્રી શ્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં શ્રેષ્ઠ ૧૦ શોર્ટ ફિલ્મ નિહાળવામાં આવી હતી.

આ પ્રસંગે ગૃહરાજયમંત્રી શ્રી હર્ષ સંઘવીએ તમામ ફિલ્મનિર્માતાઓને અભિનંદન પાઠવતા જણાવ્યું કે, તમામ ફિલ્મોને સોશિયલ મીડિયાના માધ્યમથી લોકો સુધી પહોંચાડી ટ્રાફિક નિયમન બાબતે જાગૃતતા લવાશે. વધુમાં શ્રી સંઘવીએ પોલીસ દ્વારા કરાતી વિવિધ નોંધપાત્ર કામગીરી વિશે જણાવ્યું હતું. આગામી દિવસોમાં ટ્રાફિક સમસ્યા અને અકસ્માતો ઘટાડવા હજુ વધુ કડકાઈથી ટ્રાફિક નિયમનનું પાલન કરાવાશે, તેવું શ્રી સંઘવીએ ઉમેર્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું કે, રોડ એન્જિનિયરિંગ એ ટ્રાફિક અને અકસ્માત ઘટાડવા સૌથી મહત્ત્વ પૂર્ણ બાબત છે. અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા કરાયેલ કામગીરીને લઈને આ વર્ષે અકસ્માતોની સંખ્યામાં ૨૫% જેટલો ઘટાડો થયો છે, એવું તેમણે ઉમેર્યું હતું.

ગૃહ રાજયમંત્રીશ્રીએ ટ્રાફિક પોલીસની કામગીરી બિરદાવતા કહ્યું કે, અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિક બાબતે કરાયેલ નોંધપાત્ર કામગીરીને કારણે અકસ્માતોની સંખ્યામાં ઘટાડો થયો છે. તેમણે અમદાવાદ પોલીસ દ્વારા નાઈટ કોમ્બિંગમાં કરાયેલ



કામગીરીને પણ બિરદાવી હતી. શ્રી હર્ષ સંઘવીએ ટ્રાફિકના કામોમાં સહયોગ બદલ ટ્રાફિક ટ્રસ્ટના પ્રમુખ શ્રી પંકજ પટેલનો પણ આભાર માન્યો હતો. ‘શોર્ટ ફિલ્મ મેકિંગ સ્પર્ધા’ના વિજેતાઓને માતબર રોકડ ઈનામી રકમ સાથે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. પ્રથમ વિજેતાને રૂ. ૨ લાખનું રોકડ ઈનામ, દ્વિતીય વિજેતાને રૂ.૧.૫ લાખનું રોકડ ઈનામ અને તૃતીય વિજેતાને રૂ.૧ લાખનું રોકડ ઈનામ જ્યારે અન્ય સાતને રૂ.૧૦,૦૦૦ રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજ્યના પોલીસ મહાનિદેશક શ્રી વિકાસ સહાયે અમદાવાદ પોલીસની ટીમને અભિનંદન આપતા જણાવ્યું કે, શહેર પોલીસ દ્વારા ટ્રાફિક નિયંત્રણ બાબતે પ્રશંસનીય કામગીરી કરાઈ રહી છે, જેના પરિણામે અકસ્માત અને ટ્રાફિકની સમસ્યામાં ઘટાડો થયો છે. તેમણે વધુમાં કહ્યું કે, આજના સમયમાં ટ્રાફિક નિયમનો બાબતે તમામ લોકોમાં જાગૃતિ આવે એ જરૂરી છે. શ્રી વિકાસ સહાયે ટ્રાફિક જાગૃતતાના આ પ્રકારના કાર્યક્રમના આયોજનને લઈને પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિકને અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે શહેર પોલીસ કમિશનર શ્રી જી.એસ. મલિકે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. કમિશનરશ્રીએ આ શોર્ટ ફિલ્મ સ્પર્ધા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત તેમણે આંકડાકીય માહિતીઓ દર્શાવી અકસ્માતમાં થયેલ ઘટાડા વિશે પણ જણાવ્યું હતું. કમિશનરશ્રીએ લોકો દ્વારા કરાયેલ રજૂઆતોને પણ ધ્યાનમાં લઈને સુધારાઓ કરાયા છે, તેવું જણાવ્યું હતું.

આ પ્રસંગે નાયબ ટ્રાફિક પોલીસ કમિશનર શ્રી સફીન હસને અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા અકસ્માત અને ટ્રાફિક ઘટાડવા કરાયેલ નોંધપાત્ર કામગીરી વિશે સૌને વાકેફ કર્યા હતા. વધુમાં અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા કરાયેલ ટ્રાફિક જાગૃતતાના કાર્યક્રમો વિશે પણ માહિતી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેરમાં દિન પ્રતિદિન વધતી જતી ટ્રાફિક સમસ્યા અને વાહન વ્યવહારને ધ્યાને રાખી પ્રજાજનોમાં ટ્રાફિક નિયમો અંગે જાગૃતિ આવે અને નાગરિકો ટ્રાફિક નિયમોનું પાલન કરે તેવા ઉદ્દેશથી અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા આ એક અનોખી પહેલ કરવામાં આવી હતી. અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા આ શોર્ટ ફિલ્મ સ્પર્ધાનું લોન્ચિંગ તા.૧ જૂનના રોજ કરાયું હતું. સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકો માટે તા.૩૦ જૂન સુધીનો સમયગાળો ફિલ્મ સબમિટ કરવા માટે આપ્યો હતો. આ 'શોર્ટ ફિલ્મ મેકિંગ સ્પર્ધા'માં વિવિધ વિષયો પર શોર્ટ ફિલ્મો બનાવાઈ હતી. જેમ કે, હેલ્મેટ અને સીટ બેલ્ટ વગર વાહન ચલાવવું, રોંગ સાઈડ વાહન ચલાવવું, ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરવો, ભયજનક રીતે વાહન ચલાવવું, વધુ સ્પીડે વાહન ચલાવવું જેવા વિવિધ વિષયો પર ફિલ્મો બનાવાઈ હતી. આ શોર્ટ ફિલ્મોના સ્ક્રીનિંગ માટે વિવિધ એક્સપર્ટ લોકોની કમિટી બનાવવામાં આવી હતી જેના દ્વારા તબક્કાવાર રાઉન્ડમાં શ્રેષ્ઠ ફિલ્મોને પસંદગી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઝાયડસ ગ્રૂપના ચેરમેન અને ટ્રાફિક ટ્રસ્ટના પ્રમુખ શ્રી પંકજ પટેલ, ધારાસભ્ય શ્રી હસમુખભાઈ પટેલ, સંયુક્ત પોલીસ કમિશનર (ક્રાઈમ) શ્રી શરદ સિંઘલ, શહેર ટ્રાફિક પોલીસના સંયુક્ત પોલીસ કમિશનર શ્રી એન.એન. ચૌધરી સહિત શહેર પોલીસના ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા મોટી સંખ્યામાં ફિલ્મ નિર્માતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨




હૈદરાબાદમાં રાષ્ટ્રપતિ નિલયમ (બોલારમ) ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ફ્લાવર એન્ડ હોર્ટિકલ્ચર ફેસ્ટિવલ પ્રસંગે કૃષિ અને ખેડૂતોના કલ્યાણ વિભાગ (DA&FW)ના સચિવ ડો. દેવેશ ચતુર્વેદી સાથે મુલાકાત લીધી.

### બંધારણીય દરજ્જાનું ધ્યાન રાખો

# SC કોલેજિયમમાં હાજર થવા પર જજ શેખર યાદવને મળી સલાહ

## અલ્હાબાદ હાઈકોર્ટના જજ શેખર યાદવે વિશ્વ હિન્દુ પરિષદના કાર્યક્રમમાં આપ્યું હતું વિવાદાસ્પદ નિવેદન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।




વિશ્વ હિન્દુ પરિષદ (VHP)ના કાર્યક્રમમાં વિવાદાસ્પદ નિવેદન આપનારા અલ્હાબાદ હાઈકોર્ટના જજ શેખર યાદવને સુપ્રીમ કોર્ટના CJI જસ્ટિસ સંજીવ ખન્નાની આગેવાની હેઠળના પાંચ વરિષ્ઠ ન્યાયાધીશોના કૉલેજિયમે ઠપકો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે તેમને તેમના બંધારણીય પદની ગરિમા જાળવી રાખવાની સલાહ આપી છે. SCએ કહ્યું કે, તમારી બંધારણીય સ્થિતિનું ધ્યાન રાખો અને જાહેર ભાષણો આપતી વખતે વિશેષ સાવધાની રાખો. CJI ઉપરાંત જસ્ટિસ બી.આર. ગવઈ, જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ હૃષિકેશ રોય અને જસ્ટિસ એસ ઓક પણ કૉલેજિયમમાં સામેલ હતા. જજ શેખર યાદવ મંગળવારે સુપ્રીમ કોર્ટમાં પાંચ જજોની કોલેજિયમ સમક્ષ હાજર થયા હતા. તેમણે કહ્યું કે, મીડિયાએ બિનજરૂરી વિવાદ ઉભો કરવા માટે તેમના ભાષણના પસંદગીનો ભાગ રજૂ કર્યો છે. પરંતુ કોલેજિયમ તેમના ખુલાસા સાથે સહમત નહોતું અને તેમણે ભાષણમાં જે રીતે ચોક્કસ નિવેદનો આપ્યા હતા તે બદલ તેમને ઠપકો આપ્યો હતો. SC કોલેજિયમે તેમને કહ્યું કે, બંધારણીય હોદ્દા પર હોવાને લીધે, હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોનું વર્તન, વ્યવહાર અને વાણી સતત તપાસ હેઠળ હોય છે અને તેથી તેઓ ઉચ્ચ પદની ગરિમા જાળવી રાખે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. CJI જસ્ટિસ સંજીવ ખન્નાના નેતૃત્વમાં પાંચ જજોના કૉલેજિયમે જસ્ટિસ શેખર યાદવ સાથે વાત કરી હતી. તેને પ્રશ્નો પણ પૂછ્યા. સવાલ-જવાબનો રાઉન્ડ લગભગ ૪૫ મિનિટ સુધી ચાલ્યો હતો. સુપ્રીમ કોર્ટના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ, જસ્ટિસ યાદવને વધુ પૂછપરછ માટે બોલાવવામાં આવી શકે છે. જસ્ટિસ શેખર યાદવ ૮ ડિસેમ્બરે વિશ્વ હિન્દુ પરિષદના કાર્યક્રમમાં ગયા હતા. ત્યાં તેમણે કહ્યું કે, 'આ દેશ બહુમતીના બનાવેલા કાયદા પ્રમાણે ચાલશે. એક ચોક્કસ સમુદાયનો ઉલ્લેખ કરીને તેમણે પૂછ્યું કે, જ્યારે બાળપણથી જ બાળકોની સામે પ્રાણીઓને કાપવામાં આવે છે, તો પછી તે બાળકો કેવી રીતે મોટા થઈને દયાળુ અને સહનશીલ બની શકે? મુસ્લિમોના એક વર્ગને 'કટ્ટરપંથી' ગણાવતા તેમણે કહ્યું હતું કે, તેમનું અસ્તિત્વ દેશ માટે ખતરનાક છે.

## ચીને ડોકલામ પાસે ભૂટાનમાં ૨૨ ગામો વસાવી લીધા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।


ચીનની નાપાક ગતિવિધિઓને કારણે ભારત અને ચીન ડોકલામ મુદ્દે લાંબા સમયથી સંઘર્ષમાં હતા. હાલમાં જ લદ્દાખમાં ચીન અને ભારત વચ્ચેનો તણાવ ઓછો થયો છે, પરંતુ હવે ચીને ફરી ડોકલામમાં તેના સંઘર્ષના ઈરાદા દર્શાવ્યા છે. પાડોશી દેશ ચીને છેલ્લા ૮ વર્ષથી ભૂટાનના પરંપરાગત વિસ્તારમાં લગભગ ૨૨ ગામો વસાવી લીધા છે. આટલું જ નહીં, ૨૦૨૦થી ચીન ડોકલામ નામના પઠાર વિસ્તારની નજીક લગભગ ૮ ગામોનું નિર્માણ કરી ચૂક્યું છે. ચીનનું આ પગલું ભૂટાન માટે જેટલું જોખમી છે તેટલું જ ભારત માટે પણ નકારાત્મક છે. પાડોશીઓની જમીન પર કબજો કરવો અને તેની વિસ્તરણવાદી નીતિના ભાગરૂપે જમીન પર દાવો કરવો એ ચીનની જૂની ટેવ છે. લદ્દાખમાં લગભગ ૫ વર્ષ સુધી સંઘર્ષમાં નિષ્ફળ રહ્યા બાદ ચીન ફરી એકવાર જૂનું વલણ અપનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. એક તરફ ચીન ભારત સાથે સરહદ વિવાદ (ભારત-ચીન બોર્ડર ડિસ્પ્યુટ) ઉકેલવાની વાત કરી રહ્યું છે, તો બીજી તરફ તે ડોકલામની આસપાસ ગામડાઓવસાવી રહ્યું છે. તેની આ બધી યુક્તિઓ સેટેલાઈટ તસવીરો દ્વારા બહાર આવવા લાગી છે.

### લોકસભાના અધ્યક્ષ જેપીસીની રચના કરશે

# વન નેશનલ વન ઈલેક્શન માટેની જેપીસીમાં પ્રિયંકા ગાંધી પણ સામેલ

## કોંગ્રેસ તરફથી મનીષ તિવારી, પ્રિયંકા ગાંધી, સુખદેવ ભગત અને રણદીપ સુરજેવાલાનું નામ ફાઈનલ કરાયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।



'એક દેશ, એક ચૂંટણી' એટલે કે 'વન નેશન, વન ઈલેક્શન' બિલ ગઈકાલે (૧૭ ડિસેમ્બર) લોકસભામાં રજૂ કરાયું હતું. આ બિલને બંધારણ (૧૨૯મો સુધારો) બિલ ૨૦૨૪' નામ આપવામાં આવ્યું છે. હવે આ બિલને સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ને મોકલવામાં આવ્યું છે. લોકસભાના અધ્યક્ષ જેપીસીની રચના કરશે, જેમાં કોંગ્રેસના ચાર નેતા પણ સામેલ હશે. કોંગ્રેસે આ નામો ફાઈનલ કરી લોકસભા અધ્યક્ષને મોકલી દીધા છે. સમિતિમાં રાજ્યસભા અને લોકસભાના સભ્યો સામેલ હશે અને તેઓ કોઈપણ મુદ્દા અથવા બિલની સંપૂર્ણ સમીક્ષાનો રિપોર્ટ તૈયાર કરશે. ત્યારબાદ તેને સરકાર સમક્ષ મોકલાશે. સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસ તરફથી સંયુક્ત સંસદીય સમિતિમાં સામેલ કરવા માટે મનીષ તિવારી, પ્રિયંકા ગાંધી, સુખદેવ ભગત અને રણદીપ સુરજેવાલાનું નામ ફાઈનલ કરવામાં આવ્યું છે. એટલે કે આ નેતાઓ વન નેશન, વન ઈલેક્શન અંગેની બાબતો જેપીસીમાં રજુ કરશે. મનીષ તિવારી અને રણદીપ સુરજેવાલા વકીલ છે, જ્યારે સુખદેવ ભગત આદિવાસી નેતા તરીકે ઓળખાય છે. પ્રિયંકા ગાંધી મહિલાઓનું નેતૃત્વ કરશે. ઈન્ડિ ગઠબંધનમાં સામેલ દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK) તરફથી જેપીસીમાં પી.વિલ્સનને તક મળવાની સંભાવના છે. વિલ્સમ જાણિતા વકીલ છે. આ ઉપરાંત ડીએમકે સાંસદ ટી.સેલ્વાગેથીનું નામ પણ અધ્યક્ષ સમક્ષ મોકલી શકે છે. સમાજવાદી પાર્ટી તરફથી સાંસદ ધર્મેન્દ્ર યાદવ, તૃણમૂલ કોંગ્રેસ (TMC) તરફથી કલ્યાણ બેનરજી અને સાકેત ગોખલેની પણ જેપીસીમાં સામેલ થવાની સંભાવના છે. જેપીસીમાં કેટલા સભ્યોને સામેલ કરી શકાય છે, તે અંગે લોકસભા અધ્યક્ષ નિર્ણય કરે છે. કમિટીમાં રાજ્યસભા અને લોકસભા બંનેના સભ્યોને સામેલ કરવામાં આવે છે. સામાન્ય રીતે રાજ્યસભાના સભ્યોની સરખામણીમાં લોકસભાના સભ્યો આમાં વધુ હોય છે. કેન્દ્ર સરકાર જેપીસીના રિપોર્ટના આધારે સંશોધિત બિલ ગૃહમાં રજુ કરે છે. વન નેશન-વન ઈલેક્શન બિલ એ બંધારણીય સુધારો છે અને તેના માટે સરકારને વિશેષ બહુમતીની જરૂર છે. તેથી જ કેન્દ્ર સરકાર જેપીસીની મદદથી સર્વસંમતિ બનાવવાની કવાયતમાં લાગી ગઈ છે. ઉલ્લેખનીય છે કે, લોકસભામાં ગઈકાલે (૧૭ ડિસેમ્બર) 'વન નેશન, વન ઈલેક્શન' બિલ રજૂ કરાયું હતું. કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ આ બિલને ગૃહમાં રજૂ કરતાં જ કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને તૃણમૂલ કોંગ્રેસ સહિતના પક્ષોએ જોરદાર હોબાળો કર્યો હતો.

### મસ્કના સેટેલાઇટ ઇન્ટરનેટ સ્ટારલિંકનો ઉપયોગ

# મણિપુરમાં ઘૂસણખોરો સ્ટારલિંકનો ઉપયોગ કરતાં હોવાનો ધડાકો થયો




। (એજન્સી) મણિપુર, તા.૧૮ ।

**આ ડિવાઇસ ચુરાચંદ્રપુર, ચંદેલ, ઇમ્ફાલ પૂર્વ અને કાંગપોકપી જેવા જિલ્લાઓમાં મળી આવ્યા છે**

ભારતીય સેના અને આસામ રાઈફલ્સે ઉત્તર-પૂર્વ ભારતના મણિપુરના સંઘર્ષ પ્રભાવિત વિસ્તારોમાંથી ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સના સ્ટારલિંક ઈન્ટરનેટનો ઉપયોગ કરતાં હોવાનું સામે આવ્યું છે. આ ડિવાઈસ ચુરાચંદ્રપુર, ચંદેલ, ઈમ્ફાલ પૂર્વ અને કાંગપોકપી જેવા જિલ્લાઓમાં મળી આવ્યા છે. આ ઘટસ્ફોટ પછી, સુરક્ષા એજન્સીઓ અને સેના સતર્ક થઈ ગઈ છે, કારણ કે આ હાઈ ટૅક્નોલૉજિકલ ડિવાઈસ ઘુસણખોરોની કોમ્યુનિકેશન સ્કિલ્સમાં નોંધપાત્ર સુધારો કરી શકે છે. જ્યારે સુરક્ષા દળોએ આ વિસ્તારોમાં ઘૂસણખોરો સામે દરોડા પાડ્યા, ત્યારે શસ્ત્રો અને દારૂગોળા સાથે સ્ટારલિંક ડિવાઈસ પણ મળી આવ્યું હતું. સામાન્ય રીતે આવા ઓપરેશનમાં માત્ર હથિયારો જ મળી આવતા હતા, પરંતુ આ વખતે હાઈટેક સેટેલાઈટ ઈન્ટરનેટ ડિવાઈસની રિકવરી ગંભીર ચિંતાનો વિષય બની ગઈ છે. સ્ટારલિંક ડિવાઈસ કોઈપણ વાયર અથવા ટાવર વિના ઈન્ટરનેટ સુવિધા આપે છે. તે સેટેલાઈટ સાથે સીધું જ જોડાય છે અને ગમે ત્યાંથી ઘૂસણખોરો દ્વારા તેનો ઉપયોગ કરી શકાય છે. તેના એન્ડ ટુ એન્ડ એક્રિપ્શનને લીધે, તેને ટ્રેક કરવું અથવા હેક કરવું ખૂબ મુશ્કેલ છે. ડિફેન્સ એક્સપર્ટનું માનવું છે કે આ ડિવાઈસ ઘુસણખોરોની કોમ્યુનિકેશ સિસ્ટમને મજબૂત બનાવશે. જેના કારણે તેઓ રીઅલ-ટાઈમ ઈન્ટેલિજન્સ શેર કરી શકે છે, હુમલાની યોજના બનાવી શકે છે અને તેમના જૂથો વચ્ચે વધુ સારી રીતે સંકલન કરી શકે છે. ડિફેન્સ એજન્સીઓના જણાવ્યા અનુસાર, આ ડિવાઈસ કાં તો દાણચોરી દ્વારા ભારતમાં લાવવામાં આવ્યા છે અથવા નકલી જિયોટેગિંગ દ્વારા એક્ટિવ કરવામાં આવ્યા છે. એક રીકવર થયેલ ડિવાઈસ પર રિવોલ્યુશનરી પીપલ્સ ફ્રન્ટ (RPF)ના માર્કિંગ મળ્યા હતા.

# ટેક્સ ફ્રોડમાં સંજય શાહને ડેનમાર્કે ફટકારી જેલની સજા

## સંજય શાહને 'કમ-એક્સ' ટેક્સ કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યો અને તેના માટે તેને આ સજા ફટકારવામાં આવી

। (એજન્સી) ડેનમાર્ક, તા.૧૮ ।



બ્રિટિશ હેજ ફંડ ટ્રેડર સંજય શાહને ડેનમાર્કની એક કોર્ટે ૧૨ વર્ષની જેલની સજા ફટકારી છે. સંજય શાહને કમ-એક્સ ટેક્સ કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યો છે અને તેના માટે તેને આ સજા ફટકારવામાં આવી છે. આ ટેક્સ ફ્રોડ દ્વારા સંજય શાહે ડેનમાર્કને ૧.૩ બિલિયન ડોલરનો ચૂનો લગાવ્યો હતો. આ સજા ડેનિશ ઈતિહાસમાં ટેક્સ ફ્રોડ માટે સૌથી લાંબી સજા પૈકીની એક છે. ૨૦૦૮ની નાણાકીય કટોકટી પછી ઘણા યુરોપીયન દેશોની જાહેર તિજોરીને અબજો ડોલરનો ચૂનો લગાવનારી આ ટ્રેડિંગ સ્કીમ્સને લઈને હાઈ-પ્રોફાઈલ ટ્રાયલ ચાલી હતી. ઘણા દેશોને અબજો ડોલરનો ચૂનો લગાવનારી આ ટ્રેડિંગ સ્કીમનો માસ્ટરમાઈન્ડ ભારતીય મૂળનો સંજય શાહ છે અને તેથી જ કોર્ટે તેને દોષિત ઠરેવ્યો છે. ૫૪ વર્ષીય સંજય શાહે ૨૦૧૨ અને ૨૦૧૫ દરમિયાન ડેનિશ ટ્રેઝરીમાંથી ડિવિડન્ટ ટેક્સ રિફન્ડમાં નવ બિલિયન ડેનિશ ક્રાઉન એટલે કે અંદાજીત ૧.૨૭ બિલિયન ડોલરની છેતરપિંડી કરી હતી. જોકે, સંજય શાહે પોતાના પર લાગેલા આરોપોને ફગાવી દીધા હતા. સંજય શાહે પોતે કંઈ પણ ખોટું કર્યું હોવાની વાતને નકારી કાઢી હતી. એટલું જ નહીં તેણે દલીલ કરી હતી કે તેણે ફક્ત લીગલ લૂપહોલનો જ ઉપયોગ કર્યો હતો. ડેનિશ કોર્ટે ચૂકાદો આપ્યો તેના તુરંત બાદ તેણે ડેનિશ હાઈકોર્ટમાં અપીલ કરી હતી. પ્રોસિક્યુટર્સે સંજય શાહને ૧૨ વર્ષની જેલની સજા ફટકારવાનું કહ્યું હતું. ચૂકાદા પહેલા ડેનિશ બ્રોડકાસ્ટર ્ફર સાથેના ઈન્ટરવ્યુમાં સંજય શાહે પોતાને લોભી ગણાવ્યો હતો અને કહ્યું હતું કે, તેની ટ્રેડિંગ સ્કીમ સ્પેસ ઈન્વેડર્સ ગેમ રમવા જેવી હતી જ્યાં તે પોતાનો જ અગાઉનો હાઈસ્કોર તોડવા ઈચ્છતો હતો. કોપનહેગન બિઝનેસ સ્કૂલના એસોસિયેટ પ્રોફેસર ફ્લોરિયન હોલેનબાકે જણાવ્યું હતું કે, આ આકરી સજા છે. આ ચુકાદો વિશ્વભરની ટેક્સ ઓથોરિટીઝ અને પ્રોસિક્યુટર્સને સંકેત આપે છે કે કરચોરીને સહેજ પણ ચલાવી લેવી જોઈએ નહીં. સંજય શાહને લંડનમાં એક અલગ ૧.૪૪ બિલિયન પાઉન્ડ ( અંદાજીત ૧.૮૩ બિલિયન ડોલર)ના સિવિલ ટેક્સ ફ્રોડ કેસનો પણ સામનો કરવો પડી રહ્યો છે, જે ડેનિશ ટેક્સ ઓથોરિટી દ્વારા દાખલ કરવામાં આવ્યો છે. આ કેસ એપ્રિલમાં સમાપ્ત થવાનો છે. તેણે ડેનમાર્કથી વિડીયો-લિંક દ્વારા લંડનની હાઈકોર્ટને જણાવ્યું છે કે કાયદામાં રહેલી "ખામી"નો લાભ ઉઠાવીને તેણે ટ્રેડિંગ સ્ટ્રેટેજી બનાવી હતી.

## ઓસ્કારની રેસમાંથી બહાર થઈ લાપતા લેડીઝ

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

૯૭મા ઓસ્કાર એવોર્ડ્સમાં બેસ્ટ ઈન્ટરનેશનલ ફીચર કેટેગરીમાં ભારતની સત્તાવાર એન્ટ્રી "લાપતા લેડીઝ" ઓસ્કારની રેસમાંથી બહાર થઈ ગઈ છે. કિરણ રાવના નિર્દેશનમાં બનેલી આ હિન્દી ફિલ્મ એ ૧૫ ફિચર ફિલ્મોની યાદીમાં સામેલ નથી જે અંતિમ પાંચમા સ્થાન મેળવવા માટે સ્પર્ધા કરશે. એકેડમી ઑફ મોશન પિક્ચર આર્ટસ એન્ડ સાયન્સે આજે બુધવારે સવારે આની જાહેરાત કરી હતી. જો કે, બ્રિટિશ-ભારતીય ફિલ્મ નિર્માતા સંધ્યા સૂરીની "સંતોષ", જેમાં ભારતીય અભિનેત્રી શાહના ગોસ્વામી અને સુનિતા રાજવાર યુકેનું પ્રતિનિધિત્વ કર્યું છે, તેણે શોર્ટલિસ્ટમાં સ્થાન મેળવ્યું છે આ લિસ્ટમાં ફ્રાન્સની "એમિલિયા પેરેઝ", "આઈ એમ સ્ટીલ હીયર", "યુનિવર્સલ લેંગ્વેજ", "વેવ્સ", "ધ ગર્લ વિથ ધ નીડલ" અને જર્મનીની "ધ સીડ ઓફ ધ સેક્રેડ ફિગ"નો પણ સમાવેશ થાય છે. "જ્યારે કિરણ રાવની લાપતા લેડીઝને ઓસ્કાર માટે ઓફિશિયલ એન્ટ્રી તરીકે મોકલવામાં આવી ત્યારે દરેક લોકો ખૂબ જ ઉત્સાહિત હતા પરંતુ હવે ફિલ્મ પહેલા રાઉન્ડમાંથી જ બહાર થઈ ગઈ હતી. અન્ય સ્પર્ધકો છે.

# ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ખોટી ધમકી આપનારાઓ સામે કડક કાર્યવાહી થશે

## આવું કરનારાઓને નો ફ્લાઈટ લિસ્ટમાં મૂકવામાં તો આવશે જ, તેની સાથેસાથે ભારે આકરો દંડ પણ ફટકારવામાં આવશે

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।




એરલાઈન્સ અને એરપોર્ટને બોમ્બની ધમકી આપતા નકલી કોલ કરનારા બદમાશોને 'નો ફલાય લિસ્ટ'માં મૂકવામાં આવશે. આની સાથે સાથે આવા ખોટા ફોન કરીને તંત્રને હેરાન પરેશાન કરનારા પર ૧ લાખ રૂપિયાથી લઈને ૧ કરોડ સુધીનો દંડ પણ ફટકારવામાં આવશે. જો કોઈ સંસ્થાને બોગસ ધમકીઓ આપવા માટે જવાબદાર ગણવામાં આવે છે, તો તેવી સંસ્થાને ૧ કરોડ રૂપિયા સુધીનો દંડ ફટકારવામાં આવી શકે છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે નકલી કોલની શ્રેણી બાદ આકરા દંડની જોગવાઈ કરવા એરક્રાફ્ટ (સુરક્ષા) નિયમો ૨૦૨૩માં સુધારો કર્યો છે. આ ફેરફાર કરવા પાછળનું કારણ, આ વર્ષે મોટી સંખ્યામાં એરપોર્ટ કે એરલાઈન્સને આપવામાં આવેલી બોગસ બોમ્બની ધમકીઓ છે. સમયાંતરે આવી અફવાઓ ફેલાવવાથી વિમાનમાં મુસાફરી કરનારા તેમજ એરપોર્ટ પરના તંત્રને ઘણી અસુવિધાઓનો સામનો કરવો પડે છે અને તેનાથી લોકોમાં ભય અને ગભરાટનો માહોલ પણ સર્જાય છે. આ માટેનું નવુ નોટિફિકેશન, ગત ૯ ડિસેમ્બરે જ બહાર પાડવામાં આવ્યું હતું. એરક્રાફ્ટ (સુરક્ષા) નિયમોમાં સુધારો કરીને, બે નવા પગલાંની જોગવાઈ કરવામાં આવી છે અને આ નિયમો હવેથી અમલમાં આવ્યા છે. 29A એરક્રાફ્ટમાં પ્રવેશના અનામત અધિકારો પ્રદાન કરે છે. ડાયરેક્ટર જનરલ (BCAS)ના જણાવ્યા અનુસાર, જો તે સંતુષ્ટ હોય કે સુરક્ષાના હિતમાં આવું કરવું જરૂરી છે, તો તે આવી કોઈપણ વ્યક્તિને પ્રવેશ નકારી શકે છે. આ માટે આવી સૂચનાઓ લેખિત સ્વરૂપે પણ જાહેર કરી શકાય છે. સામેલ નિયમ 30A જણાવે છે કે, ખોટી માહિતી ફેલાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. કોઈપણ વ્યક્તિ કોઈપણ ફ્લાઈટ અથવા એરપોર્ટ પર નાગરિકોની સુવિધા અને સલામતીને જોખમમાં મૂકે તેવું કંઈપણ કરી શકે નહીં.

## તંત્રી લેખ...

# છેલ્લા કેટલાક વર્ષોમાં નક્સલીઓની સંખ્યામાં ઘટાડો

છત્તીસગઢમાં નક્સલી સંગઠનોના ગઢમાં જઈને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નક્સલીઓને આત્મસમર્પણ કરવાની અપીલ કરતાં જે કહ્યું કે તેમની સમક્ષ એના સિવાય બીજો કોઈ ઉપાય નથી, તે કહેવુ એટલા માટે જરૂરી હતું, કારણ કે નક્સલી હજુ પણ મુખ્યધારામાં પાછા વળવા તૈયાર દેખાતા નથી. આ સ્થિતિમાં એ જ યોગ્ય રહેશે કે તેમના આત્મસમર્પણનો રસ્તો ખુલ્લો રાખવાની સાથે જ તેમના પર સતત દબાણ પણ બનાવવામાં આવે. તેમની સામે એ વાંરવાર સ્પષ્ટ કરવું પડશે કે તેઓ બંદૂકના જોરે સત્તા અને વ્યવસ્થા પરિવર્તનનું જે સપનું જોઈ રહ્યા છે તે ક્યારેય પૂરું થવાનું નથ. કેન્દ્રીય ગૃહમંત્રી છેલ્લા કેટલાક સમયથી એ દોહરાવી રહ્યા છે કે કેન્દ્ર સરકાર માર્ચ ૨૦૨૬ સુધી નક્સલવાદની સમસ્યાને સંપૂર્ણપણે ખતમ કરી દેશે. આ લ-યને પામવા માટે જ્યાં એ જરૂરી છે કે નક્સલ પ્રભાવિત રાજ્યોની સરકારો કેન્દ્ર સરકારનો પૂરતો સહયોગ કરે, ત્યાં જ નક્સલીઓના પ્રભાવવાળા વિસ્તારોમાં વિકાસ અને જનકલ્યાણની યોજનાઓ ઝડપથી આગળ વધારવામાં આવે. એવું એટલા માટે કરવું જોઈએ, જેથી નક્સલી સંગઠન અને તેના વૈચારિક સમર્થક કહેવાતા તત્ત્વો એટલે કે અર્બન નક્સલો એવો દુષ્પ્રચાર ન કરવા પામે કે દૂરસ્થ વિસ્તારોમાં શાસન વિકાસ પર ધ્યાન નથી આપતું. જોકે આ દુષ્પ્રચારની પોલ ખૂલી જ ગઈ છે અને એ સાબિત થઈ ચૂક્યુ છે કે નક્સલી જ ગ્રામીણ વિસ્તારોમાં વિકાસ કાર્યોમાં રોડાં બન્યા છે. એ બધા જાણે છે કે નક્સલી કઈ રીતે પોતાના વિસ્તારોમાં સડકો નથી બનવા દેતા અને સ્કૂલો તથા હોસ્પિટલોના નિર્માણમાં રોડાં નાખે છે. તેમની આવી હરકતોને કારણે તેનો પર્દાફાશ થઈ ચૂક્યો છે કે તેઓ નિર્ધન વર્ગોના હિતોની લડાઈ લડી રહ્યા છે. વાસ્તવમાં તેઓ આ વર્ગોના હિતોની રક્ષામાં સૌથી વધુ અડચણ બનીને આવે છે અને એટલે જ તેમનો પ્રભાવ ઓછો થતો જાય છે. એ ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં નક્સલ પ્રભાવિત જિલ્લાની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. ૨૦૧૯માં નક્સલી હિંસાથી પ્રભાવિત જિલ્લાની સંખ્યા ૯૦ હતી. હવે આ સંખ્યા ૪૦થી પણ ઓછી રહી ગઈ છે. આ સંખ્યામાં હજુ વધુ ઘટાડો ત્યારે થશે, જ્યારે નક્સલીઓને લાગશે કે તેમના છૂપાવા માટે કોઈ જગ્યા નથી રહી. કદાચ ત્યારે જ તેઓ પોતાના નિરર્થક સંઘર્ષને વિરામ આપવા માટે તૈયાર થશે. જ્યાં સુધી તેઓ એવું નહીં કરે, ત્યાં સુધી તેમના વિરુદ્ધ કઠોરતાનો પરિચય આપવામાં સંકોચ ન કરવો જોઈએ. એટલા માટે કે કારણ કે તેઓ જ્યારે-ત્યારે સુરક્ષા દળોને નિશાનો બનાવતા રહે છે. એ સાચું કે નક્સલીઓની તાકાત ઓછી થઈ છે, પરંતુ તેમના વિરુદ્ધ અભિયાન એટલા માટે ચાલુ રહેવું જોઈએ, જેથી તે નવેસરથી ખુદને સંગઠિત ન કરી શકે. નક્સલીઓ વિરુદ્ધ ચાલતા અભિયાન અંતર્ગત એ અવશ્ય જોવું જોઈએ કે તેમના સુધી આધુનિક હથિયારો કઈ રીતે પહોંચી રહ્યા છે.

## સંસદમાં બંધારણ પર ચર્ચા એક સારી પહેલ

સંસદમાં બંધારણ પર ચર્ચા એક સારી પહેલ છે. ભારતીય બંધારણે પોતાની ૭૫ વર્ષની યાત્રા પૂરી કરી લીધી છે. ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ બંધારણ લાગુ થયું, ત્યારથી દેશે બંધારણને લ-યોને અનુરૂપ અનેક સ્તર પર પ્રગતિ કરી છે, પરંતુ કેટલાંય લ-ય હજુ ય અધૂરાં છે. એ સમીક્ષા થવી જ જોઈએ કે ૭૫ વર્ષની યાત્રામાં લ-યોની સ્થિતિ શું છે? બંધારણ પ્રદત્ત મૌલિક અધિકારોના અમલની દશા અને દિશા શું છે? જોકે સરકાર સંસદમાં બંધારણ પર ચર્ચા વિપક્ષની માંગ બાદ કરાવી રહી છે, પરંતુ બંધારણના લ-યો પર વાત થઈ હોત તો દેશને ફાયદો થયો હોત. તેમાં જે ધ્યાન આપવાની વાત છે કે વિપક્ષે આરોપ સાથે બંધારણ પર ચર્ચા શરૂ કરી છે, તે એવા આરોપ છે જેમાં રાજકારણ સિવાય કશું જ તથ્ય નથી. ગત લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસે એક વિમર્શ ઊભો કર્યો કે ભાજપનીત એનડીએ સરકાર બંધારણ બદલવા માગે છે, ભાજપના બોલબચ્ચન નેતાઓએ મોકો પણ આપ્યો, જ્યારે તથ્યાત્મક રૂપે એ સંભવ નથી. અત્યાર સુધી લગભગ ૧૨૬ બંધારણ સંશોધન થયાં છે, જેમાંથી લગભગ ૯૮થી વધારે કોંગ્રેસની સરકારો સમયે થયાં છે. બંધારણમાં સંશોધન સમયની જરૂરિયાતના હિસાબે સંસદ દ્વારા થાય છે, સંશોધન કરવું બંધારણ બદલવું એવું નથી. બંધારણ પર ચર્ચા તેને બદલવાના રાજકીય આરોપ સાથે ન થવી જોઈએ, પરંતુ વિપક્ષે તથ્યો સાથે સંસદમાં એ વાત મૂકવી જોઈએ કે અધૂરાં લ-ય કયાં છે? ડો.આંબેડકરે બંધારણમાં રાજકીય લોકતંત્ર સાથે સામાજિક અને આર્થિક લોકતંત્રની અવધારણાને પણ સમાવેશિત કરી હતી, બંધારણે ૭૫ વર્ષમાં આ લ-યોને હાંસલ નથી કર્યાં. બંધારણમાં વર્ણિત સમાનતા, સ્વતંત્રતા, ધર્મનિરપેક્ષતા અને મૌલિક અધિકારો પર આધારિત રાષ્ટ્ર નિર્માણ અને તેને મજબૂત કરવાના લ-યોમાં દેશની રાજનીતિ અડચણ જ રહી છે. જાતિગત અને સંપ્રદાયગત રાજનીતિ દેશની એક્તા અને અખંડતા તથા ભાઈચારાનું મોટું નુકસાન કરી રહી છે. આ સમય તમામ રાજકીય પક્ષો માટે અટકીને વિચારવાનો છે કે તેઓ પોતપોતાની વિભાજનકારી રાજનીતિથી દેશને કઈ દિશામાં લઈ જઈ રહ્યા છે. બંધારણ પર ચર્ચા દરમ્યાન ચાહે કોંગ્રેસ સાંસદો પોતાની વાત રજૂ કરી હોય કે સત્તાપક્ષના ભાજપી સાંસદોની રજૂઆત હોય, બધાએ માત્ર એકબીજા પર આરોપ લગાવ્યા છે. કોઈએ પણ ઈમાનદારીથી બંધારણના લ-યો પર ચર્ચા નથી કરી. બંધારણમાં અનામતની જોગવાઈ માત્ર દસ વર્ષ માટે જ હતી, તે હાલમાં રાજકીય એજન્ડા બની ગઈ છે. દેશમાં જાતિગત અનામતના ફાયદાને લઈને સોશ્યલ ઓડિટ કેમ નથી થયું? સામાજિક ન્યાયનીવિાત થાય છે, પરંતુ તેના માટે રાષ્ટ્રીય માપદંડ કેમ નથી નક્કી થયો. જાતિવાદના ખાત્મા માટે સરકારી પ્રયાસ કેમ નથી થયા? જાતિ ગણનાથી રાષ્ટ્રને શો લાભ થવાનો છે? સામાજિક પછાતપણાનો આધાર જાતિ જ કેમ? સંસદીય અને પક્ષીય રાજનીતિમાં સમાવેશી પ્રતિનિધિત્વની અવધારણા માત્ર ચૂંટણી સમીકરણ સુધી જ કેમ સીમિત છે? આમ જનતા માટે ન્યાયના દરવાજા સુધી પહોંચ સરળ કેમ નથી? સરકાર પોતાની નિષ્ફળતાઓ માટે જવાબદાર કેમ નહીં? એવા અનેક પ્રશ્ન છે, જેના પર સંસદમાં ચર્ચા થવી જોઈએ, પરંતુ દુર્ભાગ્ય એ છે કે ના વિપક્ષ પાસે બંધારણ પર ચર્ચાના વિષયની તૈયારી છે અને ના સત્તાપક્ષની રુચિ છે. લાગી રહ્યું છે જાણે કોંગ્રેસ માત્ર ભાજપ પર આરોપ લગાવવા માટે બંધારણ પર ચર્ચા કરી રહી છે. ના બંધારણ બદલાઈ રહ્યું છે, કે ના તેના પર કોઈ ખતરો છે. તેનો રાજકીય અર્થએ છે કે બંધારણ પરની ચર્ચા રાજકીય સ્વાર્થોને કારણે વિચલિત થઈ રહી છે. વિપક્ષ અને સત્તાપક્ષ બંને એકબીજા પર આરોપ લગાવવામાં વ્યસ્ત છે, પરંતુ બંધારણના મૂળભૂત મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં નિષ્ફળ રહી રહ્યા છે. બંધારણના અમલીકરણમાં આવી રહેલી મુશ્કેલીઓ અને તેના સુધારા માટેની ચોક્કસ દિશા નક્કી કરવામાં આવી નથી.

**ઈશ્વર વિશેનાં અને પ્રકૃતિ વિશેના આવા ગૂઢ રહસ્યનું આ સત્ય જોગી જોગેશ્વરા એટલે કે સાચા સંત મહાપુરૂષો જાણી ચૂક્યા છે**

# હકારાત્મક જીવન માટે નરસિંહનું "જે ગમે જગતગુરુ જગદીશ ને ! એક ઉત્તમ વિચાર



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આ જગત ઈશ્વર આધીન અને ઈશ્વર ઈચ્છાથી જ ચાલતી હોવા છતાં જીવની અજ્ઞાનતા એ છે કે દરેક કાર્યમાં પોતાનું હું પણું નાખ્યા વગર તેને ચાલતું નથી, અને કુટુંબમાં હોય કે સમાજમાં હોય, તેને સતત એવું લાગે છે, કે આ બધું જ મારા થકી છે, મેં આમ કર્યું માટે આમ થયું, નહીં તો કંઇ જ થાય નહીં, એટલે કે તેના એકથી જ જગત ચાલે છે, તેઓ તેને ભાસ થાય છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. નરસિંહ જાગૃતિનાં કવિ છે, અને હમણાં ગુરુવારે પ્રાર્થનાનાં દોરમાં એના પર લખવાનું હોવાથી વહેલા જગાડી દે છે. આજે પણ એના વિશે અંતરમાં જો ચિંતન થાય તો વ્યક્તિ જાગૃત થઈ શકે, એટલી તીવ્રતા તેનામાં છે. આજકાલ જીવનમાં સૌ નિરાશ થઈ ગયા છે, કારણ કે કોઈને આવતીકાલ ઉજળી દેખાતી નથી. ત્યારે હકારાત્મકતા તરફ જીવનને લઈ જવા માટે, પહેલા દરેકે પોતાના જીવનમાં હકારાત્મક અભિગમ કેળવવો પડશે. હકારાત્મક બનવા માટે વધુ એક નવીન પ્રયોગ કર્યો, આ પ્રકૃતિની નિયમિતતા અને હકારાત્મકતાને શ્વાસમાં ભરી અંદર લઈ ઉપર સુધી ખેંચી એટલે કે તાજી હવાને શ્વાસમાં લઈને પછી પાંચ પ્રાણાયામ કર્યા. ઓમકારની એ ગુંજ મન મસ્તિષ્ક બંનેને પ્રસન્ન કરવા માટે કાફી છે. નરસિંહનું એક પદ આપણે જોઈ ગયાં અને માનસ વૈષ્ણવ બન્યો. આજે આપણે હકારાત્મકતા તરફ લઈ જાય એવું નરસિંહનું એક બીજું સુપ્રસિદ્ધ પદ, જે ગમે જગત ગુરૂદેવ જગદીશને એ વિશે ચિંતન કરીશું.

★નરસિંહ મહેતા★

જે ગમે જગત ગુરુ દેવ જગદીશને,
તે તણો ખરખરો ફોક કરવો;
આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે,
ઊગરે એજ ઉદ્વેગ ધરવો,
જે ગમે જગત ગુરુ દેવ જગદીશને.

જીવનને હકારાત્મકતા તરફ લઈ જવા માટે, આનાથી ઉત્તમ વિચાર બીજો એક પણ હોઈ શકે નહીં. પૂર્ણપણે અસ્તિત્વમાં સમર્પણ, એ જ શ્રેષ્ઠ ઉપાય છે. જગત જગદીશ્વરની ઈચ્છા મુજબ જ બસ અહીં બધું થઈ રહ્યું છે, માટે તેનો હર્ષ કે શોક કરવો એ વ્યાજબી નથી આપણે લાખ પ્રયત્ન કરીએ અથવા તો વિચારીએ, કે આમ થયું હોત તો સારું હતું, અથવા તો આમ થાય તો સારું. પરંતુ એવું થતું નથી, કારણ કે એ જીવની ઈચ્છા છે, જ્યારે અહીં તો શિવ એટલે કે જગદીશની ઈચ્છા મુજબ બધું થાય છે. એટલે સુખ દુખનો ઉદ્વેગ મનમાં કર્યા વગર જે કંઈ ઘટના ઘટી રહી છે તે આપણા હિત માટે જ ઘટી છે, એવું વિચારી અને જીવવું, એવું કવિ કહેવા માંગે છે.

હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા,
સકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણ છે સર્વ એણી પેરે,
જોગી જોગેશ્વરા કંઈક જાણે,
જે ગમે જગત ગુરુ દેવ જગદીશને.

આ જગત ઈશ્વર આધીન અને ઈશ્વર ઈચ્છાથી જ ચાલતી હોવા છતાં જીવની અજ્ઞાનતા એ છે કે દરેક કાર્યમાં પોતાનું હું પણું નાખ્યા વગર તેને ચાલતું નથી, અને કુટુંબમાં હોય કે સમાજમાં હોય, તેને સતત એવું લાગે છે, કે આ બધું જ મારા થકી છે. મેં આમ કર્યું માટે આમ થયું, નહીં તો કંઈ જ થાય નહીં. એટલે કે તેના એકથી જ જગત ચાલે છે, તેઓ તેને ભાસ થાય છે, પરંતુ હકીકત તો એ છે કે સૃષ્ટિના મંડાણ જ તેના થકી છે, અને તેને કેમ જીવવું એ પણ તેના હાથમાં છે. પરંતુ જીવ ક્યાં આસાનીથી હું પણું છોડી શકે છે. ઈશ્વર વિશેનાં અને પ્રકૃતિ વિશેના આવા ગૂઢ રહસ્યનું આ સત્ય જોગી જોગેશ્વરા એટલે કે સાચા સંત મહાપુરૂષો જાણી ચૂક્યા છે.

નીપજે નરથી તો કોઈ ના રહે દુ:ખી,
શત્રુ મારીને સૌ મિત્ર રાખે;
રાય ને રંક કોઈ દ્રષ્ટે આવે નહિ,
ભવન પર ભવન પર છત્ર દાખે,
જે ગમે જગત ગુરુ દેવ જગદીશને.

જો આ બધું જ મનુષ્યના હાથની વાત હોત, તો અહીં કોઈ જ દુ:ખી ન હોત અને કોઈને શત્રુ પણ નહોત. કારણ કે શત્રુ મારીને બધા મિત્ર બનાવે,તેમજ સંસારમાં ક્યાંય રાય રંકનો ભેદ નહોત, આ વાત લખી કવિ અહીં ધીરેકથી કર્મનો સિદ્ધાંત, અને પુનર્જન્મની વાત મૂકે છે, અને કહે છે કે સારું કર્મ કરીએ તો સારા ભાગ્યની પ્રાપ્તિ થાય, ઉપરાંત ભવન પર ભવનનું છત્ર એટલે સ્વર્ગની વાત પણ રાખી.

ઋતુલતા પત્ર ફળ ફૂલ આપે યથા,
માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે;
જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું,
તેહને તે સમે તે જ પહોંચે,
જે ગમે જગત ગુરુ દેવ જગદીશને.

રોજ આપણે જે વાત કરી રહ્યા છીએ, કે પ્રકૃતિ નિયત સમયે એનું કાર્ય કરી રહી છે, એટલે કે ઋતુ લતા પોતાના સમયે ફળ ફૂલ આપે છે. પરંતુ માનવી મૂર્ખ છે કે પોતાની નિયતિ અનુસાર જે કાર્ય કરવા આવ્યો છે તે કરતો નથી, અને બીજે ફાફા મારે છે, અને ભોગવાદી માનસ હજી વધુની માંગને કારણે અહીં તહીં ભટકે રાખે છે. જેના ભાગ્યમાં જે સમયે જે કંઈ મળવાનું લખ્યું હશે, તે મળશે જ પરંતુ તેને સમયનો યોગ કહે છે, એટલે કે યોગ થાય ત્યારે જ તે મળે. જીવના પ્રારબ્ધમાં જો સુખ લખ્યું હશે, તો તેને કોઈ રોકી નહીં શકે, અને દુ:ખ લખ્યું હશે તો તેની આડા કોઈ હાથ રાખી શકે નહીં.

સુખ સંસારી મિથ્યા કરી માનજો,
કૃષ્ણ વિના બીજું સર્વ કાચું;
જુગલ કર જોડી કરી નરસૈંયો એમ કહે,
જન્મ પ્રતિ જન્મ હરિને જ જાચું,
જે ગમે જગત ગુરુ દેવ જગદીશને.

સંસારી માટે સુખ એ ઝાંઝવાના જળ સમાન છે, એને મિથ્યા કરી માનજો, એટલે કે તેની પાછળ દોડવાનું રહેવા દઈ, અને કૃષ્ણ ભક્તિમાં લીન થઈ રહેવું, એટલે કે ઈશ્વરની ભક્તિ કરી લેવી. નરસિંહ પોતાના ભાવને વિનમ્રતાથી મૂકતા કહે છે, કે હું તો જન્મ જન્મ હરિને જ માંગુ છું. કારણ કે જે ગમે જગત ગુરૂદેવ જગદીશને, એટલે જ પોતાનાં જીવનની એક પણ ઘટનાનો તેણે શોક કર્યો નથી. આપણે જાણીએ છીએ કે નાગર નરસિંહને પોતાની જીવનયાત્રામાં કેટલા કેટલા સંકટો આવ્યાં. પરંતુ એ સંકટ સામે તેમણે ફરિયાદ કરી નથી, પરંતુ એ સંકટને સહન કરી અથવા તો પોતાનું ગણી સ્વીકારી લીધું, તો તેમાંથી આત્મચિંતન થયું. હકારાત્મકતાનો સંદેશ આપતી નરસૈયાની આ કૃતિ અદભૂત છે, જાગને જાદવાથી, જીવને જગાડી અને પછી જે ગમે જગત ગુરુ, એટલે કે જાગ્યા પછી હકારાત્મક અભિગમ સાથે જીવનમાં આગળ વધવું. સંજોગો કોઈના એકસરખાં ક્યારે રહેતા નથી. આજે સુખ તો આવતીકાલે દુ:ખ, અને આજે દુ:ખ તો આવતીકાલે સુખ એમ આ તડકી છાયડીમાં જ સૌના જીવન હોય છે. હા રૂપિયા પૈસાની તંગીને સુખ દુખ એવું નામ આપી શકાય નહીં, કારણકે રૂપિયા પૈસા વાળાને કોઈ દુ:ખ હોતું નથી, એ વાત તદ્દન ખોટી છે. સમસ્યા તો આપણી કરતાં તેમને વધુ છે, અને સમસ્યા વગરનું જીવન આમ પણ નીરસ લાગે. જીવનમાં સંઘર્ષ આવે તો જ પાછળ પાછળ સંતોષ આવે, એ સત્ય જેટલું ઝડપથી સમજાય એટલું જીવન સરળ બને. નરસિંહ વિશે તો લખવા બેસીએ તો દિવસ-રાત ઓછા પડે, એક તો પ્રિય પાત્ર, અને આજકાલ તો સતત જહેનમાં રમતું તેનું અસ્તિત્વ, ક્ષણે ક્ષણે જીવનના નવા નવા અર્થો બતાવે છે. ક્યારેક જાગવું, ક્યારેક જાગીને ચાલવું, અને ક્યારેય ચાલતાં -ચાલતાં અંતે સમર્પણ. બિલકુલ નદીની જેમ જ તેમની જીવનયાત્રા દેખાય છે, જે અંતે કૃષ્ણ રૂપી મહાસાગરમાં સમર્પિત થઈ, અને એ મહાસાગરની પૂર્ણ ઉપલબ્ધિને પામી ગયા.

**રામચંદ્રજીનો અવતાર રાક્ષસોનો સંહાર કરવા માટે થયો નથી, પરંતુ મનુષ્યોને ઉચ્ચ આદર્શ બતાવવા માટે થયો છે**

# જીવમાત્ર આરામને શોધે છે, જીવમાત્ર શાંતિ ચાહે છે, એવી શાંતિ કે જે શાંતિનો ભંગ ન થાય..



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**બધા દિવ્ય સદગુણો જેમાં એક થાય છે તે પરમાત્મા છે, લક્ષ્મણ જી વિવેકનું, ભરતજી વૈરાગ્યનું અને શત્રુઘ્ન સદવિચારનું સ્વરૂપ છે, ભરત અને શત્રુઘ્ન એટલે વૈરાગ્ય અને સદવિચાર, જો અયોધ્યામાં ન હોય તો દશરથ કૈકેયીને આધીન થાય, નહીંતર નહીં, ચંદન અને પુષ્પ થી રામજીની સેવા કરો એ ઠીક છે, પણ રામજીની આજ્ઞાનું પાલન કરો એ રામજીની ઉત્તમ સેવા છે.**

આજે ઠંડા શીતળ વાતાવરણ વચ્ચે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો દર્શનમાં નામરૂપ ભૂલાય ત્યારે દર્શનનો આનંદ આવે છે. બ્રહ્મદર્શનનો આનંદ આવે છે. ઈશ્વરદર્શન થયા પછી વેદો પણ ભૂલાઈ જાય છે. ઈશ્વરનો સાક્ષાત્કાર થાય તો વેદની પણ જરૂર નથી. પ્રભુદર્શન થતાં નામરૂપ ભૂલાય છે. પોતાનું ભાન પણ રહેતું નથી. એટલે વસિષ્ઠજી કહે છે કે, મારું નામ પણ હું ભૂલી ગયો છું. કૌશલ્યાએ બાળકને ગોદમાં લીધો, ને બહાર આવ્યાં. અયોધ્યાની પ્રજા રામલાલાનાં દર્શન કરે છે. જીવમાત્ર આરામને શોધે છે, જીવમાત્ર શાંતિ ચાહે છે. એવી શાંતિ કે જે શાંતિનો ભંગ ન થાય. રામજીની મર્યાદાનું પાલન કરો તો જીવનમાં સાચી શાંતિ મળશે. ધર્મનું ફળ છે શાંતિ, અધર્મનું ફળ છે અશાંતિ. ધર્મની મર્યાદાનું પાલન ન કરે તેને શાંતિ પ્રાપ્ત થતી નથી. સ્ત્રી સ્ત્રીની મર્યાદામાં રહે અને પુરુષ પુરુષની મર્યાદામાં રહે તો શાંતિ મળે. ધર્મમર્યાદા વિનાનાં જ્ઞાન, ભક્તિ કે ત્યાગ સફળ થતાં નથી. આજકાલ જ્ઞાન અને ભક્તિ વધ્યાં છે એમ લાગે છે પણ કોઇને શાંતિ મળતી નથી. તેનું કારણ એ છે કે, કોઈ ધર્મમર્યાદા પાળતાં નથી. ધર્મમર્યાદા પાળ્યા વગર ભક્તિ, જ્ઞાન પણ નકામા છે. ચંદ્ર, સૂર્ય ધર્મની મર્યાદામાં છે. સમુદ્ર પોતાની મર્યાદા છોડતો નથી, ત્યારે લોકોને થોડા પૈસા મળે, અધિકાર વધે, માન મળે, એટલે ઘમંડમાં આવી જાય છે અને માને છે કે હું મોટો સાહેબ છું. મને પૂછનાર કોણ? બધા દિવ્ય સદગુણો જેમાં એક થાય છે તે પરમાત્મા છે. લક્ષ્મણ જી વિવેકનું, ભરતજી વૈરાગ્યનું અને શત્રુઘ્ન સદવિચારનું સ્વરૂપ છે. ભરત અને શત્રુઘ્ન એટલે વૈરાગ્ય અને સદવિચાર. જો અયોધ્યામાં ન હોય તો દશરથ કૈકેયીને આધીન થાય, નહીંતર નહીં. ચંદન અને પુષ્પથી રામજીની સેવા કરો એ ઠીક છે, પણ રામજીની આજ્ઞાનું પાલન કરો એ રામજીની ઉત્તમ સેવા છે. ભગવાનની ઉત્તમ સેવા એ છે કે, ભગવાનની આજ્ઞાઓનું પાલન કરવું. જો તેમ કરવા માં ન આવે તો ઈશ્વર કહે છે કે, મારું કહેલું તું કરતો નથી, તો તારી સેવા હું સ્વીકારતો નથી. રામજીનું ચરિત્ર એટલું પવિત્ર છે કે, તેનું સ્મરણ કરતાં આપણે પવિત્ર થઈ જઇએ છીએ. વર્તન રાવણ જેવું રાખો અને રામનામનો જાપ કરો તો રામનામનું ફળ મળતું નથી. વર્તન રામ જેવું રાખો અને રામનામનો જપ કરો તો તાળવા માંથી અમૃત ઝરશે.રામજીની ઉત્તમ સેવા એ છે કે,રામજીનો એક એક સદગુણ જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરો. રામચંદ્રજીનો અવતાર રાક્ષસોનો સંહાર કરવા માટે થયો નથી, પરંતુ મનુષ્યોને ઉચ્ચ આદર્શ બતાવવા માટે થયો છે. જગતનો ઉદભવ માનવધર્મનો ઉપદેશ આપવા માટે થયો છે.રામજી સકળસદગુણોનો ભંડાર છે. પરમાત્મા હોવા છતાં તેઓ સકળ મર્યાદાઓનું બરાબર પાલન કરે છે.વાલ્મિકી વિચાર કરે છે કે, રામને કોની સાથે સરખાવું? રામને શું ઉપમા આપું? બહુવિચાર કર્યો,પરંતુ કોઈ ઉપમા ન જડી ત્યારે બોલ્યા કે, રામ જેવા રામ જ છે. તમે માનો ગમે તે દેવને, શંકરને, વિષ્ણુને કે કોઈ દેવદેવીને,પરંતુ વર્તન રામજીનું જેવું રાખો.શંકર ના ભક્ત હો કે શ્રીકૃષ્ણના, પણ વર્તન રામ જેવું રાખો. જેનું વર્તન રામ જેવું હશે તેની ભક્તિ ફળ થશે. અનુકરણ રામજીનું કરવાનું છે. શ્રીકૃષ્ણલીલાઓ અનુકરણ કરવા માટે નથી, પણ તે લીલાઓ શ્રવણ કરી તન્મય થવા માટે છે. ગોકુળલીલામાં પુષ્ટિ છે, રામલીલામાં મર્યાદા છે. રામજીનું સમગ્ર વર્તન અનુકરણીય છે. રામ સર્વ ગુણોના ભંડાર છે. પ્રત્યેક સ્ત્રીમાં રામજી માતૃભાવ કંખતા. મનુષ્ય એક બાજુથી પુણ્ય કરે છે અને બીજી બાજુથી પાપ પણ ચાલુ રાખે છે. સરવાળે પણ હાથમાં આવતું નથી. રામજી સ્થિર ભાવ રાખવાનું કહે છે. રામ માતાપિતાની આજ્ઞામાં હંમેશા રહેતા.રામ સદા દશરથ-કૌશલ્યા ને પ્રણામ કરતાં. આજે તો છોકરાઓને પિતાની મિલકત હતાં સંકોચ-શરમ નડતાં નથી અને વંદન કરવામાં સંકોચ થાય છે! માતાપિતા લક્ષ્મી- નારાયણરૂપ છે. તેમને વંદન કરો. સ્વચ્છંદી રીતે કદી ન વર્તો. કથા નથી રઘુનાથજીની ઉદારતાનો, રઘુનાથજીની દીનવત્સલતાનો જોટો જગમાં નથી. રામ જેવા રાજા થયા નથી અને થવાના નથી.રામચરિત્ર દિવ્ય છે . રામજીનું ચરિત્ર સર્વને ડોલાવે છે તેથી મહાત્માઓ તે ચરિત્રને દિવ્ય કહે છે.રામજીની કથા એવી દિવ્ય છે કે,જે એ સાંભળે તે એમાં ભાવ વિભોર થઈ ડોલવા માંડે છે. દેવો, ગંધર્વો પણ આમ ડોલી ઊઠે છે અને કથામાં મસ્ત બની જાય છે. એ જોઈ બ્રાહ્મણને ચિંત થઈ કે, શેષનાગ, જેની ફણા પર આ પૃથ્વી રહેલી છે,તે જો આ રામ કથા સાંભળી ડોલવામાં તો સૃષ્ટિ ની શું દશા થાય? તેથી તેમણે શેષ નાગનેસર્પમાત્રને કાન આપ્યા નથી એમ છે.રામની કથાનું આટલું માહાત્મ્ય છે. કવિઓ કહે, રામજી પિતૃભક્ત છે. પિતાનું બધું રાખ્યું, પણ એક વસ્તુ એમણે રાખી નથી. દશરથનું બહુપત્નીત્વ તેમણે સ્વીકાર્યું નથી. મુખથી નહીં, પણ પોતાના આચરણથી તેમણે એ બતાવ્યું છે. રામજી સર્વ સદગુણના ભંડાર છે. સર્વમાંથી શુભ લેનારા છે, પણ વડીલોમાં જે લેવા જેવું તે જ લીધું છે. પુરુષ એક જ સ્ત્રીમાં ભાવ રાખે અને ધર્માનુકૂલ જીવન ભોગવે તો તે ગૃહસ્થ હોવા છતાં બ્રહ્મચારી છે. રામજી આંખ ઊંચી કરી કોઈને જોતા નથી. સીતાજી પણ આંખ ઊંચી કરી પરપુરુષને જોતાં ન હતાં. આ શાસ્ત્રની મર્યાદા છે. આવી મર્યાદા પાળશો તો જીવન સુધરશે. વાલ્મીકિ-રામાયણના સુંદર કાંડમાં એક કથા છે. હનુમાનજી સીતાજીને અશોકવન માં મળે છે. વિદાય વખતે સીતાજી તેમને કહે છે, તું આવ્યો તે સારું થયું, પણ તારા ગયા પછી રાક્ષસીઓ મને ત્રાસ આપશે. ત્યારે હનુમાનજી કહે છેકે, આજ્ઞા કરો તો હમણાં જ આપને ઉપાડી ને રામજી પાસે લઈ જાઉં. સીતાજી કહે છે કે, ના. તું મારો દીકરો છે,તું બાળબ્રહ્મચારી છે, પવિત્ર છે, પણ તું પુરુષ અને હું સ્ત્રી છું. મારા માટે પરપુરુષનો સ્પર્શ વર્જ્ય છે. મનુષ્યજીવનના આવા ઉચ્ચ આદર્શ રામકથામાં આપણને જોવા મળે છે. તેવા બીજે ક્યાંય નથી મળતાં. સ્ત્રી પતિ સિવાય કોઈ સાધુ સંતોનો પણ ચરણ સ્પર્શ ન કરે.સીતાજી આદર્શ સ્ત્રી ધર્મનું તત્ત્વ જગતને બતાવે છે, રામસરળ છે પણ સીતાજીની સરળતા અલૌકિક છે. વડીલનું દિલ કોઈ દિવસ ન દુભાવવું. રામજીને કૈકેયીએ વનવાસ આપ્યો. ત્યારે કૈકેયીને પળે માનમાં રામજીએ કહયું છે, મા, મારો ભરત રાજા થતો હોય તો ચૌદ વર્ષ તો શું, હું કાયમને માટે વનમાં રહેવા તૈયાર છું. મા, હું જાણું છું કે, તારો મારા તરફ પક્ષપાત છે. ભરત કરતાં તારો પ્રેમ મારામાં વિશેષ છે એ હું જાણું છું. હું જાણું છું કે, ઋષિમુનિઓનો મને સતસંગ પ્રાપ્ત થાય એટલા જ માટે તે મને વનવાસ આપ્યો છે. અમારા કલ્યાણ સિવાય તમારા મનમાં બીજી કોઈ કામના નથી. આવું જેનું મન છે તેની સામે કૈકેયી પણું પણ આખરે ટકી શકતું નથી. શિવજી રોજ રામકથા ઉમાને સંભળાવે છે. હનુમાનજી રામકથા સાંભળે છે.રામાયણની કથા શિવજીએ એક કરોડ શ્લોકમાં લખી છે. એક વખત દેવો, ઋષિઓ અને મનુષ્યો શિવજી પાસે એ રામાયણની માગણી કરવા ગયા. રામાયણના શ્લોક એક કરોડ. તેના ત્રણ માગ કરતાં દરેક ભાગે ૩૩,૩૩,૩૩૩ શ્લોક આવ્યા. વહેંચણી કરતાં એક શ્લોક વધ્યો. તેને માટે ત્રણ વચ્ચે ઝઘડો થયો. એક પણ કોઈ જવા દેવા તૈયાર નથી. શિવજીને ઝગડો ગમતો નથી. જ્યાં યુદ્ધ નથી, વેર નથી, સ્વાર્થ નથી, વાસના નથી, વિષમતા નથી, ત્યાં અયોધ્યા છે અને ત્યાં રામ અવતાર ધારણ કરીને આવે છે. જ્યારે કૈકેયીના મનમાં વિષમતા, વાસના કે સ્વાર્થ જાગે, ત્યારે રામ અયોધ્યા છોડી જાય છે. બળદ અને સિંહ, ઉંદર અને સર્પ, મોર અને સર્પ વચ્ચે જન્મસિદ્ધ વેર છે.છતાં શિવજી ના દરબારમાં આવ્યા પછી એ પશુઓ પણ વેર ભૂલી જાય છે અને બળદ સિંહ સાથે રહે છે. ગરુડ અને સર્પને પણ જન્મથી વેર છે, છતાં વિષ્ણુ ભગવાન પાસે વેર નથી. શિવજીએ કહ્યું કે, શ્લોક એક છે અને લેનાર ત્રણ છે. શ્લોકમાં અક્ષરો હતા બત્રીસ, એટલે શ્લોકના અક્ષરો ગણ્યા તો બત્રીસ થયા. તેમાંથી એક એકને દસ દસ આપ્યા. આ પ્રમાણે પ્રેસ અથરો જતાં બાકી રહ્યા બે અક્ષરો. શિવજીએ કહ્યું કે, આ બે અક્ષરો હું રાખી લઉં છું. બધું સાપ્યું પણ રામ શિવજીએ બે અક્ષર કોઇને આપ્યા નહીં.તે પ્રમાણે રામને હંમેશાં હૃદયમાં રાખજો. ભગવાન શંકર રામાયણના આચાર્ય કહેવાય છે. શિવજી જગતને બતાવે છે કે,ઝેર પી ગયા, પણ રામનામના પ્રતાપથી મને કાંઈ થયું નહીં. જીવનમાં ઝેર પીવાના અનેક પ્રસંગો આવે છે. જ્યારે ઝેર પીવાનો પ્રસંગ આવે ત્યારે પ્રેમથી શ્રીરામ શ્રીરામ બોલો. સંસારમાં પણ નિંદા, વ્યાધિ વગેરે ઝેર છે. બાળવા આવે ત્યારે રામનામનો જપ કરજો. ભગવાન શિવ રામ નામ અમૃતનું નિત્ય પાન કરે છે તેથી તે શિવ છે. કલ્યાણ સ્વરૂપ છે. ભજીએ કહ્યું છે કે, હું રામજીની કથા કરું છું, પણ રામજી કેવા છે તે હજુ હું જાણતો નથી. -રજનો આ વિનય છે.જે જાણે છે કે હું કાંઈ જાણતો નથી એ જ બધું જાણે છે.શિવજી જેવા નવો વિનય કરે છે,જ્યારે આપણા અલ્પ ભણેલા ઓ મહા જ્ઞાની હોવાનો દેખાવ કરે છે. અયોધ્યામાં રઘુનાથજીનું પ્રાગટ્ય થયું છે.


## રેપર અને સિંગર બાદશાહને એક ભૂલ ભારે પડી પોલીસે ફટકાર્યો મોટો દંડ

રેપર-સિંગર બાદશાહને એક ભૂલ ભારે પડી છે. ગુરુગ્રામ પોલીસે રેપર-સિંગરનું ટ્રાફિક નિયમો ફોલો ન કરવાના કારણે ચલણ કાપ્યું છે. બાદશાહ ગુરુગ્રામમાં એક કોન્સર્ટમાં સામેલ થવા માટે આવ્યો હતો. જે ગાડીમાં બાદશાહ સવાર હતો, તે ગાડી રોંગ સાઈડમાં ચલાવવામાં આવી રહી હતી. ત્યારે ટ્રાફિક પોલીસે બાદશાહનું ચણલ કાપ્યું છે. બાદશાહ ગુરુગ્રામના સેક્ટર ૬૮માં એયરિયા મોલમાં આયોજિત કરણ ઔજલાના કોન્સર્ટમાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે બાદશાહ બ્લેક રંગની થાર કારમાં ગુરુગ્રામ પહોંચ્યો હતો. આ ગાડી પાણી પતના એક યુવકના નામે રજિસ્ટર્ડ છે. બીજી તરફ બાદશાહની કાર રોંગ સાઈડમાં ચલાવવા પર સોશિયલ મીડિયા પર લોકોએ સવાલો ઉઠાવતા પોલીસ પણ એક્શનમાં આવી ગઈ અને કાર્યવાહી કરતા ટ્રાફિકના નિયમો તોડવા બદલ રેપર-સિંગરને મોટો દંડ ફટકાર્યો છે. તમને જણાવી દઈએ કે, રોંગ સાઈડમાં ગાડી ચલાવવા બદલ ગુરુગ્રામ પોલીસે બાદશાહ પાસેથી મોટો દંડ વસૂલ્યો છે. તેના પર ૧૫,૫૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. આ સાથે જ ગુરુગ્રામ પોલીસે ઝઝ્ફ ફૂટેજ પણ કબજામાં લઈ લીધા છે. તમને જણાવી દઈએ કે, બાદશાહ પહેલા પણ ઘણા સેલેબ્સે ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કર્યુ હતું. તાજેતરમાં જ જ્યારે કાર્તિક આર્યન મુંબઈના સિદ્ધિવિનાયક મંદિર પહોંચ્યો હતો ત્યારે તેણે નો પાર્કિંગ ઝોનમાં પોતાની કાર પાર્ક કરી હતી. આ કારણોસર તેને દંડ ફટકારવામાં આવ્યો હતો.

# ‘પુષ્પા ૨’નો અંત લટકાવી રાખવા બદલ શું રાજામૌલિ જવાબદાર?

**સીક્વલના કલ્ચરને લોકપ્રિય કરવાનો આરોપ તેના પર મુકવામાં આવી રહ્યો છે**





સમગ્ર દેશમાં બે અઠવાડિયાથી ‘પુષ્પા ૨’ છવાઈ ગઈ છે. ખાસ કરીને હિન્દી ફિલ્મ જોતા રાજ્યોમાં સફળતાએ ‘પુષ્પા ૨’ને સરળતાથી ૧૦૦૦ કરોડની ક્લબમાં સ્થાન અપાવ્યું છે. બ્લોકબસ્ટર હોવા છતાં આ ફિલ્મ તેના અંત માટે ટીકા થઈરહી છે. અંત લટકાવી રાખવા બદલ કેટલાક લોકો રાજામૌલીને જવાબદાર માને છે. ઘણા લોકો એવું માને છે કે ‘બાહુબલી ૨’ સાથે રાજામૌલીએ સીક્વલનો ટ્રેન્ડ શરૂ કર્યો છે. ત્યાર પછી લગભગ બધી જ મોટી ફિલ્મો છેલ્લે એક એવા પડાવ પર લાવીને લટકાવી દેવામાં આવે છે, જેથી ઓડિયન્સને હવે પછી શું? તેની ઉત્સુકતા રહે. ફિલ્મનો અંત યોગ્ય છે કે નહીં તે વિચાર્યા વગર આમ થતું હોવાથી ભારતીય ઓડિયન્સને ગમતી ‘હેપ્પી એન્ડિંગ’વાળી મજા આવતી નથી. આ જ કારણથી ‘દેવરા’ અને ‘પુષ્પા ૨’ બંનેની ખેંચાયેલા અને અસંતોષકારક અંત બદલ ટીકા થઈ છે.દર્શકો એક ફિલ્મ પાછળ ત્રણથી ચાર કલાક વેડફે અને અંતે કશું અર્થસભર જોયાં વિના થિએટરમાંથી નીકળી જતાં હોય એવું લાગે છે. ભારતીય સીનેમામાં સીક્વલનો દોર રાજામૌલિની બાહુબલિ સાથે થયો હતો. મહિનાઓ સુધી કટપ્પાને બાહુબલિ કો ક્યું મારા? ટ્રેન્ડ થયુ હતું. આ ઉત્સુકતા ફિલ્મને લાભ કરાવી ગઈ અને તેથી ફિલ્મ મેકર્સે રાજામૌલિને ફોલો કર્યા. આમ રાજામૌલીએ ‘દેવરા’ કે ‘પુશ્પા ૨’ ડિરેક્ટ ન કરી હોવા છતાં સીક્વલના કલ્ચરને લોકપ્રિય કરવાનો આરોપ તેના પર મુકવામાં આવી રહ્યો છે. એક વાર્તાને લંબાવતા રહીને ઓડિયન્સને ગમેલા કેરેક્ટર્સ ફરી બતાવી દેવાથી નવેસરથી મહેનત કરવાની જરૂર પડતી નથી, તેવું ઘણાં ફિલ્મ ક્રિટિક્સ માને છે.

## અનુપમાની સમસ્યાઓનું સમાધાન કરશે અનુજ

ટીવીના ફેમસ શો ‘અનુપમા’ને લઈને આ દિવસોમાં ઘણો હોબાળો ચાલી રહ્યો છે. ઓક્ટોબરમાં શોમાં ૧૫ વર્ષનો લીપ આવ્યો હતો, ત્યારબાદ અનુજ કાપડિયાનું પાત્ર ‘અનુપમા’માંથી હટાવી દેવામાં આવ્યું હતું, જેના કારણે ફેન્સ ખૂબ જ નિરાશ થયા હતા. તમને જણાવી દઈએ કે અભિનેત્રી રૂપાલી ગાંગુલી અને ગૌરવ ખન્ના શો ‘અનુપમા’માં લીડ રોલમાં છે. આવી સ્થિતિમાં ગૌરવ ખન્નાના શોમાંથી બહાર નીકળવાથી ફેન્સ દુખી થયા હતા. અનુજ કાપડિયા છેલ્લા ૨ મહિનાથી શોમાં જોવા મળ્યો નથી. આવી સ્થિતિમાં હવે શોમાં ગૌરવ ખન્નાના રોલને લઈને એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો શો ‘અનુપમા’માં અનુજ કાપડિયાની ભૂમિકા ભજવનાર એક્ટર ગૌરવ ખન્ના બે મહિના પછી ટૂંક સમયમાં શોમાં કમબેક કરવા જઈ રહ્યો છે. અહેવાલો અનુસાર, હાલમાં ગૌરવ ખન્ના અને નિર્માતાઓ વચ્ચે અનુજ કાપડિયાના પાત્રની વાપસીને લઈને વાતચીત ચાલી રહી છે. આવી સ્થિતિમાં અનુજ કાપડિયા શોમાં વાપસી કરે તેવી અપેક્ષા છે. તમને જણાવી દઈએ કે તાજેતરમાં જ અભિનેત્રી રૂપાલી ગાંગુલીએ પણ અનુજ કાપડિયાની શોમાં એન્ટ્રી પર પ્રતિક્રિયા આપી હતી. રૂપાલી ગાંગુલીએ કહ્યું હતું કે મને ખબર નહોતી કે શોની સ્ટોરીલાઈન બદલાશે. તેણીએ કહ્યું હતું કે તે ગૌરવને શોમાં પાછો જોવા માંગે છે. તમને જણાવી દઈએ કે શો ‘અનુપમા’માં રૂપાલી ગાંગુલીની વાપસીને લઈને ગૌરવ ખન્નાએ કોઈ પ્રતિક્રિયા આપી નથી. તેણે કહ્યું હતું કે, ‘હાલમાં તેની પાસે વર્તમાન દિશા વિશે કોઈ માહિતી નથી.’ તેણે કહ્યું હતું કે તે હાલમાં સેટ પર તેના કામ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે.

**સારા અલી ખાન પોતાની લવ લાઈફને લઈને ચર્ચામાં રહે છે**

# એક્સ બોયફ્રેન્ડ સાથે નાચી સારા ખાન

### સૂત્રો અનુસાર કદાચ બંનેએ ફરી એકવાર તેમના પ્રેમને તક આપવાનું વિચાર્યું



અભિનેત્રી સારા અલી ખાન પોતાની લવ લાઈફને લઈને ચર્ચામાં રહે છે. હવે સારાનો તેના એક્સ બોયફ્રેન્ડ વીર પહાડિયા સાથેનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો મસૂરીનો છે. આ વીડિયોમાં તે વીર સાથે ડાન્સ કરતી જોવા મળી રહી છે. બંનેને એકસાથે ડાન્સ કરતા જોઈને સોશિયલ મીડિયા પર એવી ચર્ચા ચાલી રહી છે કે કદાચ બંનેએ ફરી એકવાર તેમના પ્રેમને તક આપવાનું વિચાર્યુ છે. જોકે, આ અંગે બંને તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી. તમને જણાવી દઈએ કે વીડિયોમાં સારા અલી ખાન અને વીર પહાડિયા પહાડિયા ગઢવાલી ગીત પર ડાન્સ કરતા જોવા મળે છે. પાછળ તિબેટીયન બૌદ્ધ મંદિર દેખાય છે. બંને એકસાથે ડાન્સ કરતા ખૂબ જ ખુશ દેખાઈ રહ્યા છે. સારાએ વ્હાઈટ કલરની સાડી પહેરી છે. આ સાથે મેચિંગ સ્લીવલેસ બ્લાઉઝ પહેરેલો છે. જ્યારે વીર બ્લેક બ્લેઝર અને સફેદ પેન્ટ, બ્રાઉન બૂટમાં છે. નોંધનીય છે કે સારા અલી ખાન અને વીર પહાડિયા મુંબઈમાં સાથે મોટા થયા હતા અને કહેવાય છે કે બંને એક સમયે એકબીજાને ડેટ પણ કરી ચૂક્યા હતા. સારા અલી ખાનનું નામ તેની કારકિર્દીના પ્રારંભિક તબક્કામાં વીર પહાડિયા સાથે જોડાયું હતું. જોકે, ફિલ્મી દુનિયામાં આવ્યા બાદ સારા અલી ખાનનું નામ ઘણા લોકો સાથે જોડાઈ ગયું છે. આ વીડિયો કોઈ ફિલ્મના શૂટિંગનો લાગે છે. આ વીડિયો ફિલ્મ સ્કાય ફોર્સનો જણાવવામાં આવી રહ્યો છે. સ્કાય ફોર્સમાં અક્ષય કુમાર લીડ રોલમાં જોવા મળશે. આ ફિલ્મ ૨૦૨૫માં રિલીઝ થશે. આ એક એક્શન ફિલ્મ છે. આ ફિલ્મનું નિર્માણ અમર કૌશિક, દિનેશ વિજને કર્યું હતું.સારા અલી ખાનના વર્ક ળન્ટની વાત કરીએ તો તે છેલ્લે ફિલ્મ એ વતન મેરે વતનમાં જોવા મળી હતી. આ ફિલ્મમાં તે ઉષા મહેતાના રોલમાં હતી. હવે તેના હાથમાં ૩ ફિલ્મો છે. તે આ દિવસોમાં ફિલ્મ મેન્ટ્રોપ, સ્કાય ફોર્સ અને અનટાઈટલ્ડ ફિલ્મમાં જોવા મળશે.

**અભિનેત્રીએ તેના પતિ માટે કરવા ચોથનું વ્રત રાખ્યું હતું**

# સાંઈ બાબાના દરબારમાં પહોંચી કેટરીના

### તેણે પૂજા-કરાવવા ચોથની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી હતી



કેટરીના કેફે શિરડી સાંઈ બાબાના દર્શને પધારી હતી, જેનો એક વિડિયો સામે આવ્યો છે, જેમાં તે હાથ જોડીને ભક્તિમાં લીન જોવા મળી હતી. અભિનેત્રીએ સફેદ રંગનો સલવાર સૂટ પહેર્યો હતો, જ્યારે તેની સાસુએ જાંબલી રંગનો સલવાર સૂટ પહેર્યો હતો.કેટરિના કેફ અવારનવાર મંદિરોમાં જાય છે. અભિનેત્રીએ તાજેતરમાં જ તેના પતિ વિકી કૌશલ અને સાસુ વીણા કૌશલ સાથે મુંબઈમાં સિદ્ધિ વિનાયકના દર્શન કરવા ગઈ હતી. ફિલ્મ ઈન્ડસ્ટ્રીની ગ્લેમરસ અભિનેત્રીઓ અવારનવાર સાદગી સાથે મંદિરે જાય છે. શિરડી મંદિર પહેલા કેટરીના પણ લીલા રંગના સિમ્પલ સૂટમાં સિદ્ધિવિનાયક મંદિર પહોંચી હતી. માત્ર પૂજા જ નહીં, અભિનેત્રીને ઉપવાસ કરવામાં પણ ખૂબ જ રસ છે. અભિનેત્રીએ તેના પતિ માટે કરવા ચોથનું વ્રત રાખ્યું હતું, તેણે પૂજા અને કરાવવા ચોથની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી હતી.તસવીરોમાં કેટરીના તેની સાસુ અને આખા પરિવાર સાથે સુંદર ક્ષણો વિતાવતી જોવા મળી હતી. એક નિખાલસ શૉટમાં વીણા કેટરિનાને પ્રેમથી આશીર્વાદ આપતી જોવા મળી હતી, જ્યારે બીજી તસવીરમાં તે કેટરિનાને જોઈને હસતી જોવા મળી હતી. કેટરિના કૈફના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, અભિનેત્રી શ્રીરામ રાઘવનની ફિલ્મ ‘મેરી ક્રિસમસ’માં વિજય સેતુપતિ સાથે જોવા મળી હતી. અભિનેત્રી ટૂંક સમયમાં ફરહાન અખ્તરની ફિલ્મ ‘જી લે ઝરા’માં જોવા મળશે. આ ફિલ્મમાં તેની સાથે પ્રિયંકા ચોપરા અને આલિયા ભટ્ટ પણ લીડ રોલમાં જોવા મળશે.

**નાગા ચૈતન્ય અને શોભિતાના લગ્ન પછી સમંથાની પોસ્ટ થઈ વાયરલ**

## સામંથાને ૨૦૨૫માં વફાદાર અને પ્રેમાળ પાર્ટનરની તલાશ



નાગા ચૈતન્ય અને સામંથા રુથ પ્રભુના ડિવોર્સ સત્તાવાર જાહેર થતાં પહેલાં તેમના સંબંધો ચર્ચામાં રહ્યા છે. આ બાબતે સામંથા અનેક વિવાદોનો સામનો કરી ચૂકી છે. પછી જ્યારથી શોભિતા ધુલીપાલા અને નાગા ચૈતન્યના લગ્નની વાત શરૂ થઈ અને પછી તેમના લગ્નની વિધિઓ શરૂ થઈ ત્યારથી સામંથાની જૂની પોસ્ટ કે નવા નિવોદનો ફરી ચર્ચામાં રહેતા થયા છે. તાજેતરમાં સામંથાએ પોતાના વર્ષ ૨૦૨૫ માટેનું વૃષભ, કન્યા અને મકર રાશિનું ભવિષ્ય દર્શાવતી પોસ્ટ શેર કરી હતી, તેણે ચર્ચા જગાવી છે. તેના ભવિષ્યમાં કારકિર્દીમાં બઢતી, આર્થિક સ્થિરતા અને વફાદાર તેમજ પ્રેમાળ પાર્ટનરનાં વચનની વાત હતી. સમંથાએ લખ્યું હતું, “તથાસ્તુ” અને પોતાની દિલની આશાઓ વ્યક્ત કરી હતી કે આ ભવિષ્ય સાચું પડે.આ ભવિષ્યમાં સંબંધો સિવાય, વધુ સિદ્ધિઓ માટેની તકો, સ્થળાંતર, આવકના એકથી વધુ સ્રોત અને જેમને પરિવાર વિકસાવવું હોય તેમના માટે ફર્ટિલિટીની વાત હતી. સામંથાએ આ પોસ્ટ જે સમયે શેર કરી તેણે લોકોનું ખાસ ધ્યાન ખેંચ્યું છે, કારણ કે એ નાગા ચૈતન્ય અને શોભિતાના લગ્નના બીજા જ દિવસે શેર કરી છે. તેથી લોકો આ પોસ્ટને તેના પૂર્વ પતિના લગ્ન સાથે જોડી રહ્યા છે. જોકે, સામંથાએ આ અંગે કોઈ સીધી નવી શરૂઆત અને વફાદાર પાર્ટનરની અંગત જીવનમાં જરૂર વિશે કોઈ વાત કરી નથી. આથી આગળ સામંથાએ પોતાની પોસ્ટમાં એવું પણ લખ્યું,“કેટલાક વર્ષો જીતવા માટે હોય છે, કેટલાક વર્ષો તમારી છબિ બનાવવા માટે હોય છે.” તેથી આ નિવેદનને પણ લોકોની ચર્ચાઓને પ્રોત્સાહન આપ્યું અને તેને લોકો સામંથાની વિચારધારા અને પોતાના વિકાસ અને પ્રતિકાર કરવાની ક્ષમતા સાથે જોડવા લાગ્યા હતા. આ અઠવાડિયા અગાઉ પણ સામંથાએ એક એવી પોસ્ટ કરી હતી, જેનાથી ચર્ચાઓને જોર મળ્યું હતું. તેણે કેપ્શનમાં લખેલું,“સાશા (તેનું પેટ ડોગ) ના પ્રેમ જેવો બીજો કોઈ પ્રેમ નથી”. ૨૦૨૧માં નાગા ચૈતન્ય અને સમંથાએ ડિવોર્સ લીધાં હતાં, ત્યારથી તેણે પોતાનું અંગત જીવન અંગત રાખીને પોતાની કેરિઅર અને તબિયત પર ધ્યાન આપવાનું નક્કી કર્યું છે.

**પ્રિયાએ કહ્યું, ઇન્ડિયન ઓશન પાછળ ઓડિયન્સ ઘેલું થયું હતું**

# પ્રિયા બાપટે લાઇફમાં પહેલી વખત લાઇવ કોન્સર્ટમાં પરફોર્મ કર્યું હતું



એક્ટ્રેસ પ્રિયા બાપટે તાજેતરમાં પોતાના જીવનનું એક મોટું સપનું સાકાર કર્યુ છે. તેણે ઈન્ડિયન ઓશન બૅન્ડ સાથે લાઈવ કોન્સર્ટમાં પરફોર્મ કર્યુ હતું. આ અંગે તેણે કહ્યું,“એ જાદુઈ અનુભવ હતો અને જાણે સપના જેવું લાગતું હતું. હું એક થિએટર એક્ટર છું, તેથી મને સ્ટેજ પર રહેવાની આદત છે. પરંતુ એ એક્ટિંગ છે અને એના માટે હું મહિનાઓ સુધી રિહર્સલ કરું છું, એ મારું રોજનું કામ છે. આ અલગ અનુભવ હતો, ઓડિયન્સની જે ઘેલછા તમને જોવા મળે એ અલગ સ્તરની હતી.”પ્રિયાએ આગળ જણાવ્યું, “ઓડિયન્સ મને જોવા નહોતું આવ્યું, એ લોકો ઈન્ડિયન ઓશનનો કોન્સર્ટ સાંભળવા આવ્યા હતા. તેથી મારી જવાબદારી વધારે હતી કે હું એમનો અનુભવ ખરાબ ન કરું. હું થોડી નર્વસ હતી પરંતુ મારી ટીમ અને મારા હસબન્ડે મને સ્ટેજ પર જઈને મજા લેવા સમજાવી. તેમાં પણ સૌથી ડર લાગે એવી વાત હતી, લિરિક્સ, કારણ કે એ પિયુષ મિશ્રાના શબ્દો હતા. તેથી હું થોડી વધારે નર્વસ થઈ ગઈ હતી, પરંતુ ઈન્ડિયન ઓશનની ટીમે બધું સંભાળી લીધું. એ લોકો ખરા રોકસ્ટાર છે.”પોતાને મળેલી આ તક અંગે પ્રિયાએ કહ્યું કે ગુડગાંવમાં તેની એક મિત્રએ ઈન્ડિયન ઓશનનો શો સાંભળ્યો હતો, જેમાં તેમણે પ્રિયાની એક મરાઠી ફિલ્મનું ગીત પરફોર્મ કર્યુ હતું. “અમે લોકો વીડિયો કોલ પર એક વખત મળ્યા અને પછી હું ઈટાલીમાં વેકેશન માટે જતી રહી હતી. હું જ્યારે પાછી આવી તો મેં એક સ્ટેજ રિહર્સલ કર્યુ જે શોના બસ એક કલાક પહેલાં હતું અને હું લાઈવ હતી.”પ્રિયાએ શાસ્ત્રીય સંગીતની પદ્ધતિસરની તાલીમ લીધી છે. તેણે પાંચ વર્ષની ઉંમરે સંગીતની તાલીમ લેવાની શરૂ કરી હતી અને ૬-૭ વર્ષની ઉંમર પછી છૂટી ગઈ હતી. તેણે કહ્યું, “મને બહુ મજા નહોતી આવતી અથવા તો હું એ વખતે સંગીતનું મૂલ્ય સમજતી નહોતી. તેથી મેં સંગીતને એકબાજુ મુકી દીધું. એક્ટિંગ કરવા લાગી, પણ સંગીત સાવ ભુલાયું નહોતું. મારો દરેક ભાવ સંગીત સાથે જોડાયેલો હોય છે. મારા મરાઠી ઈન્સ્ટ્રીના લોકો જાણે છે કે હું ગાઈ શકું છું, મેં મારા બે ફિલ્મોના ગીતો માટે પ્લેબેક પણ કર્યુ છું, એ ગીતો ઘણા લોકપ્રિય થયાં હતાં. હાલ હું એક નાટક કરું છું જેમાં મારે લાઈવ ગાવાનું છે, તેથી હું ફરી શાસ્ત્રીય સંગીત શીખી રહી છું. છેલ્લા ત્રણ ચાર મહિનાથી મારો રિયાઝ ફરી શરૂ થઈ ગયો છે.”પ્રિયાને પોતાની ક્ષમતાઓ ચકાસવા માટે સંગીત તરફ જવાની ઈચ્છા છે, તો તેને તક મળે તો વધુ ગાવા માગે છે.

# પુત્રી હિંદુ છે એવા પ્રમાણપત્રની જરૂર નથી



મુકેશ ખન્નાએ તાજેતરમાં જ શત્રુધ્ન સિન્હાની પુત્રી અને બોલિવૂડ અભિનેત્રી સોનાક્ષીના ઉછેર પર સવાલો ઉઠાવ્યા હતા અને રામાયણ વિશેના જ્ઞાનના અભાવ માટે તેમની ટીકા કરી હતી. ‘કૌન બનેગા કરોડપતિ’ના એક એપિસોડમાં હિંદુ મહાકાવ્ય સાથે સંબંધિત એક પ્રશ્નનો જવાબ ન આપી શકવાથી સોનાક્ષી સાથે આ વિવાદ શરૂ થયો હતો. જેના પર મુકેશ ખન્ના પહેલા જ એક્ટ્રેસ પર નિશાન સાધી ચૂક્યા છે અને હવે તેમણે ફરી એકવાર સોનાક્ષીની જાણકારી પર સવાલ ઉઠાવ્યા છે. આવી સ્થિતિમાં સોનાક્ષી પણ પોતાની જાતને કાબૂમાં રાખી શકી નહીં અને તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શક્તિમાન એટલે કે મુકેશ ખન્નાની ટીકા કરી. પરંતુ શું તમે જાણો છો કે થોડા વર્ષો પહેલા ૨૦૨૦માં સોનાક્ષીના પિતા શત્રુધ્ન સિન્હાએ પણ આ અંગે પ્રતિક્રિયા આપી હતી. હકીકતમાં, આ પહેલા પણ મુકેશ ખન્ના કેબીસીમાં ‘રામાયણ’ સાથે જોડાયેલા સવાલનો જવાબ ન આપી શકવાને કારણે સોનાક્ષી સિન્હા પર નિશાન સાધતા રહ્યા છે. તેણે આ અંગે ઘણી વખત અભિનેત્રી પર નિશાન સાધ્યું છે. થોડા વર્ષો પહેલા શત્રુધ્ન સિન્હાએ આ મામલે પ્રતિક્રિયા આપી હતી અને તેમનું નામ લીધા વિના, અભિનેતાને ફટકાર લગાવી હતી.બોલિવૂડ હંગામા સાથે વાત કરતા શત્રુધ્ન સિન્હાએ કોઈનું નામ લીધા વિના કહ્યું, ‘હું માનું છું કે કોઈને એ વાતમાં સમસ્યા છે કે સોનાક્ષી રામાયણ પરના સવાલનો જવાબ આપી શકી નથી. સૌ પ્રથમ, આ વ્યક્તિને રામાયણ સંબંધિત તમામ બાબતોમાં નિષ્ણાત બનવા માટે શું લાયક બનાવે છે? અને તેમને હિંદુ ધર્મના રક્ષક તરીકે કોણે નિયુક્ત કર્યા છે?આ સાથે શત્રુધ્ન સિંહાએ કહ્યું હતું કે, મને મારા ત્રણ બાળકો પર ખૂબ ગર્વ છે.

## અભિનેત્રી સોનાક્ષી સિન્હાએ મુકેશ ખન્નાને રોકડું પરખાવ્યું

### સોનાક્ષી સિન્હા મુકેશ ખન્ના પર ગુસ્સે છે કારણ કે તેણે તેના પિતા શત્રુધ્ન સિન્હાના ઉછેર પર ટિપ્પણી કરી હતી



સોનાક્ષી સિંહાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને મુકેશ ખન્નાની ટીકા કરી છે. મુકેશ ખન્નાએ તેના ઉછેર પર ટિપ્પણી કરી હતી, જેના પછી અભિનેત્રી ગુસ્સે થઈ ગઈ હતી. સોનાક્ષી સિન્હા મુકેશ ખન્ના પર ગુસ્સે છે કારણ કે તેણે તેના પિતા શત્રુધ્ન સિન્હાના ઉછેર પર ટિપ્પણી કરી હતી. શક્તિમાન મુકેશ ખન્ના હંમેશા પોતાના નિવેદનોને કારણે હેડલાઈન્સ બને છે. ક્યારેક તે પોતાના નિવેદનોને કારણે ટ્રોલ થાય છે તો ક્યારેક તેના વખાણ પણ થાય છે. થોડા સમય પહેલા મુકેશ ખન્નાએ કેબીસીમાં ભગવાન હનુમાન સાથે જોડાયેલા સવાલનો જવાબ સોનાક્ષી ન આપી શકવા પર ટિપ્પણી કરી હતી. મુકેશ ખન્નાએ શત્રુધ્ન સિંહાના ઉછેર વિશે ટિપ્પણી કરી હતી. સોનાક્ષીને આ વાતની ખબર પડી અને તેણે મુકેશ ખન્નાના ક્લાસ શરૂ કર્યા. તેણે સોશિયલ મીડિયા પર એક લાંબી પોસ્ટ શેર કરીને પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે. સોનાક્ષીની આ પોસ્ટ હવે વાયરલ થઈ રહી છે.સોનાક્ષીએ આ પોસ્ટ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર શેર કરી છે. તેણે લખ્યું- મેં તાજેતરમાં તમારું એક નિવેદન વાંચ્યું જેમાં તમે કહ્યું હતું કે મારા પિતાની ભૂલ હતી કે હું રામાયણ સંબંધિત પ્રશ્નનો સાચો જવાબ આપી શકી નહીં. હું ઘણા વર્ષો પહેલા આ શોમાં ગઈ હતી . તમને યાદ કરાવી દઈએ કે તે સમયે મારી સાથે હોટ સીટ પર અન્ય બે મહિલાઓ પણ હતી, તેઓને પણ આ સવાલનો જવાબ ખબર ન હતી. પણ તમે વારંવાર મારું નામ જ લીધું.સોનાક્ષી ગુસ્સે થઈ ગઈશોમાં પોતાની ભૂલ સ્વીકારતા સોનાક્ષીએ કહ્યું- હા, તે દિવસે મને યાદ ન આવ્યું . સંજીવની બુટી કોણ લાવ્યું તે ભૂલી જવાની માનવીય વૃત્તિ છે પણ તમે ભગવાન રામના ક્ષમાશીલ ઉપદેશો ભૂલી ગયા હોય તેવું લાગે છે. જો ભગવાન રામ મંથરાને માફ કરી શકે છે, તો તે કેકેયીને માફ કરી શકે છે. જો તે યુદ્ધ પછી રાવણને માફ કરી શકે છે તો તમે પણ આ નાની-નાની વાતો છોડી શકો છો. મારે તમારી માફીની જરૂર નથી.

# વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળીને કેરાલાનું ડેલીગેશન અભિભૂત થયું

## કેરાલાના સ્થાનિક મીડિયાના ૧૦ મહિલા પત્રકારો અને બે અધિકારીઓ એકતાનગરની મુલાકાતે પધાર્યા

। (માહિતી) ગાંધીનગર, તા.૧૮ ।

કેરાલાના સ્થાનિક મીડિયાના મહિલા પત્રકારોનું પ્રતિનિધિ મંડળ ગરવી ગુજરાતના તા.૧૭ થી ૨૩ ડિસેમ્બર ૬ દિવસના પ્રવાસ દરમ્યાન રાજ્યના વિવિધ મહત્વના સ્થળોની સ્ટડી ટુર માટે પધાર્યા છે. જેમાં એક દિવસની નર્મદા જિલ્લાની મુલાકાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પધાર્યા હતા. આ પ્રતિનિધિ મંડળમાં ૧૦ જેટલા મહિલા મિડીયાકર્મીઓ અને બે મહિલા અધિકારી સામેલ થયા હતાં. આ પ્રતિનિધિ મંડળ ગુજરાત પ્રવાસના પ્રથમ દિવસે વૈશ્વિક પ્રવાસન સ્થળ એકતાનગરની મુલાકાત લીધી હતી. સૌ પ્રથમ સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તા મંડળના મુખ્ય કારોબારી અધિકારીશ્રી ઉદિત અગ્રવાલ સાથે મુલાકાત અને સંવાદ સાધ્યો હતો. જેમાં CEOશ્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી સાથે તેની આસપાસના અન્ય પ્રકલ્પોના અને પ્રવાસન સ્થળના વિકાસથી સ્થાનિક આદીવાસી સમાજના રોજગાર સર્જન સાથે તેમના જીવનમાં આવેલા હકારાત્મક પરિવર્તન અંગે માહિતી આપી હતી. સાથે વિશ્વભરના પ્રવાસીઓને આકર્ષવા માટે ભવિષ્યમાં નિર્માણ પામનારા અન્ય પ્રકલ્પોનો રોડમેપ દર્શાવી ઈ-સિટી એકતાનગરની વિસ્તૃતમાં જાણકારી પુરી પાડી હતી. તેઓની સાથે એકતાનગર નાયબ વન સંરક્ષક શ્રી અગ્નીશ્વર વ્યાસ, જીં ના અધિક કલેક્ટર શ્રી નારાયણ માધુ, નાયબ કલેકટર સર્વ શ્રી પંકજ વલવાઈ અને દર્શક વિઠલાણી પણ જોડાયા હતા. મિડીયા



પ્રતિનિધિ મંડળે આરોગ્ય વનની મુલાકાત બાદ સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી. અહીં સરદાર સાહેબના સાનિધ્યમાં એક ભારત શ્રેષ્ઠ ભારત, યુનિટી ઑફ વોલ અને પ્રદર્શની નીહાળી આનંદવિભોર બન્યા હતા. સરદાર સરોવર નર્મદા ડેમ, નર્મદા રિવર, પ્રાકૃતિક સૌંદર્ય, મિયાવાકી ફોરેસ્ટ, સિંચાઈ અને પીવાના પાણી પૂરું પાડતી વિશાળ કેનાલ નેટવર્કના ઝિરો પોઈન્ટ એટલે કે જ્યાંથી કેનાલમાં પાણી છોડવામાં આવે છે તે સ્થળ સહિત એકતાનગરના વિવિધ પ્રકલ્પો નિહાળ્યા હતા. વિવિધતામાં એકતાના દર્શન કરાવતા એકતાનગરનો વિકાસ નજરે નિહાળી પ્રતિનિધિ મંડળના સભ્યો અભિભૂત થયા હતા. વિવિધ સ્થળે સેલ્ફી લઈ પોતાના મોબાઈલમાં પ્રાકૃતિક નજારાને કેદ કરીને એકતાનગરના કાયમી સંભારણાને યાદગીરીરૂપે અલગ-અલગ જગ્યાની તસ્વીરો કંડારી હતી. સમગ્ર મુલાકાત દરમિયાન SoUના ગાઈડ સુશ્રી જુલીબેન પંડ્યાએ ડેલિગેટ્સને ગાઈડ કર્યા હતા. એકતાનગરના ટુંકા પ્રવાસ બાદ તેઓ અમદાવાદ જવા રવાના થયા હતાં.

# ઝાલોદ ના લીમડીમા કેમિકલ ભરેલ ટ્રકની ટક્કરે પિતા-પુત્રીને ગંભીર ઇજા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૮ ।

ઝાલોદના સીમલીયા ગામે રહેતા અને હિરોલા સરકારી દવાખાનામા MPHW તરીકે ફરજ બજાવતા ૩૮ વર્ષીય શૈલેષભાઈ ભીમાભાઈ કિશોરી કે જેઓ ગત તા.૧૫/૧૨/૨૦૨૪ ને રવિવારના રોજ બાઈક ઉપર પોતાની ૧૭ વર્ષીય પુત્રી નામે નિલમબેન શૈલેષભાઈ કિશોરી સાથે બાઈક ઉપર પોતાના ઘરેથી સાંજે ઝાલોદ જઈ રહ્યા હતા તે દરમિયાન સાંઈ મંદિર લીમડીથી આગળ પસાર થતી વખતે ગફલતભરી રીતે આગળ પૂરઝડપે જતી કેમિકલ ભરેલ ટ્રકના ડ્રાઈવરે અચાનક બ્રેક મારી બાઈકને ટક્કર મારતા પિતા પુત્રી માર્ગ ઉપર પટકાયા હતા. ટ્રકનો ડ્રાઈવર અકસ્માત કરી તરત જ ભાગી છુટેલ છે.આ અકસ્માતમા શૈલેષભાઈ કિશોરીને હાથના ભાગે તથા પાછળ કમરના ભાગે ફેક્ચરની ઈજા તથા નિલમ કિશોરીને માથાના ભાગે ગંભીર ઈજા થતા ૧૦૮ બોલાવી પહેલા સરકારી દવાખાના ઝાલોદ ત્યારબાદ દાહોદ હોસ્પિટલ ખાતે તાત્કાલિક વધુ સારવાર અર્થે મોકલેલ છે.ઉક્ત બનાવની જાણ લીમડી પોલીસ સ્ટેશન તથા દાહોદ પોલીસ સ્ટેશન પણ કરેલી છે.લીમડી પોલીસે નુકસાન થયેલ બાઈક તેમજ ટ્રકની અટકાયત કરેલ છે.



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

જાણકારી મળેલ મુજબ અકસ્માત કરનાર ટ્રક અંગે તપાસ કરતા ટ્રક પદમાવતી ટ્રાન્સપોર્ટ સુરતની માલૂમ પડેલ જેનો સંપર્ક કરી પરિજનો દ્વારા વાત કરાતા તેમણે ટ્રાન્સપોર્ટના મેનેજર પુષ્પેન્દ્રસિહ ઠાકુર સાથે વાત કરી હતી પરંતુ ટ્રાન્સપોર્ટ મેનેજર દ્વારા દાદાગી-રી ની ભાષામાં વાત કરતા કહેલ હતું કે અમારી આખા દેશમા ત્રણસો ટ્રકો-ગાડીઓ ચાલે છે તમે અમારી સામે કશુ નહી કરી શકો તમારાથી થાય તેમ કરી લો એમ કહી ધમકી આપેલ છે.આ બાબતે દાહોદ જીલ્લાની પોલીસ સાથ આપે તેવુ અકસ્માતનો ભોગ બનનાર તેમજ તેના સગાવ્હાલાઓ ઈચ્છી રહ્યા છે. આ તમામ વાતો સાચી છે કે ખોટી તે પોલિસ તપાસનો વિષય છે, જો ખરેખર ટ્રાન્સપોર્ટના મેનેજર દ્વારા ખોટી ભાષામાં વાત કરી દાદાગીરી કરી હોય તો આવા ટ્રાન્સપોર્ટ મેનેજર ઉપર કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ.

# તા. ૨૦ અને ૨૧ ડિસેમ્બરના રોજ રાજ્યકક્ષાના મંત્રી શ્રી એસ.પી. સિંઘ બઘેલ એસ્પીરેશનલ નર્મદા જિલ્લાની મુલાકાત લેશે



। (માહિતી) સુરત, તા.૧૮ ।

ભારત સરકાર એસ્પીરેશનલ ડિસ્ટ્રીક્ટ પ્રોગ્રામ અંતર્ગત તા. ૨૦ અને ૨૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ભારત સરકારના મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય કેન્દ્રીય રાજ્યકક્ષાના મંત્રી શ્રી. પ્રો. એસ.પી. સિંઘ બઘેલ એસ્પીરેશનલ નર્મદા જિલ્લામાં પધારનાર છે જે અંતર્ગત નર્મદા જિલ્લા કલેકટર શ્રી એસ.કે.મોદીના અધ્યક્ષસ્થાને કલેકટરના ચેમ્બરમાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી એસ. કે. મોદીએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય રાજ્યકક્ષાના મંત્રી પ્રો. એસ.પી. સિંઘ બઘેલ શ્રી એસ્પીરેશનલ નર્મદા જિલ્લાની સ્ટેચ્યુ ઓફ યુનિટીનાં વિવિધ પ્રકલ્પોની મુલાકાત લેનાર છે. તેની સાથે જિલ્લાના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, આંગણવાડી, સ્કૂલ સહિત અન્ય સ્થળોની મુલાકાત લેશે. તદ-ઉપરાંત જિલ્લાના પદાધિકારીશ્રીઓ, સંબંધિત વિભાગના ચેરમેનશ્રીઓ સહિત અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજી જિલ્લાના વિભાગોના કામોનું જાણકારી મેળવનાર છે. સંબંધિત અધિકારીશ્રીઓ થકી સમગ્ર કાર્યક્રમનું આયોજન સુચારૂ રીતે થાય તે માટે જિલ્લા કલેકટરશ્રીએ જરૂરી માર્ગદર્શન આપી સલાહ-સૂચનો આપ્યા હતાં. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી અંકિત પન્નુ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી જે.કે.જાદવ, ડી.વાય. એસ.પી શ્રી પી. આર.પટેલ સહિત જિલ્લાના વિવિધ અમલીકરણ વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઝાલોદ તાલુકાના લીમડી નગરના કારઠ ગામે જમવાનું બનાવવા બાબતે ઝગડો કરી પુત્ર એ માતાની હત્યા કરી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૮ ।

ઝાલોદ તાલુકાના લીમડી નગરના કારઠ મુકામે ખેડા ફળિયામાં રહેતા વિજય બાબુભાઈ બારિયા ૧૭-૧૨-૨૦૨૪ ના રોજ અંદાજીત ૫:૩૦ વાગે તેમની માતા સુરતાબેન બાબુભાઈ બારિયા જોડે જમવાનું બનાવવાની બાબતે બોલાચાલી થઇ હતી. બોલાચાલી એટલી હદે વધી ગઈ હતી કે આ બોલાચાલી આજુબાજુ રહેતા લોકોને પણ સંભળાતી હતી. આ ઝગડો વધતા સુરતાબેનના પડોશમાં રહેતા તેમના સંબંધી હુરાભાઈ હવસિંગભાઈ બારિયાને ખબર પડતાં તેઓ લીમડી મુકામે થી પોતાનું કામકાજ છોડી કારઠ મુકામે સુરતાબેનના ઘરે પહોંચ્યા હતા.

હુરાભાઈ ત્યાં પહોંચતા તેઓએ જોયું કે સુરતાબેન લોહી લુહાણ હાલતમાં જમીન પર પડેલા હતા અને તેમની બાજુમાં સુરતાબેનનો દીક-રો વિજય હાથમાં લાકડીનો ટુકડો લઈ ઉભો હતો અને વિજયના કપડા પર લોહી ચોંટેલુ હતું તેમજ ઘરનો સામાન વેરવિખેર પડેલો હતો, વેરવિખેર પડેલ સામાનની વચ્ચે એક સ્ટીલનો ચમચો લોહી ચોટલી હાલતમાં પડેલ હતું તેમજ જમીન પર લોહીના ડાઘા જોવા મળેલ હતા. આજુબા-જુના અન્ય લોકોએ સહુ ભેગા થઈ વિજયભાઈને પૂછતાં તેઓએ કહ્યું હતું કે તેમની માતા (સુરતાબેન) તેમને જમવાનું નથી બનાવી આપતી તેથી માતા જોડે બોલવાનું થયું હતું અને ઝગડો થતાં પુત્ર દ્વારા માતાને માર માર્યો હતો અને આ ઝગડામાં માર વાગતા માતા લોહી લુહાણ હાલતમાં પડી ગયેલ હતા જેથી માતાનું ઘટના સ્થળે જ મોત થયેલ હતું. આ મામલાની લીમડી પોલિસને ખબર પડતાં માતાના ખૂન કેશમાં પુત્રની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# ઝાલોદ બજારમાં સ્થિત યુવક સીડી પરથી લપસી પડતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલ લવાયો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૮ ।

આજરોજ મંગળવાર ૮ કલ્લાકએ વાત કરીયેતો મૂળ ઉત્તર પ્રદેશનો રહેવાસી અને રોજી રોજગાર માટે દાહોદ જિલ્લાના ઝાલોદમાં કલર કામ કરતો બબલુ ભાઈ દુર્ગાભાઈ સહાની નામ નો યુવક ઝાલોદ બજારના સ્થિત મકાન પર કલર કામ કરી રહ્યો હતો તે દરમિયાન સીડી પરથી પગ લપસતા તેઓ ઉધા મોઢે જમીન પર પડતા તેઓ જમીન પર પડતા બબલુ ભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેઓ લોહી લુહાણ થયા હતા.તે દરમ્યાન એનના સાથી મિત્રો અને આસપાસના લોકો એકઠા થયા અને ૧૦૮ ને જાણ કરી ૧૦૮ મારફતે ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં તેઓને સારવાર માટે દાહોદના ઝાયડસ હોસ્પિટલ લાવવામાં આવ્યા જ્યાં ઝાયડસ હોસ્પિટલના હાજર તબિબોએ તેઓની તાત્કાલિક સારવાર હાથ ધરી હતી.

# નેહરુ યુવા કેન્દ્ર-સુરત અને માય ભારત-સુરત દ્વારા નવયુગ કોમર્સ કોલેજ ખાતે "વિજય દિવસ (૧૯૭૧ ભારત-પાકિસ્તાન યુદ્ધ)" સ્મૃતિ કાર્યક્રમ યોજાયો



। (માહિતી) સુરત, તા.૧૮ ।

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય અંતર્ગત નેહરૂ યુવા કેન્દ્ર-સુરત અને માય ભારત-સુરત દ્વારા નવયુગ કોમર્સ કોલેજ ખાતે "વિજય દિવસ (૧૯૭૧ ભારત-પાકિસ્તાન યુદ્ધ)" સ્મૃત્તિ કાર્યક્રમ યોજાયો હતો. ઉપસ્થિત સૌએ બે મિનીટ મૌન પાળી યુદ્ધમાં શહીદ સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. યુવાઓને વિજય દિવસથી વાકેફ કરાયા હતા. નહેરુ યુવા કેન્દ્ર-સુરતના જિલ્લા યુવા અધિકારી સચિન શર્માના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં દેશભક્તિ ગીત સ્પર્ધા યોજી પ્રથમ ત્રણ વિજેતાઓને ઈનામ આપીને પ્રોત્સાહિત કરાયા હતા. આ પ્રસંગે નવયુગ કોલેજના પ્રો. મેહુલ શાહ, પ્રો.બિંદુ શાહ, રાષ્ટ્રીય યુવા સ્વયંસેવક ગૌરવ પડાયા, ઉજ્જ્વલ પરમાર અને હર્ષા ખત્રી સહિત ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### શ્રી રામ જન્મભૂમિ – મા શબરી સ્મૃતિ યાત્રા યોજના અંતર્ગત

# અયોધ્યા દર્શનનો લાભ લેવા ઈચ્છુક યાત્રાળુઓ ૩૧ ડિસેમ્બર સુધીમાં ઓનલાઈન અરજી કરી શકશે

ગાંધીનગર, તા.૧૮ ।

રાજ્યના યાત્રાળુઓ ભગવાન શ્રી રામના દર્શન કરી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા શ્રી રામ જન્મભૂમિ – મા શબરી સ્મૃતિ યાત્રા યોજના અંતર્ગત અયોધ્યા દર્શનનો લાભ લેવા ખાસ આયોજન કરાયું છે. અયોધ્યા દર્શનનો લાભ લેવા ઈચ્છુક યાત્રાળુઓ તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ઓનલાઈન **https://yatradham.gujarat.gov.in/SRJApplicantRegistration** વેબસાઈટ પર રજિસ્ટ્રેશન કરાવી શકે છે. ભારતની સંસ્કૃતિમાં તીર્થયાત્રાનું ખાસ મહત્વ હોય છે. દરેક નાગરિક પોતાના જીવનકાળ દરમિયાન અયોધ્યા ખાતે આવેલ "શ્રી રામ જન્મભૂમિ"ના દર્શન કરવાની ઈચ્છા રાખતા હોય છે. પરંતુ આર્થિક મર્યાદાઓને લીધે કેટલાક લોકો આવી ઈચ્છા પૂરી કરી શકતા નથી. આ બાબત ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્યના તમામ નાગરીકો માટે "શ્રી રામ જન્મભૂમિ, અયોધ્યા" ખાતે ભગવાન "શ્રી રામ"ના દર્શન કરવાની શ્રેષ્ઠ તક ઉપલબ્ધ કરવા રાજ્ય સરકાર દ્વારા રેલવે ભાડામાં રૂ. ૫૦૦૦ મર્યાદામાં પ્રોત્સાહક આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે આ યોજનાનો લાભ ગુજરાત રાજ્યમાં વસવાટ કરતાં ૧૨ વર્ષ કે તેથી વધુ વયના અનુસૂચિત જનજાતિ-વનવાસી અથવા દરેક વર્ગના નાગરિકોને પોતાના જીવન કાળમાં ફક્ત એક વાર લાભ લઈ શકે છે.

# ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વડીલોના સ્વાસ્થ્ય માટે નવી પહેલઃ 'અવસર' યોજનાનો પ્રારંભ

। ગાંધીનગર, તા.૧૮ ।

ગાંધીનગર મહાનગરપાલિકા (GMC) દ્વારા વૃદ્ધોના સ્વાસ્થ્યની ચિંતા કરીને એક નવીન પહેલ હાથ ધરવામાં આવી છે. આજે મેયરશ્રી મીરાબેન પટેલના હસ્તે 'અવસર' યોજના - અટલ વૃદ્ધ સહાય આરોગ્ય રથ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ યોજના અંતર્ગત ૬૦ વર્ષથી વધુ ઉંમરના વડીલોને ઘર બેઠા આરોગ્યલક્ષી સેવાઓ મળશે. આરોગ્ય રથ દ્વારા મહિનામાં એકવાર વડીલોના ઘરે જઈને બ્લડપ્રેશર, ડાયાબિટીસ, ઑક્સિજન લેવલ જેવી આરોગ્યલક્ષી તપાસ કરવામાં આવશે. દરેક આરોગ્ય રથમાં એક મેડિકલ ઓફિસર, સ્ટાફ નર્સ અને એક હેલ્પરની નિમણૂક કરવામાં આવી છે. આ યોજના હેઠળ અર્બન હેલ્થ સેન્ટર કે હેલ્થ એંડ વેલનેસ સેન્ટર ખાતે નોંધાયેલા લાભાર્થીઓને આ સેવાનો લાભ મળશે. હાલના તબક્કામાં કુલ ૫ આરોગ્ય રથ દ્વારા સેવાઓ આપવામાં આવશે અને જરૂર જણાશે તો આ સંખ્યામાં વધારો કરવામાં આવશે.

# અમદાવાદ જિલ્લાની શાળાઓમાં નવી શિક્ષણ નીતિ (NEP 2020)ના સુયોગ્ય અમલીકરણ થકી વિશેષ આયોજનો

। અમદાવાદ, તા.૧૮ ।

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, અમદાવાદ-ગ્રામ્ય દ્વારા શાળાના બાળકોના કૌશલ્ય વિકાસ માટે કરાયું આયોજન. અમદાવાદ જિલ્લાની શાળાઓમાં નવી શિક્ષણ નીતિ(NEP 2020)ના સુયોગ્ય અમલીકરણ માટે અનેકવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો યોજવામાં આવે છે. આવી જ પ્રવૃત્તિઓના ભાગરૂપે એફ. ડી. હાઈસ્કુલ, મકતમપુર ખાતે અમદાવાદ ગ્રામ્યની શાળાઓને આવરી લેતી જિલ્લા કક્ષાની સ્કીલ કોમ્પિટિશન 'કૌશલ્યોત્સવ-૨૦૨૪-૨૫' યોજાઈ હતી. સ્પર્ધામાં અમદાવાદ ગ્રામ્યની કુલ ૪૨ શાળાના ૧૧૯ વિદ્યાર્થીઓએ પોતાના વોકેશનલ ટ્રેનર્સ સાથે ભાગ લીધો હતો. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થીઓના વોકેશનલ કોર્સિસ આધારિત પ્રોજેક્ટ્સ અને મોડેલને રજૂ કરતા પ્રદર્શનને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં અમદાવાદ જિલ્લામાં ધો. ૯ થી ૧૨માં એગ્રીકલ્ચર, બ્યુટી અને વેલનેસ, ઈલેક્ટ્રોનિક્સ અને હાર્ડવેર, રિટેઈલ, એપેરલ, ઓટોમોટીવ, હેલ્થકેર અને આઈ.ટી. ક્ષેત્રના વોકેશનલ કોર્સ ચાલી રહ્યા છે. આ સ્પર્ધામાં મોડેલ સ્કુલ, સાણંદ પ્રથમ ક્રમે, એફ. ડી. હાઈસ્કુલ, મકતમપુર દ્વિતીય ક્રમે અને સાર્વજનિક હાઈસ્કુલ, સરખેજ તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. પ્રથમ વિજેતા થયેલ કૃતિ રાજ્યકક્ષાએ ભાગ લેશે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. રોમેન્ટિક પગલાં કામ નહીં આવે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે વધુ પડતો ખોરાક લેવાથી દૂર રહો અને સ્વસ્થ રહેવા માટે હેલ્થ ક્લબની નિયમિત મુલાકાત લો. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્રમાં આજે ધનલાભ કરાવી શકે છે. પરિવારના સભ્યો તથા જીવનસાથી કેટલીક સમસ્યા સર્જશે. પ્રેમના આનંદની અનુભૂતિની શક્યતા છે. આ રાશિ ના એ લોકો જે રચનાત્મક કાર્ય સાથે સંકળાયેલા છે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. પરિવારના સભ્યો સાથેના મતભેદો દૂર કરીને-તમે તમારા ધ્યેયોને આસાનીથી પ્રાપ્ત કરી શકશો. આજે તમને જાણ થશે કે તમારું પ્રિયપાત્ર તમને અનંતકાળ સુધી પ્રેમ કરશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે અંતરાય ઊભા કરનારી તમારી લાગણીઓને અંકુશમાં રાખો. તમારી જૂનવાણી વિચારધારા-જૂના વિચારો તમારા વિકાસને અવરોધે છે-તેઓ વિકાસને ગૂંગળાવી નાખે છે તથા આગળ વધવાના માર્ગમાં બાધાઓ ઉત્પન્ન કરે છે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે અપાર ઊર્જા અને ઉત્સાહ તમને ઘેરી વળશે અને તમારી સામે આવનારી કોઈપણ તક તમે તમારા ફાયદા માટે ઉપયોગમાં લેશો. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તમે કોઈ બાબતે ચુકાદો આપતા હો ત્યારે સામેની વ્યક્તિની લાગણીઓની ખાસ દરકાર લો. તમારા દ્વારા લેવામાં આવેલો કોઈ ખોટો નિર્ણય નમાત્ર તેમના પર અવળી અસર કરશે બલ્કે તમને પણ માનસિક તાણ આપશે. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે?



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. બાળકો શાળાને લગતા પ્રૉજેક્ટ્સ વિશે સલાહ માગી શકે છે. એકાએક થયેલો રૉમેન્ટિક મેળાપ તમારા મિજાજને ખીલવશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે અને પ્રેમનું સંગીત રેલાવશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો?



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. ગર્લફ્રેન્ડ કદાચ તમને છેતરશે.



હૈદરાબાદમાં રાષ્ટ્રપતિ નિલયમ, સિકંદરાબાદ ખાતે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિવિધ પહેલનો શિલાન્યાસ કર્યો.

## ન્યૂઝ બ્રિફ

### 'તમે અમારા પર જેટલો વધુ ટેરિફ નાખશો, તેટલો જ અમે લાદીશું'

। (એજન્સી) પામ બીચ, તા.૧૮ ।

અમેરિકાના આગામી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર પારસ્પરિક ટેક્સ લાદવાની ધમકી આપી છે. મતલબ કે જો ભારત અમેરિકન ઉત્પાદનો પર સમાન ટેક્સ લાદશે તો હવે ટ્રમ્પ ભારતીય ઉત્પાદનો પર પણ સમાન ટેક્સ લગાવવાની વાત કરી રહ્યા છે. તેમણે અમુક અમેરિકન ઉત્પાદનોની આયાત પર ભારત દ્વારા લાદવામાં આવેલા "ઉચ્ચ ટેરિફ" ના જવાબમાં પારસ્પરિક ટેરિફ લાદવાના તેમના ઈરાદાનો પુનરોચ્ચાર કર્યો.ડોનાલ્ડ ટ્રમ્પ જ્યારે મીડિયા સાથે વાત કરી રહ્યા હતા ત્યારે તેમણે કહ્યું હતું કે, "જો તેઓ અમારા પર ટેક્સ લગાવે છે, તો અમે તેમના પર સમાન ટેક્સ લગાવીશું. તેમણે કહ્યું કે "તેઓ અમારા પર ટેક્સ લગાવે છે, લગભગ તમામ કેસોમાં, તેઓ અમારા પર ટેક્સ લગાવે છે, અને અમે તેમના પર ટેક્સ લગાવતા નથી," અમેરિકાના આગામી પ્રમુખ ટ્રમ્પે ચીન સાથે સંભવિત વેપાર કરાર અંગેના પ્રશ્નનો જવાબ આપતાં આ ટિપ્પણી કરી હતી.

### પોર્ન પર પ્રતિબંધ, દુષ્કર્મીઓને નપુંસક બનાવવાની પિટિશનમાં માંગ કરવામાં આવી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

આજ રોજ સુપ્રીમ કોર્ટે એકના આધારે કેન્દ્ર અને રાજ્ય સરકારોને નોટિસ પાઠવી છે. પિટિશનમાં મહિલાઓની સુરક્ષા માટે રાષ્ટ્રવ્યાપી માર્ગદર્શિકાની માગણી કરવામાં આવી છે. આ સિવાય તેમાં ઓનલાઈન પોર્નોગ્રાફિક સામગ્રી પર પ્રતિબંધ અને યૌન શોષણના અપરાધો માટે દોષિત વ્યક્તિઓને નપુંસક બનાવવાની માંગણી કરવામાં આવી હતી. આ પિટિશન દિલ્હીમાં નિર્ભયા ગેંગરેપ કેસના બરાબર ૧૨ વર્ષ પછી દાખલ કરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન ખંડપીઠે કહ્યું હતું કે, 'તમે જે માગણીઓ કરી છે તેમાંથી એક સાર્વજનિક પરિવહનમાં સામાજિક વર્તણૂક માટે માર્ગદર્શિકા જારી કરવા માટેની છે, આ સંપૂર્ણ નવો વિચાર છે. આ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.' અરજદાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ મહાલક્ષ્મી પાવનીએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, 'વર્ષ ૨૦૧૨માં બનેલી ગેંગરેપની ઘટનાને ઘણાં વર્ષો વીતી ગયા હોવા છતાં, મહિલાઓ પર દુષ્કર્મ અને હત્યાના કેસો હજુ પણ અટકી રહ્યા નથી.'

### આગામી કેટલાંક ક્વાર્ટર્સમાં અર્થતંત્રમાં સુધારો નોંધાશે

# બીજા ત્રિમાસિક ગાળામાં નીચી જીડીપી વૃદ્ધિ કામચલાઉ : નિર્મલા સીતારામન

**નિર્મલા સીતારામને જણાવ્યું છે કે, બીજા ત્રિમાસિક ગાળામાં ૫.૪ ટકાની અંદાજ કરતાં નીચી જીડીપી વૃદ્ધિ કામચલાઉ છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।



નાણાપ્રધાન નિર્મલા સીતારામને જણાવ્યું છે કે, બીજા ત્રિમાસિક ગાળામાં ૫.૪ ટકાની અંદાજ કરતાં નીચી જીડીપી વૃદ્ધિ કામચલાઉ છે. આગામી કેટલાક ત્રિમાસિક ગાળામાં અર્થતંત્ર સારી વૃદ્ધિ દર્શાવશે. તેમણે કહ્યું હતું કે, દેશની આર્થિક વૃદ્ધિ સ્થિર અને ટકાઉ રહી છે. છેલ્લા ત્રણ વર્ષમાં સરેરાશ જીડીપી વૃદ્ધિદર ૮.૩ ટકા નોંધાયો છે. નાણામંત્રી સીતારામને જણાવ્યું હતું કે, "ચાલુ નાણાકીય વર્ષ (૨૦૨૪-૨૫)ના પ્રથમ અને બીજા ત્રિમાસિક ગાળામાં જીડીપી વૃદ્ધિ અનુક્રમે ૬.૭ ટકા અને ૫.૪ ટકા રહી છે. બીજા ક્વાર્ટરમાં ૫.૪ ટકાની વૃદ્ધિ અંદાજ કરતાં ઓછી છે. ભારત અને અન્ય દેશો માટે બીજો ત્રિમાસિક ગાળો પડકારજનક રહ્યો છે." જોકે, તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, "ભારત સૌથી વધુ ઝડપે વધતું અર્થતંત્ર છે. તેનો શ્રેય આકાંક્ષાઓ પૂરી કરવા સતત કાર્યરત રહેતા અને અર્થતંત્રમાં યોગદાન આપતા દેશના લોકોને જાય છે." નિર્મલા સીતારામને આશ્વાસન આપ્યું હતું કે, "મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં વ્યાપક સ્લોડાઉન નથી. એકંદર મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રના ૫૦ ટકા સેક્ટર્સની વૃદ્ધિ મજબૂત રહી છે. ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંકમાં સામેલ મેન્યુફેક્ચરિંગના ૨૩ ક્ષેત્રમાંથી લગભગ ૫૦ ટકાની વૃદ્ધિ ઘણી સારી રહી છે. ઉપરાંત, જુલાઈથી ઓક્ટોબર ૨૦૨૪માં કેન્દ્ર સરકારનો મૂડી ખર્ચ ૬.૪ ટકાના દરે વધ્યો છે. સરકારે ચાલુ નાણાકીય વર્ષમાં મૂડી ખર્ચ માટે રૂ.૧૧.૧૧ લાખ કરોડની ફાળવણી કરી છે. જેનો લાભ સમગ્ર અર્થતંત્રને મળશે."નાણામંત્રી નિર્મલા સીતારામને જણાવ્યું છે કે, એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટરેટ (ઈડી)એ આર્થિક અપરાધીઓ સામેની લડતમાં મોટી સફળતા મેળવી છે. તેણે ભાગેડુ વિજય માલ્યા અને નીરવ મોદીના લેણદારો અને બેન્કોને રૂ.૨૨,૨૮૦ કરોડની રકમ પરત કરી છે. નાણામંત્રીએ લોકસભામાં જણાવ્યું હતું કે, "માલ્યાની રૂ.૧૪,૧૩૧.૬૦ કરોડની પ્રોપર્ટી સરકારી બેન્કોને સોંપવામાં આવી છે. જ્યારે નીરવ મોદીની રૂ.૧,૦૫૨.૫૮ કરોડની મિલકતો પીએસયુ બેન્કોને અપાઈ છે. મેહુલ ચોકસીની રૂ.૨,૫૬૫.૯૦ કરોડની પ્રોપર્ટી ટાંચમાં લેવાઈ છે.

### ભારતીયોને અસર થશે

# અમેરિકાના H-1B વિઝા પ્રોગ્રામના નિયમોમાં ફેરફાર કરવામાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

અમેરિકા તેના H-1B વિઝા પ્રોગ્રામના નિયમોમાં ધરખમ ફેરફાર કરવાની તૈયારી કરી રહ્યું છે. હાલમાં વ્હાઈટ હાઉસ ઓફિસ ઓફ ઈન્ફોર્મેશન ઓફ રેગ્યુલેટરી અફેર્સ (OIRA) આ પ્રોગ્રામના સર્વગ્રાહી નિયમનકારી ફેરફારોની સમીક્ષા કરી રહ્યું છે. અમેરિકાના નવનિર્વાચિત પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ બાઈડન કરતાં વધુ આકરા ઈમિગ્રેશન નિયમોનો અમલ કરે તેવી વ્યાપક શક્યતા વચ્ચે આ સમીક્ષા થઈ રહી છે. ટ્રમ્પ ૨૦ જાન્યુઆરીએ પ્રેસિડન્ટનો કાર્યભાર સંભાળશે. OIRAની આ સમીક્ષા પછી નવા નિયમોને સાર્વજનિક કરાશે. ગયા વર્ષે યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ (USCIS) એ નવા નિયમોનો મુસદ્દો જારી કર્યો હતો. આ નવા નિયમોમાં કુશળ વિદેશી કામદારોની ભરતી કરવા માટે ડિગ્રી આવશ્યકતાઓ સહિત પાત્રતાના માપદંડમાં સુધારો કરાયો છે. અગાઉના સૂચિત નિયમમાં H-1B વિઝા માટેની વાર્ષિક લોટરી સિસ્ટમનું પણ પુનર્ગઠન કરવામાં આવ્યું હતું, જેથી દરેક અરજદારને પસંદગી પ્રક્રિયામાં સમાન તક મળી શકે. આ સૂચિત ફેરફારને ૨૦૨૫ના નાણાકીય વર્ષની વિઝા લોટરી પહેલા જાન્યુઆરીમાં અંતિમ સ્વરૂપ અપાયું હતું. H-1B વિઝા પ્રોગ્રામ હેઠળ વાર્ષિક ૮૫,૦૦૦ નવા વિઝાની ટોચમર્યાદા છે. જો નવા નિયમોનો અમલ કરાશે તો H-1B વિઝા અરજદારોને અને ખાસ કરીને ભારતીય IT




ક્ષેત્રને અસર થશે. ભારતનું આઈટી ક્ષેત્ર આ વિઝા પ્રોગ્રામનું મુખ્ય લાભાર્થી છે. ૨૦૨૪ના નાણાકીય વર્ષ ભારતની ટોચની સાત IT કંપનીઓની કુલ ૭,૨૯૯ H-1B વિઝા અરજીઓ મંજૂરી મળી હતી, જે ૨૦૧૫ની ૧૪,૭૯૨ની સરખામણીમાં નાટ્યાત્મક ઘટાડો દર્શાવે છે. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS)એ H-1B અને L-1 વિઝા ધારકોના જીવનસાથીઓ માટે ઓટોમેટિક વર્ક પરમિટ રિન્યુઅલના સમયગાળામાં મોટા વધારાની જાહેરાત કરી હતી. USCISની જાહેરાત મુજબ ૧૩ જાન્યુઆરી, ૨૦૨૫થી રિન્યુઅલનો સમયગાળો ૧૮૦ દિવસથી વધીને ૫૪૦ દિવસ સુધી થશે. બીજી એક ગતિવિધિમાં H-2A અને H-2B વિઝા કાર્યક્રમો હેઠળ કામદારોના રક્ષણમાં સુધારો કરવાના નવા નિયમોને વ્હાઈટહાઉસે મંજૂરી આપી હતી.

### બેંગલુરુમાં ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ

# ૨૪ કરોડના નશીલા પદાર્થ સાથે વિદેશી નાગરિકની ધરપકડ કરાઈ

। (એજન્સી) બેંગલુર, તા.૧૮ ।

એક વિદેશી નાગરિકની કથિત રીતે ડ્રગ્સ રેકેટ ચલાવવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે અને તેની પાસેથી અંદાજે ૨૪ કરોડ રૂપિયાની કિંમતના ૧૨ કિલોગ્રામ પ્રતિબંધિત એમડીએમએ ક્રિસ્ટલ ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતુ. બેંગલુરુ પોલીસે દાવો કર્યો હતો કે આ રાજ્યમાં બેંગલુરુ પોલીસની ક્રાઈમ બ્રાન્ચ યુનિટ દ્વારા ઝડપાયેલું સૌથી વધુ ડ્રગ્સ છે. પોલીસે જણાવ્યું હતું કે કેઆર પુરા પોલીસ સ્ટેશનની હદમાં ટીસી પાલ્યા વિસ્તારમાં રહેતી એક શંકાસ્પદ મહિલા અંગે વિશેષ જાણકારીના આધારે ધરપકડ કરવામાં આવી હતી. આ માહિતીના આધારે ૧૩ ડિસેમ્બરના રોજ સીસીબીની ટીમે તે સ્થળે દરોડા પાડ્યા હતા અને પ્રતિબંધિત ડ્રગના વેચાણમાં સામેલ વિદેશી મહિલાની ધરપકડ કરી હતી. બેંગલુરુ પોલીસ કમિશનર બી દયાનંદે જણાવ્યું હતું કે સીસીબી ટીમના નાર્કોટિક્સ કંટ્રોલ વિંગે એમડીએમએ ક્રિસ્ટલ ડ્રગ નેટવર્કને સફળતાપૂર્વક તોડ્યું હતું. તે એક આંતરરાષ્ટ્રીય નેટવર્ક છે. તેમણે ૧૨ કિલોગ્રામ શુદ્ધ સફેદ અને પીળા એમડીએમએને જપ્ત કર્યું હતું. જેની બજારમાં કિંમત આશરે ૨૪ કરોડ રૂપિયા છે. આ બેંગલુરુ અને કર્ણાટક રાજ્યની સૌથી મોટી જપ્તીઓમાંની એક છે.તેમણે કહ્યું કે સીસીબીની નાર્કોટિક્સ કંટ્રોલ વિંગને માહિતી મળી હતી કે કેઆર પુરમ પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળની ટીસી પાલ્યામાં રહેતી એક વિદેશી મહિલાએ આફ્રિકન નાગરિકોની જરૂરિયાતો પૂરી કરવા માટે ખાદ્યપદાર્થો અને કરિયાણા વેચતી દુકાન ખોલી છે.

### ૫૪ વર્ષીય યુવા નેતા બંધારણની નકલ લઈને ફર્યા કરે છે: અમિત શાહ

# કોંગ્રેસે બંધારણમાં ૫૫ વર્ષમાં ૭૭, ભાજપે ૧૬ વર્ષમાં ૨૨ સુધારા કર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

રાજ્યસભામાં બંધારણ પરની ચર્ચા દરમિયાન કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પર ગર્ભિત હુમલા કરતાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે પોતાને 'યુવા' કહેતા ૫૪ વર્ષના એક નેતા બંધારણની નકલ લઈને ફરતા રહે છે અને દાવો કરે છે કે સરકાર બંધારણ બદલી નાંખશે. પરંતુ બંધારણમાં સુધારો કરવાની જોગવાઈ બંધારણમાં પણ છે. કોંગ્રેસ હારી ગઈ, કારણ કે લોકોએ શોધી કાઢ્યું હતું કે કોંગ્રેસના નેતા બંધારણની નકલી કોપી લઈને ફરી રહ્યાં છે. અમિત શાહે જણાવ્યું હતું કે ભાજપે દેશમાં ૧૬ વર્ષ શાસન કર્યું છે અને બંધારણમાં ૨૨ સુધારા કર્યા છે, જ્યારે કોંગ્રેસે ૫૫ વર્ષ રાજ કર્યું છે અને બંધારણમાં ૭૭ સુધારા કર્યા છે. આમ ભાજપ કરતાં કોંગ્રેસે બંધારણમાં વધુ સુધારા કર્યા છે. અભિવ્યક્તિની સ્વતંત્રતા પર કાપ મૂકવા કોંગ્રેસે પ્રથમ બંધારણીય સુધારો કર્યો હોવાનો દાવો કરીને ગૃહપ્રધાને જણાવ્યું હતું કે બંધારણમાં પ્રથમ સુધારો ૧૮ જૂન, ૧૯૫૧એ કરવામાં આવ્યો હતો. બંધારણની રચના પછી કોંગ્રેસ પાસે સત્તા પર જતા પહેલા લોકસભાની ચૂંટણીની રાહ જોવા માટે પૂરતી ધીરજ ન હતી. વાણી સ્વાતંત્ર્યને ઘટાડવા માટે કલમ ૧૯છ ઉમેરવામાં આવી



હતી અને તે સમયે જવાહર લાલ નેહરુ વડાપ્રધાન હતાં. ૨૪મો સુધારો તેમની પુત્રી ઈન્દિરા ગાંધીએ કર્યો હતો. ૨૪ નવેમ્બર, ૧૯૭૧ના રોજ સંસદને નાગરિકોના મૂળભૂત હકોમાં કાપ મૂકવાનો અધિકાર આપવામાં આવ્યો હતો.કોંગ્રેસ પર પ્રહાર કરતાં અમિત શાહે જણાવ્યું હતું કે મોહબ્બત કી દુકાનના ઘણા નારા સાંભળ્યા છે. દરેક ગામમાં દુકાન ખોલવાની મહત્વાકાંક્ષા ધરાવતા લોકોના ઘણા ભાષણો પણ મેં સાંભળ્યા છે. મોહબ્બત એ વેચવાની વસ્તુ નથી. મોહબ્બત એ લાગણી છે, અનુભવવા જેવી વસ્તુ છે. કોંગ્રેસ બંધારણનું સન્માન કેમ નથી કરતી?

### મોસ્કોમાં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં રશિયાના જનરલ ઇગોર કિરિલોવનું મોત થયું

। (એજન્સી) મોસ્કો (રશિયા) તા.૧૮ ।

રશિયાની રાજધાની મોસ્કો એક પ્રચંડ બોમ્બ બ્લાસ્ટથી હચમચી ઉઠ્યું હતું. આ વિસ્ફોટમાં રશિયન સેનાના એક ઉચ્ચ રેંકિંગ જનરલ અને તેમના સહાયકનું મોત થયું છે. ઉચ્ચ કક્ષાના અધિકારીના મૃત્યુને રશિયા માટે યુક્રેન સાથેના યુદ્ધ સમયે મોટી ખોટ તરીકે જોવામાં આવી રહ્યું છે. રશિયાની તપાસ સમિતિએ જણાવ્યું કે, ન્યુક્લિયર, બાયોલોજિકલ, કેમિકલ ડિફેન્સ ફોર્સ (NBC)ના ચીફ લેફ્ટનન્ટ જનરલ ઈગોર કિરિલોવ મંગળવારે સવારે નિવાસસ્થાનમાંથી બહાર નીકળી રહ્યા હતા ત્યારે સ્કૂટરમાં છુપાયેલો બોમ્બ વિસ્ફોટ થયો હતો, જેમાં તેમનું મોત થયું હતું. વિસ્ફોટ બાદ લેવામાં આવેલી તસવીરોમાં ઈમારતનો દરવાજો ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત જોઈ શકાય છે. આ ઉપરાંત આજુબાજુની બારીઓના કાચ પણ તૂટી ગયા હતા અને બે બોડી બેગ પણ રાખવામાં આવી હતી. બ્રિટને ઓક્ટોબરમાં કિરિલોવ પર પ્રતિબંધો લાદ્યા હતા. યુક્રેનમાં રાસાયણિક શસ્ત્રોના ઉપયોગ પર નજર રાખી હતી અને ક્રેમલિન પ્રચાર માટે એક મહત્વપૂર્ણ મુખપત્ર તરીકે કામ કર્યું હોવાનું કહીને બ્રિટને પ્રતિબંધો લાદ્યા હતા. સોમવારે યુક્રેનની ગુપ્તચર એજન્સી SBUએ પણ તેના પર આરોપ લગાવ્યો અને ટેલિગ્રામ પર કહ્યું કે તે પ્રતિબંધિત રાસાયણિક હથિયારોના મોટા પાયે ઉપયોગ માટે જવાબદાર છે. મોસ્કો પોલીસ અને તપાસકર્તાઓએ આ ઘટનાને આયોજનબદ્ધ હત્યા ગણાવી છે. મોસ્કોના દક્ષિણ-પૂર્વમાં રહેણાંક વિસ્તારમાં વિસ્ફોટ થયો હતો. આ બોમ્બ ઇલેક્ટ્રિક સ્કૂટરમાં મૂકવામાં આવ્યો હતો, જેમાં લગભગ ૨૦૦ ગ્રામ દ્રનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વિસ્ફોટમાં જનરલ કિરિલોવ અને તેમના સહાયકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. રશિયન તપાસ સમિતિએ આ ઘટના અંગે હત્યાનો કેસ નોંધ્યો છે અને તપાસ ઝડપી ગતિએ ચાલી રહી છે. પોલીસે કેમેરાના ફૂટેજ કબજે કરી શકમંદોની શોધખોળ હાથ ધરી છે. લેફ્ટનન્ટ જનરલ ઈગોર કિરીલોવ ૫૪ વર્ષના હતા.

### તાંત્રિક નવલે અને તેના મળતિયાઓએ ભેગા મળીને વઢવાણમાં રેહતી નગમા નામની મહિલાની હત્યા કરી હતી

# મોરબીઃ સિરિયલ કિલર તાંત્રિક ભુવાની પત્ની-ભત્રીજાની ધરપકડ

। (એજન્સી) મોરબી, તા.૧૮ ।

સિરિયલ કિલર તાંત્રિક ભુવાની પત્ની અને ભત્રીજાની ધરપકડ, માનવ કંકાલ મળતા પોલીસની મોટી કાર્યવાહીમોરબી જિલ્લાના વાંકાનેર પાસે જમીનમાં ખાડો ખોદતા માનવ કંકાલ મળવા મામલે પોલીસે કાર્યવાહી કરી છે. ૧૨ હત્યા કરનારા સિરિયલ કિલર ભુવા નવલસિંહની પત્ની સોનલબેન ચાવડા અને ભત્રીજા શક્તિરાજ ભરતભાઈ ચાવડાની પોલીસે ધરપકડ કરી છે. તાંત્રિક નવલસિંહ ચાવડાએ પ્રેમિકા નગમાની હત્યા કરીને લાશ દાટી દીધી હતી. આરોપી સોનલબેને નવલસિંહની સાથે રહી હત્યાના પુરાવાનો નાશ કર્યો અને ભત્રીજા શક્તિરાજે મૃતદેહ દાટવા ખાડો ખોદી આપ્યો હોવાનો ખુલાસો થયો હતો. જે બાદ વાંકાનેર પોલીસે કાર્યવાહી કરતા બંને શખ્સોની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. અમદાવાદમાં સરખેજ પોલીસે પકડેલા સિરિયલ કિલર તાંત્રિક નવલસિંહ ચાવડાએ પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે તેણે ૩ વર્ષમાં પરિવારના ૩ સભ્યો સહિત કુલ ૧૨ લોકોની હત્યા કરી છે. સરખેજ પોલીસે આ ૧૨ હત્યાના કેસોમાં સંબંધિત પોલીસ સ્ટેશનોને જાણ કરી તપાસ કરવા કહ્યું છે. આ ૧૨ હત્યાઓમાં એક હત્યા નગમા નામની યુવતીની પણ કરી હતી. તાંત્રિક નવલે વઢવાણમાં





નગમાની હત્યા કરી મૃતદેહના ટુકડા કરીને વાંકાનેરમાં દાટી દીધા હતા. વાંકાનેર પોલીસે નગમામાં મૃતદેહના અવશેષો શોધી કાઢ્યા છે. સરખેજ પોલીસ અને વાંકાનેર પોલીસે નગમાનો મૃતદેહ શોધી કાઢવા વાંકાનેરના ધમલપર ફાટક નજીક ખોદકામ ચાલુ કર્યું હતું. આ ખોદકામ દરમિયાન નગમાના મૃતદેહના અવશેષો અલગ અલગ મળી આવ્યાં હતા. આ તમામ અવશેષો પ્લાસ્ટિકના અલગ અલગ કોથળામાં પેક કરેલા હતા. મળેલા અવશેષોમાં એક હાથ ગાયબ હતો. આ હાથને શોધવા પોલીસ કામે લાગી છે. તાંત્રિક નવલે અને તેના મળતિયાઓએ ભેગા મળીને વઢવાણમાં રેહતી નગમા નામની મહિલાનીહત્યાકરીહતી. આરોપીઓએ નગમાના મૃતદેહના ટુકડા કરીને વાંકાનેરમાં નાખી દીધા હતા. તાંત્રિક નવલે કરેલી આ કબૂલાતના આધારે સરખેજ પોલીસે વઢવાણ પોલીસ અને વાંકાનેર પોલીસને તપાસ કરવા પત્ર લખી જાણ કરી હતી. પરંતુ હદની બાબતને લઈને વઢવાણ પોલીસ અને વાંકાનેર પોલીસ સરખેજ પોલીસની મદદ ન કરી હોવાનું સામે આવ્યું હતું. નગમાનો મૃતદેહ શોધવા માટે વઢવાણ પોલીસ અને વાંકાનેર પોલીસે હદનો વિવાદ ઊભો કર્યો હતો. આખરે સરખેજ પોલીસ ખુદ વાંકાનેર પહોંચતા વાંકાનેર પોલીસ પણ નગમાનો મૃતદેહ શોધવા તપાસમાં જોડાઈ હતી.




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

તારીખ ૧૮/૧૨/૨૦૨૪ બુધવારના રોજ સ્વ. શ્રી બાપુલાલજીની પુણ્યતિથિ નિમિતે વસંત મસાલા પ્રાઈવેટ લિમિટેડ, ઝાલોદ તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દાહોદના સંયુક્ત ઉપક્રમે સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન કરેલ હતું. જેમાં વસંત મસાલા ફેક્ટરિના સ્ટાફ મિત્રોએઆ મહાદાન કર્યું હતું.

# ગુજરાતમાં ઔદ્યોગિક વસાહતોને જમીન ફાળવણી કરવાની નીતિમાં સુધારો કરાયો

## GIDCને ઉદ્યોગ-ખાણ વિભાગે વર્ગીકરણ કરેલી 3 કેટેગરીમાં જમીન ફાળવવામાં આવશેઃ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૮ ।

ગુજરાતમાં ઔદ્યોગિક વસાહતોને જમીન ફાળવણી કરવાની નીતિમાં સુધારો કરવામાં આવ્યો છે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે પ્રેસ-મીડિયાને વિગતો આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સહિતના તમામ ઉદ્યોગોના હિતમાં રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમને ઔદ્યોગિક વસાહત માટે જમીન ફાળવણી કરવાની નીતિમાં જરૂરી સુધારો કરીને, GIDCમાં ઉદ્યોગોને જમીન ફાળવવાની પ્રક્રિયાને વધુ સરળ બનાવવામાં આવી છે.

પ્રવક્તા મંત્રીએ વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યની ઔદ્યોગિક વસાહતો માટે સરકારી પડતર જમીન GIDCને તબદીલ કરવામાં આવે છે અને GIDC દ્વારા આ જમીન ઉદ્યોગોને ફાળવવામાં આવે છે. હાલની પદ્ધતિ અનુસાર જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતા હેઠળની કમિટી દ્વારા સરકારી જમીનના ભાવ નક્કી કરવામાં આવે છે. ત્યારબાદ નક્કી થયેલા ભાવે પડતર જમીન GIDCને ફાળવવામાં આવે છે. આ પ્રક્રિયા બાદ ઘણા કિસ્સામાં જમીનના દર હયાત દર કરતા વધુ થતા હોવાનું ધ્યાને આવ્યું હતું. આવી તમામ સમસ્યાઓના નિકાલ માટે ગુજરાત સરકારે જમીન ફાળવવાની આ પ્રક્રિયાને વધુ સરળ બનાવી છે. હવે ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત ઉદ્યોગ અને ખાણ વિભાગે કરેલા વર્ગીકરણ પ્રમાણે કુલ ૩ કેટેગરીમાં GIDCને સરકારી પડતર જમીન ફાળવવામાં આવશે. જે મુજબ કેટેગરી-૧માં સમાવિષ્ટ ૧૧૯ તાલુકાની લઘુ વિકસિત GIDCને પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રીના દરે જ જમીન ફાળવવામાં આવશે. આ ઉપરાંત કેટેગરી-૨માં સમાવિષ્ટ ૭૬ તાલુકાની મધ્યમ વિકસિત GIDCને પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રીના ૧૨૫ ટકા દરે, જ્યારે કેટેગરી-૩માં સમાવિષ્ટ ૫૬ તાલુકાની વિકસિત GIDCને પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રીના ૧૫૦ ટકા દરે જમીન ફાળવવામાં આવશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયના પરિણામે ઔદ્યોગિક વસાહત માટે સરકારી પડતર જમીન ફાળવવા માટેની પ્રક્રિયા વધુ સરળ બનશે, સમયનો વ્યય અટકશે તેમજ તમામ GIDC વચ્ચે જમીન ફાળવણી અને તેના વિકાસની સમાનતામાં પણ વધારો થશે. ખાસ કરીને MSME ઉદ્યોગકારોને અને રોકાણકારોને પણ આ નિર્ણયથી વધુ સુગમતા થશે. ઉદ્યોગકારોની રોકાણ કરવા માટેની કેટલીક દુવિધાઓ અને અનિશ્ચિતાઓ પણ દૂર થશે.

# પાટણ યુનિવર્સિટી-માં વિરોધ પ્રદર્શનનો ઉહાપોહ, ધારાસભ્યના પુત્ર સહિત ટોળા સામે ફરિયાદ

। (એજન્સી) પાટણ, તા.૧૮ ।

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ધારાસભ્ય અને તેમના પુત્ર તેમજ તેમના સર્મથકો દ્વારા વિવિધ મુદ્દે વિરોધ પ્રદર્શન કરાયું હતું. HNGUમાં પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ અને પાટણ જિલ્લા NSUIના સભ્યોએ તેમની કેટલીક માંગોને લઈને ભૂખ હડતાળ કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિરોધને પગલે યુનિવર્સિટીમાં અનેક સ્થાનો પર વધુ હંગામો થયો હતો. સ્થિતિ વણસતાં શહેરના બી ડિવિઝનના પોલીસ સ્ટેશનના પીઆઈ દ્વારા ધારાસભ્ય અને તેમના પુત્ર સહિત ટોળા સામે ફરિયાદ દાખલ કરવામાં આવી. HNGUમાં ભૂખ હડતાળ વિરોધ પ્રદર્શનને લઈને પોલીસ જ ફરિયાદી બની. અને MLA કિરીટ પટેલ અને તેમના પુત્ર સહિત ૧૪ સામે નામજોગ તથા ૨૦૦ના ટોળા સામે ફરિયાદ નોંધાવી. આ મામલમાં આજે ૧૧ લોકોની અટકાયત કરવામાં આવી. જો કે ધારાસભ્ય કિરિટ પટેલ અને તેમના પુત્ર તેમજ NSUIના આગેવાનો હજુ પણ પોલીસ સમક્ષ હાજર થયા નથી. પોલીસ વિરોધ પ્રદર્શન કરનાર ૫૦ લોકોની ઓળખ પરેડ કરી છે. અને તમામ શંકાસ્પદ શખ્સોને પોલીસ સ્ટેશનમાં હાજર થવા નોટિસ મોકલી છે.આ મહિનામાં ૧૬ તારીખના રોજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં એનએસયુઆઈ અને કોંગ્રેસના આગેવાન અને કાર્યકરો દ્વારા ભૂખ હડતાળનું વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અને આ વિરોધ પ્રદર્શન કરવા માટે કોઈપણ પ્રકારની મંજૂરી લેવામાં ના આવતા પોલીસ ધારાસભ્યથી લઈને હાજર રહેલ ૨૦૦ના ટોળા સામે ફરિયાદ નોંધી. વિરોધ પ્રદર્શન કરી રહેલા તત્ત્વો દ્વારા પોલીસ સાથે ગેરવર્તન કરવામાં આવ્યું હતું. ટોળાને શાંત કરવા આવેલ પોલીસ સાથે ઝપાઝપી થતા મામલો વધુ વણસી ગયો હતો.

### બટાટાની કિંમત પણ આકાશને આંબી રહી છે

# ડુંગળીએ રડાવ્યા બાદ બટાટાના ભાવ કરી રહ્યા છે મધ્યમવર્ગને પરેશાન

## બજારમાં તેનો છૂટક ભાવ ૫૦ થી ૬૦ રૂપિયા પ્રતિ કિલો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

આજકાલ શાકભાજીના ભાવમાં વધારાને કારણે દરેક ઘર મોંઘવારીનો સામનો કરી રહ્યું છે. પહેલા દેશમાં ડુંગળીના ભાવે લોકોને રડાવ્યા હતા હતા, પરંતુ હવે બટાટાની કિંમત પણ આકાશને આંબી રહી છે. આનાથી સામાન્ય લોકોના ખિસ્સાને અસર થઈ રહી છે.

બટાટા લગભગ દરેક ઘરે બનાવેલી શાકભાજીનો એક મહત્વપૂર્ણ ભાગ છે. બટાટાની કિંમતમાં વધારાએ લોકોના રસોડાનું બજેટ ખોરવી નાંખ્યું છે છે. શાકભાજીના વધતા ભાવથી લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. ઉપરાંત ખાદ્ય તેલના ભાવમાં પણ વધારો થવા લાગ્યો છે. ડુંગળીનો છૂટક ભાવ ૫૦ રૂપિયાથી વધીને ૬૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે. નવેમ્બરમાં ચાર વર્ષની ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ ડિસેમ્બરમાં બટાટાની કિંમતોમાં સતત વધારો થઈ રહ્યો છે. ગ્રાહક બાબતોના મંત્રાલયના આંકડા અનુસાર ડિસેમ્બરમાં બટાકાની કિંમત ૩૭.૫૯ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગઈ છે.

જો કે, બજારમાં તેનો છૂટક ભાવ ૫૦ થી ૬૦ રૂપિયા પ્રતિ કિલો છે. ભાવ વધારા પાછળ અનેક કારણો જવાબદાર છે. ક્રિસિલ માર્કેટ ઈન્ટેલિજન્સ એન્ડ એનાલિટિક્સ (રિસર્ચ) ના ડિરેક્ટર પુશન શર્માના જણાવ્યા અનુસાર માર્ચમાં ભારે વરસાદને કારણે પશ્ચિમ બંગાળમાં બટાટાના પાકને થયેલા નુકસાનને કારણે ભાવમાં વધારો થયો છે. ઓછી આવક અને ઓછી ઉપજને કારણે કોલ્ડ સ્ટોરેજ સ્ટોકમાં ઘટાડો થયો હતો, જેના કારણે બટાટાના ભાવમાં ગયા વર્ષના નીચા આધારથી વર્ષ-દર-વર્ષે તીવ્ર વધારો થયો છે.

### ગુજરાતના ખેડૂતોની શિયાળુ પાકની ચિંતા થઈ દૂર

# રાજ્ય સરકાર પૂરતા પ્રમાણમાં સિંચાઈ માટે પાણી પૂરું પાડશે

## હાલ ગુજરાતના તમામ જળાશયોમાં પાણીનો પૂરતો જથ્થો

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૮ ।

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે પ્રેસ-મીડિયાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના ખેડૂતો નિશ્ચિંત થઈને શિયાળુ પાકોનું વાવેતર કરી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને પૂરતા પ્રમાણમાં સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ કરાવવામાં આવશે. હાલ ગુજરાતના તમામ જળાશયોમાં પાણીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં ચર્ચાયેલા મુદ્દાઓ અંગે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે વિગતવાર માહિતી આપી હતી. તેમણે આ સંદર્ભે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ચાલુ વર્ષ ૨૦૨૪ દરમિયાન થયેલા સાર્વત્રિક વરસાદના પરિણામે સરદાર સરોવર સહિત રાજ્યના મુખ્ય ૨૦૭ જળાશયોમાં પાણીની મબલખ આવક થઈ છે. હાલ ગુજરાતના ૨૦૭ જળાશયની કુલ સંગ્રહ ક્ષમતા સામે ૮૮ ટકા જેટલો એટલે કે, ૭.૮૫ લાખ MCFTથી વધુ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે, જે ગત વર્ષની સરખામણીએ ૪ ટકા વધુ છે. વિસ્તારવાર જોઈએ તો, ઉત્તર ગુજરાતના જળાશયોમાં ૬૫ ટકા, મધ્ય ગુજરાતના જળાશયોમાં ૯૨ ટકા, દક્ષિણ ગુજરાતના જળાશયોમાં ૯૧ ટકા, સૌરાષ્ટ્રના જળાશયોમાં ૮૬ ટકા અને કચ્છના જળાશયોમાં ૬૨ ટકા જેટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર જળાશયમાં પણ ૯૦ ટકા જેટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યના જળાશયોની પરિસ્થિતિને ધ્યાને લેતા સિંચાઈ માટે પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ હોવાથી ખેડૂતોને શિયાળુ પાકના વાવેતરમાં સુગમતા રહેશે, તેમ પ્રવક્તા મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું.

### પર્યાવરણની દૃષ્ટિએ આશીર્વાદ સમાન પુનઃપ્રાપ્ય ઊર્જાનો વ્યાપ વધ્યો

# બનાસકાંઠા જિલ્લાનું મસાલી દેશનું પ્રથમ સરહદી સોલાર વીલેજ બન્યું

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૮ ।

રિન્યુએબલ એનર્જીનો ઉપયોગ કરી દેશને ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા અપાવવા અને સસ્ટેનેબલ ફ્યૂચરના ધ્યેયને પરિપૂર્ણ કરવા કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સહિયારા પ્રયાસના ભાગરૂપે ગુજરાતમાં પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પી.એમ.સૂર્યઘર મફત વીજળી યોજના અમલી છે. જે અંતર્ગત રહેણાંક અને ઔદ્યોગિક એકમોમાં સોલાર પેનલો દ્વારા સૌર ઉર્જાનો ઘર વપરાશના ઈલેક્ટ્રિક સંસાધનો માટે ઉપયોગ તેમજ વધારાની વીજળીનું વેચાણ પણ કરી શકાય છે. ગુજરાત સરકાર અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યના નાગરિકોને ઓછી કિંમતમાં વૈકલ્પિક ઊર્જા ઉપલબ્ધ થાય તથા પર્યાવરણની દૃષ્ટિએ આશીર્વાદ સમાન પુનઃપ્રાપ્ય ઊર્જાનો વ્યાપ વધારવા અનેક પ્રયત્નો કર્યા છે. બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર અને કલેકટર મિહિર પટેલ દ્વારા રાજ્ય સરકારની આ યોજનાનો વ્યાપ વધારતા સરહદી જિલ્લા બનાસકાંઠાએ દેશનું પ્રથમ સરહદી સોલાર વિલેજ તરીકેનું બહુમાન સુઈગામ તાલુકાના મસાલી ગામને અપાવ્યું છે. કુલ ૮૦૦ની વસ્તી ધરાવતું મસાલી ગામ પાકિસ્તાન બોર્ડરથી ૪૦ કિલોમીટરના અંતરે આવેલું છે. જિલ્લા વહીવટી તંત્રના પ્રયત્નોથી આ ગામ સંપૂર્ણ સોલાર આધારિત ગામ બન્યું છે. ગામના કુલ ૧૧૯ ઘર પર સોલાર રૂફટોપ લગાવવામાં આવ્યા છે. રેવન્યુ વિભાગ, યુ.જી.વી.સી.એલ, બેંક અને સોલાર કંપનીના સહયોગથી ૧ કરોડ ૧૬ લાખનો સંપૂર્ણ પ્રોજેક્ટ સ્થાપિત કરાયો હતો. જેમાં પી.એમ. સૂર્યઘર યોજના અંતર્ગત ૫૯.૮૧ લાખની સબસિડી, ૨૦.૫૨ લાખ રૂપિયાનો લોકફાળો અને ૩૫.૬૭ લાખ સી.એસ.આર થકી પ્રોજેક્ટ અમલી બનાવ્યો છે. આજે અહીં ૧૧૯ ઘરોમાં કુલ ૨૨૫.૫ કિલોવોટ વીજળી પ્રાપ્ત થાય છે જે દરેક ઘરની જરૂરિયાત કરતા વધારે છે. રાજ્ય સરકારના બોર્ડર પર આવેલા ગામોમાં ૨૪ કલાક વીજળી મળી રહે તે હેતુથી જિલ્લા કલેકટર મિહિર પટેલના અધ્યક્ષસ્થાને આ માટે કમિટી બનાવવામાં આવી છે. બોર્ડર ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત સરહદી વાવ તાલુકાના ૧૧ અને સુઈગામ તાલુકાના ૦૬ કુલ મળીને ૧૭ ગામોને સંપૂર્ણ સોલાર વીલેજ બનાવવા તંત્ર તરફથી પહેલ કરવામાં આવી છે જે અંતર્ગત મસાલી ગામમાં કામ પૂર્ણ કરાયું છે. આ અંગે જિલ્લા કલેક્ટર મિહિર પટેલ જણાવે છે કે, બનાસકાંઠા જિલ્લા માટે ગૌરવ અને આનંદની વાત છે કે, રાજ્યનું મોઢેરા પછી બીજું અને દેશનું સરહદી વિસ્તાર અંતર્ગત પ્રથમ સોલાર ગામનું બિરુદ સુઈગામના મસાલીને મળ્યું છે.

### આધુનિક યુગમાં સાયબર ફ્રોડની ઘટનાઓ વધી રહી છે

# સાયબર ગઠિયાઓએ શાળાના ટ્રસ્ટીને ૨ કલાક કર્યા ડિજિટલ અરેસ્ટ

## સાયબર ગઠિયાઓ દ્વારા સ્કૂલના ટ્રસ્ટીને બે કલાક સુધી ડિજિટલ અરેસ્ટ રાખ્યા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદની એક સ્કૂલના ટ્રસ્ટી ડિજિટલ અરેસ્ટનો શિકાર બન્યા હોવાની ઘટના સામે આવી છે. સાયબર ગઠિયાઓ દ્વારા સ્કૂલના ટ્રસ્ટીને બે કલાક સુધી ડિજિટલ અરેસ્ટ રાખ્યા હતા. જોકે સમગ્ર પ્રક્રિયા દરમિયાન સ્કૂલના ટ્રસ્ટીને પોતે ડિજિટલ અરેસ્ટ થયા હોવાનો ખ્યાલ આવી જતા તેમણે પોતાની સુજબુજથી સ્થાનિક પોલીસનો સંપર્ક કર્યો અને સ્થાનિક પોલીસે પણ તાત્કાલિક ટ્રસ્ટી પાસે પહોંચી તેમને સાયબર ગઠિયાઓની જાળમાંથી મુક્ત કરાવ્યા. આધુનિક યુગમાં સાયબર ફ્રોડની ઘટનાઓ વધી રહી છે. સાયબર ગઠિયાઓ અલગ અલગ બહાના થતી લોકો સાથે છેતરપિંડી કરી ડરાવી ધમકાવી રૂપિયા પડાવતા હોય છે. હાલમાં જ સાયબર ગઠિયાઓ દ્વારા લોકોને ડિજિટલ અરેસ્ટના નામે ડરાવી તેમની પાસેથી રૂપિયા પડાવતા હોવાના કિસ્સાઓ વધી રહ્યા છે. આવો જ એક કિસ્સો અમદાવાદમાં સામે આવ્યો છે.

અમદાવાદનાં ખોડા ગામની સ્વસ્તિક હાઈસ્કૂલના ટ્રસ્ટી મુકેશભાઈની થોડા દિવસ પહેલા ઈન્ટરનેશનલ નંબર પરથી એક ફોન આવ્યો હતો. જેમાં તેમની ઓળખાણ ટ્રાયના કર્મચારી તરીકેની આપી હતી અને મુકેશભાઈના મોબાઈલ નંબર ઉપરથી બ્લેકમેલિંગ અને ફાઈનાન્સિયલ ફ્રોડ થયું છે તેવું જણાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત ટ્રાયના કર્મચારીએ એક મોબાઈલ નંબર આપ્યો હતો. જે મુકેશભાઈનાં નામે રજીસ્ટર થયેલો છે તેમ પણ જણાવ્યું હતું અને જો તે મોબાઈલ નંબર મુકેશભાઈ ઉપયોગ કરતા ન હોય તો બે કલાકની અંદર ક્લિયરન્સ સર્ટિફિકેટ મોકલી આપવા પણ જણાવ્યું હતું. જો આવું નહીં કરે તો તેમનો આધારકાર્ડ તેમજ મોબાઈલ નંબર કાયમી માટે રદ થઈ જશે તેવું જણાવ્યું હતું. મુકેશભાઈ દ્વારા આવા કોઈ નંબરનો ઉપયોગ કરવામાં આવ્યો ન હોવાનું કહેતા ટ્રાયના કર્મચારીએ કોઈ પોલીસ અધિકારીને તેમનો ફોન ડાયવર્ટ કર્યો હતો. જેમાં વીડિયોકોલ થકી પોલીસ અધિકારીએ મુકેશભાઈને જણાવ્યું હતું કે મુંબઈની કેનેરા બેંકમાં તેમના આધારકાર્ડથી ખાતું ખોલાવેલું છે અને તેમાંથી મની લોન્ડરિંગનો કેસ થયેલો છે, તેની ખરાઈ કરવા તેમણે બે કલાકમાં મુંબઈ પોલીસ સ્ટેશન પહોંચવું પડશે, પરંતુ મુકેશભાઈ ગુજરાત રહેતા હોવાનું જણાવતા અધિકારીએ તેમને ઓનલાઈન નિવેદન લખાવવા માટે કહ્યું હતું. મુકેશભાઈને પોલીસ અધિકારી દ્વારા સુપ્રીમ કોર્ટના ઓર્ડર પણ બતાવવામાં આવ્યા હતા. જોકે સુપ્રીમ કોર્ટના ઓર્ડર જોતા મુકેશભાઈને શંકા ગઈ હતી, તેમજ બે કલાકની વાતચીત દરમિયાન મુકેશભાઈને વધુ શંકા જતા તેણે વોશરૂમ જવાનું બહાનું કાઢી તેમના કર્મચારીને એક ચિઠ્ઠીમાં સ્થાનિક પોલીસનો સંપર્ક કરી બોલાવવા માટે જણાવ્યું હતું. જેથી તાત્કાલિક સાણંદ જીઆઈડીસીની પોલીસ ટીમ મુકેશભાઈ પાસે પહોંચતા સમગ્ર ઘટના સામે આવી હતી.

### સિવિલ હોસ્પિટલમાં ભૂવાના તંત્ર મંત્ર

# ICU રુમમાં તબીબો અને નર્સ સ્ટાફની હાજરીમાં ભૂવાએ કરી તાંત્રિક વિધિ

## ભૂવો તાંત્રિક વિધિ કરવા ICU સુધી પહોંચી જતા સિવિલ હોસ્પિટલની સિક્યુરિટી સામે સવાલો ઉભા થાય છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।



ગુજરાતમાં દિવસે દિવસે અંધશ્રદ્ધાની ઘટનાઓ સતત બહાર આવી રહી છે. ત્યારે ગુજરાતના અમદાવાદમાંથી પણ વધુ એક ભૂવાએ તાંત્રિકવિધિ કરી હોવાની ઘટના સામે આવી છે. સામાન્ય રીતે માણસ બીમાર થાય ત્યાર હોસ્પિટલમાં સારવાર કરાવવા જતા હોય છે. જો તબિયત વધારે ખરાબ હોય તેવી સ્થિતિમાં ICUમાં દર્દીને દાખલ કરવામાં આવે છે. જો કે અંધશ્રદ્ધાએ અહીં એટલી હદ વટાવી કે તંત્ર વિધિ કરવા ભૂવો ICU સુધી પહોંચી ગયો. દર્દીને કોઈ પણ પ્રકારનું ઈન્ફેકશન ન લાગે તેના માટે પરિવારજનોને પણ દર્દી પાસે જવા દેવામાં આવતા નથી. ત્યારે અમદાવાદની પ્રખ્યાત સિવિલ હોસ્પિટલના ICU ના રુમમાં જઈને ભૂવાએ તાંત્રિક વિધિ કરી હોવાની ઘટના સામે આવી છે. સામાન્ય રીતે આઈસીયુમાં દર્દીને મળવા જવા માટે પણ વધુ લોકોને પરવાનગી આપવામાં આવતી નથી. ત્યારે ભૂવો તાંત્રિક વિધિ કરવા ICU સુધી પહોંચી જતા સિવિલ હોસ્પિટલની સિક્યુરિટી સામે સવાલો ઉભા થાય છે.

ભૂવાએ હોસ્પિટલમાં પહોંચી દર્દી પર તાંત્રિક વિધિ કરી હતી. તબીબો અને નર્સ સ્ટાફની હાજરીમાં જ તાંત્રિક વિધિ કરી હતી. કડક સિક્યુરિટી વચ્ચે ભૂવો ICU સુધી કેવી રીતે પહોંચી તે મોટો સવાલ છે. જો કે સિવિલ હોસ્પિટલમાં વીડિયોગ્રાફીની મનાઈ હોવા છતા ભૂવાનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. સિક્યુરિટી ગાર્ડની પણ બેદરકારી સામે આવી છે. હોસ્પિટલનો સ્ટાફ શું કરી રહ્યો હતો જ્યારે તાંત્રિક વિધિ કરવામાં આવી આ પણ એક મોટો સવાલ છે.

### ભરૂચના સ્થાનિક વાહનોને ટોલમાંથી મુક્તિ આપવામાં આવી હતી

# ટોલટેક્સ વિરોધ : સ્થાનિક ટ્રાન્સપોર્ટ સંચાલકોનો ભરૂચ હાઈવે પર ચક્કાજામ

## વિરોધ અને ટ્રાફીક જામની જાણ થતાં સ્થાનિક પોલીસ અને ટોલ અધિકારીઓ દોડી આવ્યા હતા



। (એજન્સી) ભરૂચ, તા.૧૮ ।

ભરૂચમાં ટોલટેક્સના વિરોધમાં સ્થાનિક ટ્રાન્સપોર્ટ સંચાલકોએ હાઈવે પર ચક્કાજામ કર્યો હતો. જેને પગલે અધિકારીઓ દોડતા થઈ ગયા હતા. જેને પગલે વાહનોની લાંબી કતારો લાગી હતી. ભરૂચમાં નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલા મૂલડ ટોલ પ્લાઝા પર સ્થાનિક વાહન ચાલકો પાસેથી ટોલ વસુલવા આવતો હોવાની ફરિયાદ બાદ પણ કોઈપણ રકારની કાર્યવાહી કરવામાં ન આવતાં બુધવારે સ્થાનિક ટ્રાંસપોર્ટવાળાઓએ આક્રમક વલણ બતાવતાં હાઈવે પર જામ કર્યો હતો.

ભરૂચ નર્મદા નદી પર જ્યારે ટોલ વસૂલવાની શરૂઆત કરવામાં આવી હતી, ત્યારે ભરૂચના સ્થાનિક વાહનોને ટોલમાંથી મુક્તિ આપવામાં આવી હતી. પરંતુ ફાસ્ટટેગ સિસ્ટમ લાગૂ થયા બાદ ભરૂચના સ્થાનિક વાહનોના ટોલ ઓટોમેટિક કપાઈ જતા હતા. જેથી ભરૂચના સ્થાનિક વાહનો માટ અલગથી લેન તૈયાર કરવામાં આવી હતી, પરંતુ સમય જતાં આ લેનમાં પણ ફાસ્ટટેગ સિસ્ટમ એક્ટિવ કરી દેવામાં આવતાં ફરીથી સ્થાનિક વાહનોનો ટોલ કપાવવા લાગ્યો હતો. જેથી સ્થાનિક વાહન ચાલકોએ હોબાળો મચાવતાં ટોલ ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવી હતી.

પરંતુ હજુ સુધી ટોલ ટેક્સનો ઉકેલાયો ન હતો. ભરૂચ જિલ્લાની અલગ-અલગ કંપનીઓમાં કામ કરતા મજૂરો અને કામદારોના લઈ જવા લાવવા માટે ઉપયોગમાં લેવાતી લકઝરી બસો પાસેથી ટેક્સ વસૂલવામાં આવતો હોવાથી બુધવારે સ્થાનિક ટ્રાંસપોર્ટ સંચાલકો પોતાની લકઝરી મુલડ ટોલ પ્લાઝા પર ખડકી દીધી હતી. જેના લીધે વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી. વિરોધ અને ટ્રાફીક જામની જાણ થતાં સ્થાનિક પોલીસ અને ટોલ અધિકારીઓ દોડી આવ્યા હતા અને મામલો શાંત પાડવા માટે મથામણ કરી હતી.